દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 21 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 January 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શનિવાર, ૨૪ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦



વીકએન્ડ પૂર્તિ

કિશનની કમાલ, કિવીઓને ૧૬મી ઓવરમાં જ પછાડ્યા ૧૦

# મુંબઈમાં પ્રદૂષણ ઘટાડો નહીં તો સુધરાઈ કમિશનરનો પગાર અટકાવીશું: હાઈ



**તમે આટલાં વર્ષો શું કરી રહ્યા હતા? અમે દર વખતે પરિસ્થિતિનો તાગ મેળવવા માટે અહીં નથી બેઠા. મ્યુનિસિપલ કોર્પોરેશન ચલાવવાનું કોર્ટનું કામ નથી. – બૉમ્બે હાઈ કોર્ટ**

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે વાયુ પ્રદૂષણ ઘટાડવાના તેના આદેશોની અવગણના બદલ સુધરાઈના અધિકારીઓની ઝાટકણી કાઢી હતી અને નોંધ્યું હતું કે તેઓ પણ એ જ અશુદ્ધ હવા શ્વાસમાં લઈ રહ્યા છે અને કોઈ પરગ્રહ પર નથી રહેતા.

મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને ન્યાયાધીશ સુમન શ્યામની બેન્ચે મુંબઈ અને નવી મુંબઈ સુધરાઈના કમિશનરોને ચેતવણી આપી હતી કે જો તેઓ કોર્ટના આદેશોનું પાલન કરવામાં તથા વાયુ પ્રદૂષણ સુધારવાનાં પગલાં લેવામાં નિષ્ફળ જશે તો તેમનો પગાર અટકાવી દેવાશે.

વર્ષ ૨૦૨૩માં કોર્ટે વધતા વાયુ પ્રદૂષણ અંગે આપમેળે નોંધ લીધી હતી અને પાલિકાઓ અને અન્ય સત્તાવાળાઓને વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે પગલાં લેવા માટે અનેક નિર્દેશો આપ્યા હતા.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના વકીલ એસ. યુ. કામદારે કોર્ટને જણાવ્યું હતું કે સુધરાઈઓએ અનેક બાંધકામ સ્થળોએ કામ બંધ કરવાની નોટિસ જારી કરી છે અને ૬૦૦ સ્થળોએ જ્યાં હવા ગુણવત્તા મોનિટરની જરૂર હતી, તેમાંથી લગભગ ૪૦૦ સ્થળોએ ઉપકરણો સ્થાપિત કરવામાં આવ્યાં છે. જોકે, હાઈ કોર્ટ આ રજૂઆતથી સંતોષ થયો નહતો અને તેમણે નિર્દેશ કર્યો હતો કે આ બધી પ્રદૂષણ વિરોધી કાર્યવાહી ફક્ત કોર્ટના આદેશો અનુસાર જ કરવામાં આવી હતી. તમે આટલાં વર્ષો શું કરી રહ્યા હતા? અમે દર વખતે પરિસ્થિતિનો તાગ મેળવવા માટે અહીં નથી બેઠા.

મ્યુનિસિપલ કોર્પોરેશન ચલાવવાનું કોર્ટનું કામ નથી, એમ પણ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું.

કોર્ટે હવાના ગુણવત્તા દેખરેખ પરના ડેટાનો વિગતવાર અહેવાલ માગ્યો અને બીએમસીને નવેમ્બર ૨૦૨૫ પહેલાના ત્રણ મહિનાનો દૈનિક સેન્સર ડેટા સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો.

અમને આંકડા જોઈએ છે. તે સાચી વાત કહેશે, કોર્ટે જણાવ્યું.

કોર્ટે નોંધ્યું કે બીએમસી અને નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન બંને દ્વારા દાખલ કરાયેલા સોગંદનામામાં વોર્ડવાર વિગતોનો અભાવ હતો અને કહ્યું કે વાયુ પ્રદૂષણના મુદ્દાને ઉકેલવા માટે અધિકારીઓ તરફથી કોઈ સાચા અને અસરકારક પ્રયાસો થયા નથી.

કોર્ટે આ મામલાની વધુ સુનાવણી ૨૭ જાન્યુઆરીએ મુલતવી રાખી છે. (એજન્સી)■

## ઉત્તર ભારત કાતિલ ઠંડીમાં ઠૂંઠવાયું

### કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા: દિલ્હીમાં વરસાદ



**બરફની ચાદર:** મનાલીના હિમાચ્છાદિત મૉલ રોડ પરથી પસાર થતાં લોકો. હિમાચલ પ્રદેશ તેમ જ જમ્મુ અને કાશ્મીરમાં શુક્રવારે ભારે હિમવર્ષા અને વરસાદ થતાં દુષ્કાળનો ભય દૂર થયો હોવાનો દાવો કરાય છે. હિમવર્ષા અને વરસાદને લીધે દિલ્હી, ઉત્તર ભારત અને ઈશાન ભારતના અનેક રાજ્યોમાં તાપમાન ઘટ્યું હતું. (પીટીઆઇ)

નવી દિલ્હી: ઉત્તર ભારતમાં શુક્રવારે બરફ અને વરસાદનું ફરી આગમન થયું હતું. આકાશ કાળા વાદળોથી ઘેરાયેલું રહ્યું અને પહાડી વિસ્તારોમાં હિમવર્ષાને કારણે નજારો 'પિક્ચર પોસ્ટકાર્ડ' જેવો સફેદ અને મનોહર બની ગયો હતો. બીજી તરફ, મેદાની વિસ્તારોમાં સતત વરસાદને કારણે જનજીવન ખોરવાયું હતું. દિલ્હીમાં પ્રતિકૂળ હવામાન હોવા છતાં ગણતંત્ર દિવસની 'ફુલ ડ્રેસ રિહર્સલ' નિર્ધારિત કાર્યક્રમ મુજબ યોજાઈ હતી.

લાંબા સમયના શુષ્ક ગાળા બાદ થયેલા આ કમોસમી હિમવર્ષા અને વરસાદને કારણે તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો છે. આ ફેરફારથી અનેક વિસ્તારોના ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે, તો બીજી તરફ ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં લાંબા વીકેન્ડની રજાઓ ગાળવા આવેલા પ્રવાસીઓમાં આનંદની લહેર જોવા મળી રહી છે.

દિલ્હીમાં શુક્રવારે વર્ષનો પ્રથમ વરસાદ નોંધાયો હતો, જે છેલ્લા બે વર્ષમાં જાન્યુઆરી મહિનાનો અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદ છે. આ વરસાદને કારણે તાપમાનમાં તીવ્ર ઘટાડો થયો છે અને વધતા પ્રદૂષણ સ્તરમાંથી થોડી રાહત (જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પનું ટાર્ગેટ ઈરાન

### અમેરિકાનાં વિમાનવાહક સહિતનાં યુદ્ધજહાજોનો વિશાળ કાફલો ઈરાન તરફ આગળ વધી રહ્યો છે: અત્યાર સુધીમાં ૫,૦૦૨ દેખાવકારનાં મોતનો દાવો

### ટ્રમ્પ ૮૦૦ કેદીની ફાંસી અંગે જુઠ્ઠું બોલે છે: ઈરાન

તહેરાન: ઇરાને સ્પષ્ટતા કરી હતી કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઇરાનમાંના સરકાર-વિરોધી ૮૦૦ દેખાવકારોની ફાંસી અટકાવી હોવાનો દાવો કરે છે, તે ખોટો છે. ઇરાને શાસકોના વિરોધીઓને ફાંસી આપવાનો આવો કોઇ નિર્ણય જ નથી લીધો.

ઇરાનના એક અગ્રણી સરકારી વકીલ મોહમ્મદ મોવાહિતદીએ જણાવ્યું હતું કે ઇરાનનું ન્યાયતંત્ર કોઇ વિદેશી સત્તાના (જુઓ પાનું ૨) ▶▶

દુબઇ: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકાના લશ્કરના વિમાનવાહક જહાજ સહિતના યુદ્ધજહાજોનો કાફલો મધ્ય પૂર્વ, ખાસ કરીને ઇરાનની તરફ આગળ વધી રહ્યો છે.

ટ્રમ્પના આ નિવેદનને લીધે ઇરાન પરના અમેરિકાના હુમલાનો ભય ફરી ઊભો થયો છે.

દરમિયાન, ઇરાનમાં શાસકોની વિરુદ્ધ બે અઠવાડિયાં સુધી ચાલેલા પ્રદર્શનમાં ઓછામાં ઓછા ૫,૦૦૨ લોકો માર્યા ગયા હોવાનો દાવો કરાય છે. ઇરાનમાં ઇન્ટરનેટ સેવા બંધ કરાઇ હોવાથી અથવા બહુ જ ઓછી જગ્યાએ ચાલતી હોવાથી વિશ્વના અન્ય દેશોની સાથે ત્યાંના લોકો સંપર્ક સહેલાઇથી કરી નહિ શકતા હોવાનું કહેવાય છે.

અમેરિકાના લશ્કરે વિમાનવાહક જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન (જુઓ પાનું ૨) ▶▶

## જી-રામ-જી ધારા વિરુદ્ધ ઠરાવ રજૂ કરાયો

ચેન્નઈ: આ વર્ષે તમિળનાડુમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, વડાપ્રધાન મોદી પ્રચાર અભિયાનની શરૂઆત કરવા તમિલનાડુ પહોંચ્યા છે. સ્ટાલિને વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) (વીબી જી-રામ-જી ધારા)નો વિરોધ કરતો ઠરાવ રજૂ કર્યો હતો.

આ ઠરાવમાં સ્ટાલિને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) ને ફરી લાગુ કરવાની હાકલ કરી. ■

## રાહુલે અવગણના કરતા થરૂરનું ફટક્યું: મહત્ત્વની બેઠકમાં ગેરહાજર

નવી દિલ્હી: કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂર શુક્રવારે આગામી કેરળ ચૂંટણી માટે પાર્ટીની મુખ્ય રણનીતિ બેઠકમાં હાજર રહ્યા નહીં કારણ કે તેઓ તાજેતરના એક કાર્યક્રમમાં રાહુલ ગાંધી દ્વારા તેમની અવગણના અને રાજ્યના નેતાઓ દ્વારા તેમને હાંસિયામાં ધકેલી દેવાના વારંવાર પ્રયાસોથી નારાજ હોવાનું માનવામાં આવે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે શ્રેણીબદ્ધ ઘટનાઓને કારણે થરૂરને તેમની સાથે કરવામાં આવેલા વર્તનથી નિરાશા થઈ હતી, પરંતુ મુખ્ય મુદ્દો એ હતો કે ગાંધીએ ૧૯ જાન્યુઆરીએ કોચીમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના વિજેતાઓને સન્માનિત કરવા માટે આયોજિત 'મહાપંચાયત'માં તેમને અવગણ્યા હતા. ગાંધીએ સ્ટેજ પર હાજર અન્ય વરિષ્ઠ નેતાઓને આવકાર્યા અને તેમના નામ લીધા પરંતુ ચાર વખતના સાંસદ અને રાજ્યના ત્રણ કોંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્યોમાંથી એક થરૂરનો ઉલ્લેખ કર્યો નહીં, જે પણ મંચ પર હતા, તેવું સૂત્રોએ જણાવ્યું હતું. થરૂરના કાર્યાલયે જણાવ્યું હતું કે તેમણે કોઝિકોડમાં કેરળ સાહિત્ય મહોત્સવમાં તેમની અગાઉની પ્રતિબદ્ધતાઓને કારણે બેઠકમાં હાજરી આપવા માટે અસમર્થતા અંગે પાર્ટીને જાણ કરી હતી. જોકે, તેમના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ પક્ષ દ્વારા તેમની સાથે કરવામાં આવેલા વર્તનથી ખૂબ જ નારાજ છે. ■

## રૂપિયો ગબડ્યો, ચાંદી ઊંચકાઈ

### રૂપિયો ૯૨ની સપાટીને અડક્યો: શૅરબજારમાં રોકાણકારોના ૬.૯૬ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઇક્વિટી માર્કેટમાં એકધારી વેચવાલી સાથે ડોલર સામે રૂપિયાના ઝડપી અવમૂલ્યન સહિતના કારણોસર શેરબજાર, ફોરેક્સ અને બુલિયન માર્કેટમાં શુક્રવારે પણ અફડાતફડી ચાલુ રહી હતી.

ડોલર સામે રૂપિયો ૯૨ની સપાટીને સ્પર્શી ગયો હતો, જ્યારે ચાંદીમાં રૂ. ૧૭,૯૯૪ ઉછળી હતી જ્યારે શેરબજારમાં વેચવાલીનું દબાણ ચાલુ રહેતા સેન્સેક્સના લગભગ ૮૦૦ પોઇન્ટના ઘટાડા સાથે લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ.

(જુઓ પાનું ૨) ▶▶

## સબરીમાલાના સોના-ચોરોની ખેર નથી: મોદી કેરળમાં બોલ્યા



**મોદી શો:** કેરળના તિરુવનંતપુરમમાં શુક્રવારે રોડ શોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી (એજન્સી)

તિરુવનંતપુરમ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે અહીં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) જો કેરળ વિધાનસભાની ચૂંટણી જીતીને રાજ્યમાં સત્તા પર આવશે, તો સબરીમાલામાં ચોરાયેલા સોનાની સઘન તપાસ કરાવશે અને ચોરોને જેલની સજા કરાશે. આ મોદીની ગૅરન્ટી છે.

મોદીએ કેરળમાં નવી ટ્રેન સેવાને લીલી ઝંડી બતાવવાની સાથે અનેક વિકાસકાર્યનું ઉદ્ઘાટન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આખો દેશ ભગવાન અય્યપ્પામાં અતૂટ શ્રદ્ધા ધરાવે છે. આમ છતાં, રાજ્યમાંની એલડીએફ (જુઓ પાનું ૨) ▶▶

## ડીએમકે એટલે 'સીએમસી' (કરપ્શન, માફિયા, ક્રાઈમ): પીએમ તમિળનાડુમાં ગર્જ્યા

મદુરન્થકમ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે તમિળનાડુમાં એનડીએના ૨૦૨૬ના ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. આ દરમિયાન તેમણે ભ્રષ્ટાચાર સહિતના અનેક મુદ્દાઓ પર શાસક ડીએમકે પર આકરા પ્રહારો કર્યા હતા. વડા પ્રધાને દ્રવિડ પાર્ટી પર નિશાન સાધવા માટે નવું ટૂંકું નામ 'સીએમસી' બનાવ્યું હતું. વડા પ્રધાનના મત અનુસાર સીએમસીનો અર્થ કરપ્શન(ભ્રષ્ટાચાર), માફિયા અને ક્રાઇમ(અપરાધ) થાય છે. વડા પ્રધાને એઆઇએડીએમકે, એએમએમકે અને પીએમકે સહિત (જુઓ પાનું ૨) ▶▶

## કઠુઆમાં પાકિસ્તાની ત્રાસવાદી ઠાર મરાયો

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ: જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં સલામતી દળ સાથેની અથડામણમાં જૈશે મોહંમદના કમાંડર પાકિસ્તાની ત્રાસવાદી ઉસ્માન ઉર્ફે અબુ મિયાંને ઠાર મરાયો હતો.

કઠુઆના પરહેતર વિસ્તારના અંતરિયાળ ગામમાં સલામતી દળે આ ત્રાસવાદી કમાંડરને ઠાર માર્યો હતો અને એક એમ૪૦ ઑટોમેટિક રાઇફલ સહિત વિપુલ શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કર્યા હતાં.

જમ્મુ પોલીસના વડા ભીમસેન તુટીએ સોશ્યલ મીડિયા 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર પોલીસે લશ્કર અને કેન્દ્રીય અનામત પોલીસ દળના જવાનોની સાથે

(જુઓ પાનું ૨) ▶▶

## ભોજશાળા સંકુલમાં પૂજા કરાઇ અને નમાઝ પઢાઇ

ધાર: મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાંના ૧૧મી સદીના ભોજશાળા - કમાલ મૌલા મસ્જિદના સંકુલમાં વસંતપંચમી નિમિત્તે હિંદુઓએ પૂજા કરી હતી, જ્યારે મુસલમાનોએ જુમ્માની નમાઝ પઢી હતી. એક જ સંકુલમાં અલગ-અલગ સ્થળે પૂજા કરાઇ હતી અને નમાઝ પઢવામાં આવી હતી. ભારે સલામતી હેઠળ પરોઢિયે શરૂ થયેલી પૂજા સૂર્યાસ્ત સુધી ચાલી હતી. સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ મુસલમાનોએ નિર્ધારિત સ્થળે બપોરના એકથી ત્રણ વાગ્યા સુધી જુમ્માની નમાઝ પઢી હતી. ભોજશાળા - કમાલ મૌલા મસ્જિદના સંકુલમાં શુક્રવારે કોઇ અનિચ્છનીય બનાવ નહોતો બન્યો. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અંદાજે ૮,૦૦૦ પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનો ગોઠવાયા હતા.

સર્વોચ્ચ અદાલતે વસંતપંચમી અને જુમ્મો એક જ દિવસે હોવાથી આ સંકુલમાં હિંદુઓ અને મુસલમાનોની વચ્ચે અથડામણને ટાળવા પૂજા અને નમાઝ માટે અલગ-અલગ સમય ફાળવ્યા હતા.

હિંદુઓને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી પૂજા કરવાની અને મુસલમાનોને બપોરે એકથી ત્રણ વાગ્યા દરમિયાન નમાઝ પઢવાની પરવાનગી અપાઇ હતી. વસંતપંચમીની ઉજવણી કરવા શ્રદ્ધાળુઓ ભગવા ઝંડા, ફૂલો અને પૂજાની અન્ય સામગ્રીને લઇને ઐતિહાસિક સ્થળે મોટી સંખ્યામાં ભેગા થયા હતા.

ભોજ ઉત્સવ સમિતિએ દેવી સરસ્વતીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને વૈદિક મંત્રોચ્ચાર, હવન તેમ જ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીની 'અખંડ પૂજા' કરી હતી. વિવાદાસ્પદ સંકુલના દરેક સ્થળે સુરક્ષા દળના જવાનોએ ચાંપતી નજર રાખી હતી. પૂજા અને નમાઝમાં કોઇ વિઘ્ન નહિ આવ્યું હોવાનો દાવો કરાયો હતો. સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન અને સીસીટીવી કેમેરાથી પણ નજર રખાઇ હતી.

હિંદુઓ ભોજશાળાને દેવી સરસ્વતીનું મંદિર ગણે છે, જ્યારે મુસલમાનો તેને કમાલ મૌલાની મસ્જિદ માને છે. આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા આ ઐતિહાસિક સ્થળની જાળવણી કરી રહ્યું છે. (એજન્સી)■

## બૅંકિંગ ફ્રોડ પીઆઈએલ: અનિલ અંબાણી, એડીએજીને સુપ્રીમ કોર્ટની નોટિસ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે શુક્રવારે અનિલ અંબાણી અને અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (એડીએજી) ને એક પીઆઈએલ પર નવી નોટિસ ફટકારી છે જેમાં કંપની અને તેની ગ્રૂપ કંપનીઓ સાથે સંકળાયેલી કથિત મોટા પાયે બેંકિંગ અને કોર્પોરેટ છેતરપિંડીની કોર્ટ-નિરીક્ષણ હેઠળ તપાસની માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટ, સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા રજૂ કરાયેલ, કથિત છેતરપિંડીની તેમની ચાલી રહેલી તપાસ પર દસ દિવસમાં સીલબંધ કવરમાં સ્ટેટસ રિપોર્ટ ફાઇલ કરવા જણાવ્યું છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી બેન્ચે એ હકીકતની નોંધ લીધી હતી કે અનિલ અંબાણી અને એડીએજીને અરજદાર અને ભૂતપૂર્વ કેન્દ્રીય સચિવ ઇએએસ શર્મા દ્વારા દાખલ કરાયેલ પીઆઈએલની નોટિસ પહેલાથી જ બજાવવામાં આવી છે. ગયા વર્ષે ૧૮ નવેમ્બરના રોજ, બેન્ચે પીઆઈએલ પર કેન્દ્ર, સીબીઆઈ, ઇડી, અનિલ અંબાણી અને એડીએજીને નોટિસ ફટકારી હતી. પીઆઈએલમાં અનિલ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ એડીએજી ની અનેક સંસ્થાઓમાં જાહેર ભંડોળના વ્યવસ્થિત રીતે ડાયવર્ઝન, નાણાકીય નિવેદનોની બનાવટી બનાવટ અને સંસ્થાકીય સંડોવણીનો આરોપ મૂકવામાં આવ્યો છે. પીઆઈએલમાં કહેવામાં આવ્યું છે કે ૨૧ ઓગસ્ટના રોજ સીબીઆઈ દ્વારા નોંધાયેલ એફઆઈઆર, ઇડીની સંબંધિત કાર્યવાહી સાથે, કથિત છેતરપિંડીના માત્ર એક નાના ભાગને સંબોધિત કરે છે.બેન્ચે કહ્યું હતું કે તે અનિલ અંબાણી અને એડીએજીને આ કેસમાં હાજર રહેવા અને તેમના જવાબો દાખલ કરવા માટે છેલ્લી તક આપી રહી છે. ■

## અમદાવાદની અનેક સ્કૂલને ઉડાવી દેવાની ફરી ધમકી

### ઈમેઈલમાં મોદી-શાહને ખાલિસ્તાનના દુશ્મન ગણાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની કેટલીક ખાનગી શાળાઓને ફરી એકવાર ઈમેઇલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. ધમકી મળતા જ સ્થાનિક પોલીસ વહીવટીતંત્રે ઉચ્ચ અધિકારીઓના નિર્દેશ હેઠળ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. વિવિધ પોલીસ સ્ટેશનોનાં પોલીસ દળો, બોમ્બ સ્ક્વોડ, ફાયર બ્રિગેડ, ડોગ સ્ક્વોડ અને ઇઉઉજ (બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ) ટીમોને તાત્કાલિક અસરગ્રસ્ત શાળાઓમાં મોકલવામાં આવી હતી. આ ખાસ ટીમો કોઈપણ સંભવિત ખતરાને શોધી કાઢવા અને તેને નિષ્ક્રિય કરવા માટે શાળા પરિસરમાં સઘન

(જુઓ પાનું ૨) ▶▶

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સ્કૂલોમાં બોમ્બની ધમકી, નવી સાયબર વૉર સામે આપણે કેમ લાચાર?

**પ્રજાસત્તાક** દિનની ઉજવણીમાં કોઈ વિઘ્ન ના આવે એ માટે સુરક્ષા વ્યવસ્થાને ચુસ્ત કરવા માટે આખા દેશની એજન્સીઓ કામે લાગેલી છે ત્યારે અમદાવાદની સ્કૂલોને ફરી એક વાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ગુજરાત પોલીસ ધંધે લાગી ગઈ છે. બપોરે ૧.૧૧ વાગ્યે સ્કૂલોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી તેથી તાત્કાલિક પોલીસે બધી સ્કૂલોમાં દોડી જવું પડ્યું ને સ્કૂલો ખાલી કરાવવી પડી. હજારોની સંખ્યામાં બાળકો હોવાથી કોઈ જોખમ લઈ શકાય તેમ નહોતું તેથી સ્કૂલોએ વાલીઓને ફોન કરીને બોલાવ્યા તેમાં વાલીઓ પણ ધંધે લાગી ગયા.

ચાલુ દિવસમાં કામ-ધંધે ગયેલા વાલીઓએ બધું પડતું મૂકીને છોકરાંને લેવા માટે સ્કૂલોમાં દોડવું પડ્યું. આ બધી દોડધામમાં ધમકી મળી હતી એ સ્કૂલોની આસપાસ બેફામ ટ્રાફિક થઈ ગયો અને અંધાધૂંધી તથા અરાજકતા સર્જાઈ ગઈ. નોઈડાની આ સ્કૂલને ઉડાવી દેવાની ધમકીનો મેલ મળેલો તેથી ત્યાં પણ દોડધામ થઈ ગઈ ને અમદાવાદ જેવી જ અંધાધૂંધી તથા અરાજકતા સર્જાઈ ગયાં. ત્રણ મહિનામાં આ ત્રીજી વાર સ્કૂલોને ઉડાવી દેવાની ધમકીના ઈ-મેલ મળ્યા છે. આ પહેલાં ૧૭ ડિસેમ્બરે આવો જ ઈ-મેલ મળતાં સૌ દોડતાં થઈ ગયાં હતાં. તેના પંદરેક દિવસ પહેલાં પણ આવો જ ઈ-મેલ મળેલો.

અમદાવાદ શહેરની ૧૫થી વધુ સ્કૂલોને એક સાથે ઉડાવી દેવાની ધમકી આપતા ઇ-મેઇલમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને ખાલિસ્તાનના દુશ્મન ગણાવાયા છે. મેલમાં એવું લખાણ છે કે, મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન છે તેથી ગુજરાત પણ ખાલિસ્તાનીઓનું દુશ્મન છે એટલે તાકાત હોય તો તમારા બાળકને બચાવી લો. ઈ-મેલમાં એવી ધમકી પણ અપાઈ છે કે, ૨૬મી જાન્યુઆરીએ સ્કૂલોમાં તિરંગો ન ફરકાવતા નહીંતર છોકરાંનું આવી બનશે. આ પહેલાં મળેલા આ પ્રકારના ધમકીના ઈ-મેલમાં ખાલિસ્તાન જિંદાબાદના નારા હતા જ્યારે આ વખતના ઈ-મેલમાં અને ખાલિસ્તાન જિંદાબાદની સાથે સાથે બાંગ્લાદેશ જિંદાબાદ પણ લખાયેલું છે.

૨૬ જાન્યુઆરી ભારતનો પ્રજાસત્તાક દિન છે તેથી સ્કૂલોમાં તેની ભવ્ય ઉજવણી થાય છે. છોકરાં પાસે ડાન્સ, ડ્રામા સહિતની આઈટમ્સ તૈયાર કરાવીને પરફોર્મ કરાવાય છે. છોકરાંને આ બધું ગમતું હોય છે હોંશે હોંશે ભાગ લે છે. ગુજરાતમાં અત્યારે ફુલગુલાબી ઠંડી હોવાથી વાતાવરણ આહ્લાદક છે એટલે ત્રણ-ચાર કલાકના કાર્યક્રમમાં છોકરાં મોજ-મજા ને ધિંગામસ્તી કરી લે તો વાંધો ના આવે પણ આ ધમકીને ઈ-મેલના કારણે મૂંઝવણ ઊભી થઈ ગઈ છે. ઈ-મેલમાં તો તિરંગો પણ નહીં ફરકાવવાની ધમકી અપાઈ છે પણ પ્રજાસત્તાક દિને તિરંગો ના ફરકાવીએ તો ધમકીથી ડરી ગયા અને કાયર સાબિત થયા એવું લાગે. સામે તિરંગો ફરકાવીને ભવ્ય ઉજવણી કરાય કે ના કરે નારાયણ ને કશુંક અજુગતું બને તો કાળી ટીલી લાગી જાય તેથી સ્કૂલોની મૂંઝવણ સમજી શકાય એવી છે.

આ સ્થિતિ ખરેખ શરમજનક કહેવાય. આપણે આપણા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા માટે વિચાર કરવો પડે કે ડરી ડરીને કરવી પડે એ ખરેખર તો ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવી વાત છે પણ કમનસીબે આપણા શાસકોમાં કે પોલીસ સહિતની એજન્સીઓમાં લાજ-શરમ નથી તેથી આ દેશની પ્રજાએ નાલેશીની સ્થિતિમાં મુકાવું પડે છે. પોલીસ અને એજન્સીઓ એ રીતે જવાબદાર છે કે, આ ધમકીઓ આપનાર સુધી પહોંચી શકતાં નથી. ધમકી મળે પછી પોલીસ દોડીને સ્કૂલે પહોંચે છે પણ એ પહેલાં ધમકી અપનારાં સુધી પહોંચી શકતી નથી એ ઢાંકણીમાં ડૂબી મરવા જેવું જ કહેવાય કેમ કે આ ધમકી પહેલી વાર નથી મળી.

પહેલી વાર ધમકી મળી ત્યારે પોલીસ ઊંઘતી ઝડપાઈ એ સમજી શકાય પણ એ પછી પોલીસે ધમકી આપનારા કોણ છે એ શોધી કાઢવું જોઈએ પણ પોલીસ સહિતની એજન્સીઓ તેમાં નિષ્ફળ નિવડી છે. અમદાવાદની સ્કૂલોને ઉડાવી દેવાની ધમકી છેલ્લે ગયા મહિને મળેલી ને એ વાતને ૩૬ દિવસ થઈ ગયા. ૩૬ દિવસમાં પોલીસ કે બીજી એજન્સીઓને ક્યાંથી ધમકીઓ આવે છે તેની ખબર સુધ્ધાં નથી પડી તેનાથી વધારે શરમજનક શું હોય ?

આપણા શાસકો પોલીસ કે એજન્સીઓ પર આ હલકટો સુધી પહોંચવા માટે જરૂરી દબાણ પેદા કરી શકતા નથી એ તેમની નિષ્ફળતા કહેવાય. શાસકો ભારત ટેકનોલોજીમાં અવ્વલ થઈ ગયું હોવાના ફડાકા મારે છે. ભારત વિશ્વગુરુ બની ગયું હોવાની ગુલબાંગો મારે છે પણ આ ધમકીઓના મૂળ સુધી નથી પહોંચી શકતા પછી કેવા વિશ્વગુરુ ? હમણાં જ મોદી સરકારના મંત્રી અશ્વિની વૈષ્ણવે ડંફાશ મારી કે, ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)માં વિશ્વમાં ટોચના દેશોમાં આવે છે. એઆઈ તો નેક્સ્ટ જેન ટેકનોલોજી છે જ્યારે ઈ-મેલ તો વરસો જૂની ટેકનોલોજી છે પણ આપણે તેના મૂળ લગી ના પહોંચી શકતા હોઈએ તો એ કેવો ટેક પાવર કહેવાય ?

અત્યાર સુધીનો અનુભવ એવો છે કે, આ ધમકીઓ પોકળ સાબિત થઈ છે. મતલબ કે, ખાલી ડર પેદા કરવા માટે અને તંત્રને દોડતા કરવા માટે ધમકીના ઈ-મેલ મોકલાય છે. તેનો અર્થ એ થયો કે, કોઈ મોટું સંગઠન આ ધમકીઓ પાછળ નથી પણ કોઈ અટકચાળાં કરી રહ્યું છે. આ વાત તો વધારે શરમજનક કહેવાય કે, આપણે અટકચાળાં કરનારા ફાલતુ લોકો સુધી પણ પહોંચી શકતા નથી. તેમનો કાંઠલો પકડીને જેલમાં નાખવાના હોય ને દાખલો બેસાડવાનો હોય કે જેથી કોઈ અટકચાળું કરતાં પહેલાં સો વાર વિચાર કરે પણ આપણે તેમના સુધી પહોંચી જ શકતા નથી પણ દાખલો તો શું કંકોડાં બેસાડવાના?

આપણી પોલીસ અને એજન્સીઓમાં કદાચ એ સમજવાની ક્ષમતા જ નથી કે, આ ધમકીભર્યા ઈ-મેલ નવા પ્રકારની સાયબર વૉર છે. તેના કારણે લોકોમાં ફફડાટ તો ફેલાય જ છે પણ પ્રોડક્ટિવિટીને પણ ભારે અસર પડે છે. ધમકીના મેલના કારણે સ્કૂલો બંધ કરવી પડે, વાલીઓ દોડતાં થઈ જાય તેની અસર આર્થિક બાબતો પર પણ પડે કેમ કે આ બધામાં જતો સમય ફાલતુગીરીમાં વેડફાય છે. આ પ્રકારના ઈ-મેલ સતત આવ્યા કરે તેના કારણે વાલીઓ, બાળકો, સ્કૂલના સ્ટાફ વગેરે પણ સતત સ્ટ્રેસમાં રહેવા માંડે ને તેના કારણે સર્જાતી માનસિક સમસ્યાઓ અતિ ગંભીર હોય છે.

આ બધું નુકસાન રોકવા માટે ધમકીના ઈ-મેલ મોકલનારાંના નેટવર્કને રફેદફે કરવું પડે. જરૂરી નથી કે આ ઈ-મેલ ભારતમાંથી જ કરાતા હોય. આ સંજોગોમાં દુનિયાના કોઈ પણ ખૂણે બેસીને આ હરકતો કરનારને રોકવાની તાકાત પેદા કરવી પડે. પોલીસ અને એજન્સીઓમાં લાંચ આપીને કે ચાપલૂસી કરીને ઘૂસેલા નમૂનાઓને કાઢીને તેજતર્રાર યંગસ્ટર્સને ભરવા પડે પણ એ બધું શક્ય થતું નથી તેની કિંમત સામાન્ય લોકો ચૂકવે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, શનિવાર, તા. ૨૪-૧-૨૦૨૬, શીતલા ષષ્ઠી (બંગાલ)

- ભારતીય દિનાંક ૪, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા બપોરે ક. ૧૪-૧૫ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૦, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૮ (તા. ૨૫)
- ઓટઃ સવારે ક. ૦૯-૨૨, રાત્રે ક. ૨૧-૧૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ શુક્લ - ષષ્ઠી. શીતલા ષષ્ઠી (બંગાલ), પંચક, સૂર્ય શ્રવણમાં સવારે ૧૦-૫૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, લીમડો વાવવો, અહિંર્બુધ્ન્ય દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, ધ્રુવદેવતાનું પૂજન, સ્થિર કાર્યો, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, પ્રયાણ મધ્યમ, નિત્ય થતાં દુકાન-વેપાર-નોકરી, દસ્તાવેજ સંબંધિત કામકાજ, બી વાવવું. ખેતીવાડીના કામકાજ, ગાય-બળદની લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ વિચારો ફર્યા કરે, ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ લોકોમાં માનીતા, ચંદ્ર-ગુરુ અર્ધચતુષ્કોણ કુટુંબમાં જવાબદારી આવી પડે, ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ કોઈના તાબે રહે નહીં.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ, ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ, ચંદ્ર-ગુરુ અર્ધચતુષ્કોણ, ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ (તા. ૨૫)
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# મારી લોકચાહનાને કેટલાક ડ્રામા ગણે છેઃ વડા પ્રધાન

તિરુવનંતપુરમઃ અહીં એક નાના બાળકે નરેન્દ્ર મોદીનું બનાવેલું ચિત્ર દર્શાવ્યું હતું. આ અંગે વડા પ્રધાને કહ્યું કે જનતા તરફથી મળતા પ્રેમની આ પ્રકારની અભિવ્યક્તિને તેમના વિરોધીઓ ઘણીવાર 'નાટક' કે 'પૂર્વઆયોજિત' ગણાવે છે. વડા પ્રધાને અહીં પુથારીકંદમ મેદાનમાં પાર્ટી કાર્યકરો અને સમર્થકોની વિશાળ મેદનીને સંબોધિત કરતી વખતે આ વાત કહી હતી. વડા પ્રધાને જણાવ્યું કે ઘણી વખત જ્યારે તેઓ દેશના વિવિધ સ્થળોની મુલાકાત લે છે ત્યારે યુવાનો આ રીતે તેમના પ્રત્યે પોતાનો પ્રેમ કે લાગણીઓ વ્યક્ત કરતાં હોય છે. જો કે પછીથી આવી ઘટનાઓ 'પૂર્વઆયોજિત' અથવા 'નાટક' હોવાના વીડિયો બનાવવામાં આવે છે.

વડા પ્રધાને કહ્યું કે હું આ બધા અપમાન એટલા માટે સહન કરું છું કારણ કે હું જાણું છું કે તમે લોકો મને કેટલો પ્રેમ કરો છો. હું આ બાળકોની લાગણીઓને સમજું છું. તેથી હું રીલ્સ બનાવનારાઓનું અપમાન સહન કરી શકું છું. પરંતુ જો કોઇ બાળકે પ્રેમ અને મહેનતથી આવી કોઇ વસ્તુ બનાવી છે તો હું તે બાળકનું અપમાન કરી શકતો નથી. હું તેમને નિરાશ ન કરી શકું. તેથી ગમે તેટલી રીલ્સ બનાવવામાં આવે, લોકો પ્રત્યેની મારી જવાબદારી અને મારા પ્રત્યેનો તેમનો પ્રેમ વધુ મજબૂત બનશે.

મોદીએ જે છોકરાએ તેમનું ચિત્ર બનાવ્યું હતું તેને ચિત્રની પાછળ પોતાનું નામ અને સરનામું લખવા કહ્યું અને કહ્યું કે હું તને એક પત્ર લખીશ. તેમણે તેમની સુરક્ષા કરી રહેલા એસપીજી યુનિટના જવાનોને તે બાળક અને બીજા બાળકના ફોટો લેવા કહ્યું જેણે વડા પ્રધાન માટે કંઇક બનાવ્યું હતું. ■

# અમદાવાદ અને તિરુવનંતપુરમની સરખામણી શું કામ કરી મોદીએ?

તિરુવનંતપુરમઃ ચૂંટણી ટાણે કેરળના પ્રવાસે પહોંચેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તિરુવનંતપુરમમાં અનેક વિકાસલક્ષી યોજનાઓના લોકાર્પણ સાથે જનસભાને સંબોધી હતી. આ તકે તેમણે કેરળના બદલાતા રાજકીય વાતાવરણનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, રાજ્યમાં હવે પરિવર્તનની લહેર સ્પષ્ટ દેખાઈ રહી છે. તિરુવનંતપુરમમાં ઉમટેલી જનમેદનીનો ઉત્સાહ જોઈ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી સમયમાં આ શહેર સમગ્ર દેશ માટે મૉડેલ સિટી તરીકે ઉભરી આવશે.

ભાજપના સંઘર્ષ અને સફળતાના ઈતિહાસને વાગોળતા વડા પ્રધાને ગુજરાત સાથે કેરળની તુલના કરી હતી. તેમણે જણાવ્યું કે, વર્ષ ૧૯૮૭માં ભાજપે જે રીતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જીત મેળવીને ગુજરાતમાં સત્તાના પાયા નાખ્યા હતા, તેવું જ ચિત્ર આજે તિરુવનંતપુરમમાં જોવા મળી રહ્યું છે. જે રીતે ગુજરાતે દાયકાઓ સુધી ભાજપ પર અતૂટ વિશ્વાસ રાખ્યો છે, તે જ રીતે હવે કેરળની જનતા પણ ભાજપ સાથે જોડાઈ રહી છે અને રાજ્યમાં કમળ ખીલવાની શરૂઆત થઈ ચૂકી છે. વિરોધ પક્ષો પર આકરા પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, અત્યાર સુધી એલડીએફ અને યુડીએફ બંને ગઠબંધનોએ તિરુવનંતપુરમની ઘરાર અવગણના કરી છે. અહીં પાયાની સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સદંતર અભાવ જોવા મળે છે કારણ કે ડાબેરીઓ અને કોંગ્રેસ જનતાની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા છે. કેરળમાં ભ્રષ્ટાચાર, ગેરવહીવટ અને તુષ્ટીકરણની રાજનીતિએ રાજ્યને વિકાસની રેસમાં પાછળ ધકેલી દીધું છે.

વડા પ્રધાને વધુમાં ઉમેર્યું કે, એલડીએફ અને યુડીએફ ભલે અલગ-અલગ પ્રતીક હેઠળ લડતા હોય, પરંતુ તેમનો એજન્ડા અને કાર્યશૈલી સમાન છે. આ બંને પક્ષોને ખબર છે કે દર પાંચ વર્ષે તેમને વારાફરતી સત્તા મળવાની છે, પરિણામે તેઓ જનતાના પાયાના પ્રશ્નો ઉકેલવાને બદલે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપે છે. કેરળના વિકાસ માટે હવે ભાજપ અને એનડીએ એક સશક્ત 'ત્રીજા વિકલ્પ' તરીકે ઉભરી આવ્યા છે, જે માત્ર વિકાસ અને સુશાસનને જ પ્રાધાન્ય આપે છે. ■

# મોદીજી, કાપડના નિકાસકારોની સમસ્યા પ્રત્યે ધ્યાન આપોઃ રાહુલ

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે અમેરિકાએ લાદેલી ઊંચી ટૅરિફને લીધે કાપડના નિકાસકારો મુશ્કેલીમાં મુકાયા છે અને તેથી વડા પ્રધાન મોદીજીએ તેઓની સમસ્યા દૂર કરવા ધ્યાન આપવું જોઇએ. તેમણે જણાવ્યું હતું કે ભારતે અમેરિકા સાથેનો વેપાર કરાર કરતી વખતે ભારતના વેપારીઓ, ખાસ કરીને કાપડના નિકાસકારો અને આ ક્ષેત્રે કામ કરતા લોકોના હિતના રક્ષણનું ધ્યાન રાખવું જોઇએ. રાહુલે જણાવ્યું હતું કે મોદીજીએ પોતાની 'નબળાઇ'ની માઠી અસર દેશના અર્થતંત્ર પર વધુ થવા દેવી ન જોઇએ. લોકસભામાંના વિપક્ષના નેતાએ હરિયાણામાંના કપડાંના કારખાનાની પોતાના દ્વારા લેવાયેલી મુલાકાતની વીડિયો ક્લિપ સોશ્યલ મીડિયા 'એક્સ' પર શૅર કરી હતી અને દાવો કર્યો હતો કે મેં કપડાંના કારખાનાની મુલાકાત વખતે ભારતીય દરજીઓના કૌશલ્યની જાતે જ જાણકારી મેળવી હતી.

રાહુલ ગાંધીએ 'એક્સ' પર લખ્યું હતું કે અમેરિકાએ ભારતીય માલસામાન પર લાદેલી પચાસ ટકા ટૅરિફથી કાપડના નિકાસકારો મુશ્કેલીમાં મુકાયા છે. અનેક કારખાના બંધ થઇ ગયા છે તેમ જ ઘણાં કર્મચારીઓ બેકાર થઇ ગયા છે. આ ક્ષેત્રે નિકાસના ઑર્ડર બહુ ઓછા મળી રહ્યા છે. આ બધી નિશાની આપણી 'ડેડ ઇકૉનૉમી'ના જ છે. કૉંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે મોદીજી અમેરિકાના ટૅરિફ અંગે કંઇ નથી બોલતા અને વધેલી ટૅરિફથી અસરગ્રસ્તોને કોઇ રાહત નથી આપતા. કાપડ અને કપડાં ક્ષેત્રે નિકાસના ઑર્ડર ઓછા થવાથી ૪.૫ કરોડથી વધુ લોકોની રોજગારી જોખમમાં આવી ગઇ છે. (એજન્સી) ■

# અમેરિકાનો ડબ્લ્યુએચઓમાંથી ઍક્ઝિટ, ૨૬ કરોડ ડૉલર ચૂકવવાના બાકી છે

વોશિંગ્ટનઃ અમેરિકા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યૂએચઓ)માંથી અલગ થઈ ગયું છે. એક રિપોર્ટ અનુસાર, અમેરિકાના વહીવટીતંત્રે જણાવ્યું હતું કે આ નિર્ણય રાષ્ટ્રપતિ ટ્રમ્પના કાર્યકાળના પહેલા દિવસે આપેલા વચનને પૂર્ણ કરે છે. અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ અને વિદેશ સચિવે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે અમેરિકા હવે સત્તાવાર રીતે વિશ્વ આરોગ્ય સંગઠનનું સભ્ય નથી. અમેરિકાએ જિનીવામાં ડબલ્યૂએચઓના હેડક્વાર્ટર પરથી તેનો ધ્વજ પણ હટાવી દીધો છે. અમેરિકાએ વધુમાં જણાવ્યું હતું કે તે ફક્ત મર્યાદિત સ્તરે સંગઠન સાથે કામ કરશે. કોવિડ મહામારી દરમિયાન ડબલ્યૂએચઓની નિષ્ફળતાઓને કારણે અમેરિકાએ આ પગલું ભર્યું છે અને આ નિષ્ફળતાઓથી થયેલા નુકસાન માટે અમેરિકન લોકોને વળતર આપવાનો પ્રયાસ છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે ડબલ્યૂએચઓ પર તેના મુખ્ય મિશનને છોડી દેવાનો અને અમેરિકાનાં હિતોની વિરુદ્ધ કામ કરવાનો આરોપ મૂક્યો છે. અમેરિકા એક સ્થાપક સભ્ય અને સંસ્થાને સૌથી મોટો નાણાકીય ફાળો આપનાર દેશ છે. અમેરિકાની સરકાર અનુસાર, ડબલ્યૂએચઓએ અમેરિકન હિતોના વિરોધી દેશો દ્વારા સંચાલિત રાજકીય, અમલદારશાહી એજન્ડા અપનાવ્યો અને કોવિડ મહામારી દરમિયાન સમયસર અને સચોટ માહિતી આપવામાં નિષ્ફળ રહ્યું હતું. જેના કારણે અમેરિકાના લોકોએ જીવ ગુમાવ્યા હતા. અમેરિકાએ ડબલ્યૂએચઓના કાર્યની પણ ટીકા કરી હતી અને કહ્યું હતું કે સંસ્થાએ તેના હેડક્વાર્ટર પર લગાવવામાં આવેલા અમેરિકન ધ્વજને સોંપવાનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પ સરકારે વધુમાં જણાવ્યું હતું કે તેના પ્રાથમિક સ્થાપક, પ્રાથમિક નાણાકીય સહાયક અને પ્રાથમિક ચેમ્પિયન તરીકેના સમયથી અમારા છેલ્લા દિવસ સુધી અમેરિકાનું અપમાન કરવામાં આવ્યું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા વિશ્વસનીય આરોગ્ય સંસ્થાઓ સાથે સીધી, દ્વિપક્ષી ભાગીદારી અને સહયોગ દ્વારા વૈશ્વિક જાહેર આરોગ્ય પ્રયાસોનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખશે. ડબલ્યૂએચઓ એ જણાવ્યું હતું કે અમેરિકાનું આશરે ૨૬ કરોડ ડોલરનું દેવું છે જે તેણે ડબલ્યુએચઓને ચૂકવવાનું છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પનું ટાર્ગેટ

અને અન્ય યુદ્ધજહાજો દક્ષિણ ચીનના દરિયાઇ વિસ્તારમાંથી મધ્ય પૂર્વની તરફ વાળ્યા હોવાના અહેવાલને લીધે યુદ્ધની શક્યતા ફરી ઊભી થઇ છે.

અમેરિકાના નૌકાદળના એક અધિકારીએ પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે આપેલી માહિતી મુજબ વિમાનવાહક જહાજ લિંકન અને અમેરિકાના અન્ય યુદ્ધજહાજો હિંદ મહાસાગરમાં પ્રવેશી ચૂક્યા છે.

ટ્રમ્પે 'ઍર ફૉર્સ વન' પરથી ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકાના યુદ્ધજહાજો 'સંભવિત લશ્કરી કાર્યવાહી' માટે ઇરાનની તરફ આગળ વધી રહ્યા છે.

તેમણે દાવો કર્યો હતો કે ઇઝરાયલે ગયા જૂનમાં ઇરાન પર હુમલો કર્યો હતો ત્યારે અમેરિકાના યુદ્ધવિમાનોની મદદથી ઇરાનના અણુમથકો પર બૉમ્બમારો કરાયો હતો.

ટ્રમ્પે ચેતવણી આપી હતી કે અમેરિકા હવે જો ઇરાનમાંના યુરેનિયમ સમૃદ્ધ કરવાના મથકો પર હુમલા કરશે, તો તે બહુ જ મોટા પાયે હશે. અમે હુમલા કરીએ તેની પહેલાં ઇરાને અણુ-કાર્યક્રમ રોકવા માની જવું જોઇએ. અમેરિકાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ઇરાનના અખાતમાંની તંગદિલીને ધ્યાનમાં રાખીને અમેરિકાની યુરોફાઇટર ટાઇફૂન ફાઇટર જેટ સ્ક્વૉડ્રન કતારની ૧૨ સ્ક્વૉડ્રનની સાથે ત્યાં ગોઠવાઇ છે. (એજન્સી) ■

### ટ્રમ્પ ૮૦૦ કેદીની

નિર્દેશથી નથી ચાલતું. ઇરાનના વિદેશ મંત્રાલયના અબ્બાસ અરાઘચી અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની સાથે સીધા સંપર્કમાં હોવાનું કહેવાય છે અને તેમણે અમેરિકાના દૂત સ્ટીવ વિટકૉફની સાથે અનેક વખત મંત્રણા કરી હોવાથી ઇરાનના વિદેશ મંત્રાલયે દેશના શાસકો દ્વારા ૮૦૦ જણની ફાંસી અટકાવાઇ હોવાની જાણકારી અમેરિકાને આપી હોવાનું મનાય છે. ઇરાનમાં શાસકોની સામે તાજેતરમાં થયેલા દેખાવમાં ૪,૭૧૬ દેખાવકાર, ૨૦૩ સરકારી સમર્થક, ૪૩ બાળકો અને ૪૦ અન્ય નાગરિકો માર્યા ગયા હોવાનું અને ૨૬,૮૦૦થી વધારે લોકોની ધરપકડ કરાઇ હોવાનું કહેવાય છે. ■

### રૂપિયો ગબડ્યો,

૬.૯૬ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે. સ્થાનિક બુલિયન બજારમાં હાજર ચાંદી રૂ. ૨,૯૯,૭૧૧ના પાછલા બંધ સામે એક કિલોદીઠ રૂ. ૧૭,૯૯૪ના ઉછાળા સાથે રૂ. ૩,૧૭,૭૦૫ની સપાટીએ પહોંચી ગઇ છે. આ તરફ રૂપિયો ત્રીસ પૈસાની મજબૂતી બતાવ્યા બાદ સત્રમાં જોરદાર ધબડકા સાથે ૯૨ની વિક્રમી નીચી સપાટી સુધી પછડાઇને અંતે ૯૧.૯૮ની સપાટીએ સ્થિર થયો હતો. ■

### ઉત્તર ભારત

મળી છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ અગાઉ જાન્યુઆરી મહિનામાં સૌથી વધુ વરસાદ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ નોંધાયો હતો, જ્યારે શહેરમાં ૨૦.૪ મિ.મી. વરસાદ પડ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરમાં ભારે હિમવર્ષાને લીધે વૈષ્ણોદેવી યાત્રા કામચલાઉ અટકાવવાની ફરજ પડી હતી.

દરમિયાન, દેશના હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં દિલ્હી અને ઇશાન ભારતમાં લઘુતમ તાપમાન ત્રણથી પાંચ અંશ સેલ્સિયસ ઘટવાની આગાહી કરી હતી.

આમ છતાં, જમ્મુ અને કાશ્મીરમાં હિમવર્ષા અને વરસાદને લીધે આ વિસ્તારમાં દુષ્કાળનો ભય ટળ્યો હોવાનું કહેવાય છે.

સૌથી વધારે બરફ બડગામ જિલ્લામાં પડ્યો હતો. પાખરપોરામાં દોઢથી બે ફૂટ, ચરાર-એ-શરીફમાં દોઢ ફૂટ, શ્રીનગરના વિમાનમથકના વિસ્તારમાં ત્રણથી ચાર ઇંચ, શોપિયાં જિલ્લાના મેદાન વિસ્તારમાં સરેરાશ દોઢથી અઢી ફૂટ અને ઉચ્ચ પ્રદેશમાં અઢીથી ચાર ઇંચ બરફ પડ્યો હતો.

પુલવામા જિલ્લાના દ્રાબગામ અને રાજપોરામાં દોઢ ઇંચ બરફ પડ્યો હતો, જ્યારે ઉત્તર કાશ્મીરના ગુલમર્ગમાં બે ફૂટ બરફ પડ્યો હતો. હવામાન વિભાગે જમ્મુ અને કાશ્મીરમાં આગામી ૨૪ કલાક દરમિયાન હવામાન ખરાબ રહેવાની આગાહી કરી હતી.

જમ્મુ ક્ષેત્રના અમુક વિસ્તારમાં સારો વરસાદ પડ્યો હતો. કટડામાં ૭૯ મિ.મી., ઉધમપુરમાં ૭૭ મિ.મી., જમ્મુમાં ૬૯ મિ.મી., સાંબામાં ૬૩ મિ.મી., રાજૌરીમાં ૫૬ મિ.મી., કાજીગુંડમાં ૪૫ મિ.મી. અને શ્રીનગરમાં ૩૭ મિ.મી. વરસાદ પડ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરમાં ૨૪ અને પચીસ જાન્યુઆરીએ હિમવર્ષા અને વરસાદ પડવાની આગાહી છે. ■

### સબરીમાલાના

સરકારે સબરીમાલા મંદિરની પરંપરાને નુકસાન પહોંચાડવામાં કંઇ પણ બાકી નથી રાખ્યું. અહીં ભગવાન પાસેનું સોનું પણ ચોરાયું હોવાના અહેવાલ છે. હું સ્પષ્ટ શબ્દોમાં કહેવા માગું છું કે કેરળમાં જો ભાજપની સરકાર રચાશે, તો સોનાના ચોરીની ઘટનાની સઘન તપાસ કરાવાશે અને ચોરોને જેલની સજા કરાશે.

સબરીમાલાના સોનાની ચોરીને મુદ્દે કેરળમાં રાજકીય વિવાદ પણ ઊભો થયો છે. મંદિરના ગર્ભગૃહના દરવાજાની ફ્રેમ અને મંદિરના દ્વારપાલકની મૂર્તિઓમાંનું સોનું ચોરાયું હોવાનું કહેવાય છે. કેરળ વડી અદાલતના આદેશને પગલે રાજ્ય પોલીસે આ ચોરીની તપાસ માટે ખાસ તપાસ ટુકડી રચી છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે રાજ્યને એલડીએફ અને યુડીએફ દ્વારા ઘણું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ રાજ્યમાં સત્તા પર આવીને સુશાસન પાછું લાવવા કટિબદ્ધ છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે એલડીએફ અને યુડીએફ દ્વારા કેરળમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે, ગેરવહીવટ ચલાવાય છે અને અમુક લોકોને ખુશ કરવા માટે ગંભીર રાજકીય રમત રમાય છે. (એજન્સી) ■

### ડીએમકે એટલ

એનડીએના ઘટક પક્ષોના લોકો અને કાર્યકરોની વિશાળ સભામાં કહ્યું કે ડીએમકે એક સીએમસી છે- કરપ્શન, માફિયા અને ક્રાઇમને પ્રોત્સાહન આપનારી સરકાર. તમિળનાડુના લોકોએ ડીએમકે-સીએમસીને જડમૂળથી ઉખેડી નાખવાનું મન બનાવી લીધું છે.

ચૂંટણી વર્ષમાં તમિળનાડુની તેમની પ્રથમ મુલાકાતમાં વડા પ્રધાનની રેલી શક્તિ પ્રદર્શન સાબિત થઇ હતી. જેમાં મુખ્ય ગઠબંધન પક્ષોના ટોચના નેતાઓ-એઆઇએડીએમકેના વડા અને વિપક્ષના નેતા એડાપ્પડી કે પલાનીસ્વામી, અમ્મા મક્કલ મુનેત્ર કઝગમ(એએમએમકે)ના વડા ટીટીવી દિનાકરન, પીએમકેના ડો. અંબુમણી રામદાસ, ટીએમસી-એમ નેતા જી કે વાસન અને અન્યો ઉપસ્થિત રહ્યા હતા. ડીએમકે પર પ્રહારો ચાલુ રાખતા મોદીએ કહ્યું કે પાર્ટીના નેતૃત્વ હેઠળની સરકારનું 'કાઉન્ટડાઉન' શરૂ થઇ ગયું છે. ■

### અમદાવાદની

તપાસ કરી રહી છે. બીજી તરફ વાલીઓ પણ શાળાએ દોડી ગયા હતા.

અમદાવાદની આર્મી સ્કૂલ સહિત સંત કબીર સ્કૂલની ત્રણ બ્રાંચ, ઉડ્જ બોપલ, સેન્ટ ઝેવિયર્સ લોયોલા - નવરંગપુરા, મહાત્મા ગાંધી ઇન્ટરનેશનલ સ્કૂલ - મીઠાખળી, જેડી હાઈસ્કૂલ - નરોડા, રેડ બ્રિક્સ સ્કૂલ - સેટેલાઈટ, વિદ્યાનગર સ્કૂલ- ઉસ્માનપુરા, શાહીબાગ, ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ, વસ્ત્રાપુરની સ્વયં સ્કૂલ, મહાત્મા ગાંધી ઇન્ટરનેશનલ સ્કૂલ- મીઠાખળી અને એપલ ગ્લોબલ સ્કૂલને નિશાન બનાવીને આ ધમકીભર્યો ઈમેલ મોકલવામાં આવ્યો હતો. શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેલ મળતા વાલીઓ ફફડી ઉઠ્યા હતા.

આ ધમકીભર્યા મેલમાં ગુજરાત ખાલિસ્તાનનું દુશ્મન હોવાનો મેઇલમાં ઉલ્લેખ કર્યો હતો. જેમાં લખ્યું છે કે, 'મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન, ૧.૧૧ વાગે ૩થી ૪ સ્કૂલમાં બ્લાસ્ટ થશે, તમારા બાળકોને બચાવી લો'નો ઉલ્લેખ કરાયો છે. આ સાથે જ ૨૬મી જાન્યુઆરીના રોજ શાળામાં તિરંગો ન લહેરાવો. ફરકાવશો તો સ્કૂલને ઉડાવી દઈશું'ની ધમકી મળી હતી. આ ઈમેલમાં ખાલિસ્તાન બાંગ્લાદેશ ઝિંદાબાદ તેમ પણ લખવામાં આવ્યું છે. ધમકીભર્યા ઈમેલની ટેકનિકલ તપાસ કરવા માટે સાયબર સેલ ટીમને પણ સંપૂર્ણપણે સક્રિય કરવામાં આવી છે. ટીમ ઈ-મેઇલ સોર્સ શોધવા, મોકલનારને ઓળખવા અને તેની પાછળનો હેતુ સમજવાનો પ્રયાસ કરી રહી છે. આ ટેકનિકલ તપાસ એ નક્કી કરવામાં મદદ કરશે કે આ ખરેખર ધમકી છે કે ફક્ત અફવાઓ ફેલાવવાનો પ્રયાસ છે.

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા ડીઈઓએ જણાવ્યું હતું કે, વાલીઓ અને વિદ્યાર્થીઓએ ડરવાની કોઈ જરૂર નથી. સત્રાંત પરીક્ષા પણ ચાલી રહી હતી જેથી વિદ્યાર્થીઓની સાવચેતી માટે પગલાં લેવામાં આવ્યાં છે. વાલીઓ અને વિદ્યાર્થીઓને વિનંતી છે કે સાવચેતીના ભાગરૂપે સહયોગ આપે. વિદ્યાર્થીઓની સલામતીને લઈને પગલા ભરવામાં આવે તેવું કહેવામાં આવ્યું છે. ■

### કઠુઆમાં

હાથ ધરેલી કાર્યવાહીમાં બિલ્લાવર ખાતે આ પાકિસ્તાની ત્રાસવાદીને ઠાર માર્યો હતો.

દરમિયાન, કિશ્તવાડ જિલ્લાના જંગલમાં સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે સામસામો ભારે ગોળીબાર ચાલતો હતો, પરંતુ ભારે હિમવર્ષાને કારણે સલામતી દળોની કાર્યવાહીમાં વિઘ્ન આવ્યું હતું. આમ છતાં, સુરક્ષા દળે આ આખા વિસ્તારને ઘેરી રાખ્યો છે. ઉચ્ચ પ્રદેશમાં ભારે હિમવર્ષાને કારણે ત્રાસવાદીઓ નીચાણવાળા વિસ્તારમાં આશ્રય લેવા આવી શકે છે, પરંતુ તે તેઓના માટે જોખમી સાબિત થશે. ત્રાસવાદીઓ સાથેની તાજેતરની અથડામણમાં અત્યાર સુધીમાં એક સૈનિક શહીદ થયો હતો અને અન્ય સાત સૈનિક ઘાયલ થયા હતા. લશ્કરી કાર્યવાહીમાં ત્રાસવાદીઓની છુપાવાની એક જગ્યા પણ શોધી કઢાઇ હતી અને ત્યાં તપાસ ચાલી રહી છે. લશ્કર દ્વારા હાલમાં આગામી પ્રજાસત્તાક દિનની ધ્યાનમાં રાખીને મોટા પાયે ત્રાસવાદ-વિરોધી કાર્યવાહી હાથ ધરી રહ્યું છે. ■

# ગુજરાત હાઈ કોર્ટની સત્તાવાર ભાષા અંગ્રેજી, ગુજરાતીમાં દલીલો કરવાની અરજી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટની સત્તાવાર ભાષા અંગ્રેજી છે. ગુજરાતીમાં દલીલ કરવાની પક્ષકારની અરજીને કોર્ટે ફગાવી દીધી હતી. જસ્ટિસ અનિરુદ્ધ પી. માયીએ અરજદારની અરજી ફગાવતા સ્પષ્ટ કર્યું હતું કે ગુજરાત હાઈ કોર્ટની સત્તાવાર અથવા તો અધિકૃત ભાષા અંગ્રેજી છે અને તેથી અંગ્રેજી ભાષામાં જ રજૂઆત કે દલીલો ચાલે તે યોગ્ય ગણાય. અંગ્રેજી ભાષા સિવાય અન્ય ભાષામાં રજૂઆત કે દલીલો કરવાની મંજૂરી આપી શકાય નહીં. આ સાથે જ હાઈ કોર્ટે ફરી એકવાર સ્પષ્ટ કરી દીધું હતું કે, ગુજરાત હાઈ કોર્ટની ન્યાયિક કાર્યવાહી માત્રને માત્ર અંગ્રેજી ભાષામાં જ ચાલશે. અરજદાર પક્ષકારને ગુજરાત હાઈ કોર્ટના લીગલ સર્વિસ કમિટીએ તેઓ અંગ્રેજી ભાષામાં નબળા હોવાના કારણે કોર્ટ સમક્ષ દલીલો કરવા માટે અસમર્થ હોવાનું જાહેર કર્યું હતું. તેથી અરજદારે લીગલ સર્વિસ કમિટીના પોતાને અસમર્થ જાહેર કરતા પ્રમાણપત્રને હાઈ કોર્ટમાં રિટ અરજી મારફતે પડકારાયું હતું.

ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ 'પાર્ટી-ઇન-પર્સન' તરીકે હાજર રહી પોતાની માતૃભાષા ગુજરાતીમાં દલીલો કરવાની મંજૂરી માંગતી પક્ષકારની રિટ અરજી અદાલતે ફગાવી દીધી હતી. જસ્ટિસ અનિરુદ્ધ પી. માયીએ આ મામલે ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું હતું કે, હાઈ કોર્ટની અધિકૃત ભાષા અંગ્રેજી હોવાથી તમામ ન્યાયિક કાર્યવાહી અને દલીલો માત્ર અંગ્રેજીમાં જ થવી જોઈએ. કાયદાકીય જોગવાઈઓ મુજબ અન્ય કોઈપણ ભાષામાં રજૂઆત કરવાની પરવાનગી આપી શકાય નહીં. ગુજરાત હાઈ કોર્ટ લીગલ સર્વિસ કમિટી દ્વારા અરજદારને અંગ્રેજી ભાષા સારી ન હોવાના કારણે દલીલો કરવા માટે અસમર્થ જાહેર કરવામાં આવ્યા હતા. કમિટીના આ નિર્ણય અને પોતાને અસમર્થ ઠેરવતા પ્રમાણપત્રને અરજદારે હાઈ કોર્ટમાં રિટ અરજી મારફતે પડકાર્યો હતો. અરજદારની અરજી ફગાવી દેતા હાઈ કોર્ટે ઠરાવ્યું હતું કે, લીગલ સર્વિસ કમિટીના પ્રમાણપત્રમાં કોઈ કાયદાકીય ખામી જણાતી નથી. અદાલતે આ ચુકાદામાં વર્ષ ૨૦૧૫ના 'મનીષ કનૈયાલાલ ગુપ્તા વિરુદ્ધ ગુજરાત રાજ્ય'ના કેસનો સંદર્ભ ટાંક્યો હતો, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે ગુજરાત હાઈ કોર્ટની સત્તાવાર ભાષા અંગ્રેજી છે અને તમામ રજૂઆતો માત્ર અંગ્રેજીમાં જ થવી જોઈએ. હાઈ કોર્ટે વધુમાં નોંધ્યું કે, પક્ષકાર ત્યારે જ જાતે દલીલ કરી શકે છે જ્યારે કમિટી તેને અંગ્રેજીમાં રજૂઆત કરવા માટે સક્ષમ હોવાનું પ્રમાણપત્ર આપે. અરજદાર પક્ષ તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તેમને 'પાર્ટી-ઇન-પર્સન' તરીકે પોતાની માતૃભાષા ગુજરાતીમાં કેસ રજૂ કરવાની પરવાનગી આપવામાં આવે. જોકે, હાઈ કોર્ટની કમિટીએ અવલોકન કર્યું હતું કે અરજદાર માત્ર ધોરણ-૧૦ પાસ છે અને અંગ્રેજી ભાષા સમજવામાં કે તેમાં અસરકારક રજૂઆત કરવામાં સક્ષમ નથી. કમિટીના મતે, અરજદાર પાસે કેસની જટિલ હકીકતોને અંગ્રેજીમાં સમજાવવાની પૂરતી ક્ષમતા ન હોવાથી તેઓ ન્યાયિક કાર્યવાહીમાં અદાલતને સહાયરૂપ થઈ શકે તેમ નથી. હાઈ કોર્ટ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, અરજદાર માત્ર ગુજરાતીમાં જ દલીલો કરવાનો આગ્રહ રાખી શકે નહીં, કારણ કે અદાલતી કાર્યવાહી સમજવા માટે પણ તેમને દુભાષિયાની જરૂર પડે તેમ છે.

# ગુજરાતી રંગભૂમિની બહુમુખી પ્રતિભા રાજુ બારોટની ૭૬ વર્ષની વયે ચિરવિદાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનાં પ્રખ્યાત નાટ્યકલાકાર રાજુ બારોટનું ૭૬ વર્ષની વયે હાર્ટ એટેકથી નિધન થતા ગુજરાતી નાટ્યજગતને મોટી ખોટ પડી છે. તેઓ ઉત્તરાખંડના પ્રવાસે હતા, ત્યારે તેમના દુઃખદ અવસાનના સમાચાર મળતા સમગ્ર કલાજગતમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. તેઓએ ગુજરાતી રંગભૂમિમાં અનેક નાટકો ભજવ્યા હતા. તેઓ બાળપણથી જ નાટકોમાં અભિનય કરતા હતા. આવતીકાલે સાંજે તેઓના પાર્થિવ દેહને અમદાવાદ લવાય તેવી શક્યતાઓ છે. રાજુ બારોટ નાનપણથી વેશભૂષામાં ભાગ લેતા અને ત્યારથી તેઓએ નક્કી કર્યું હતું કે રંગ કર્મ જ કરવું છે. તેઓને ઘણી ફિલ્મોની ઓફરો આવી હોવા છતાં હંમેશાં તેઓ નાટકને જ સમર્પિત રહ્યા હતા. ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર, ગર્જઉનો ઇ. ટ. કારંત જેવા અનેક એવોર્ડ તેમણે મેળવ્યા હતા. ગુજરાતી નાટ્ય જગતના ઘણા કલાકારોએ તેમની પાસેથી નાટ્ય તાલીમ મેળવી હતી અને તેમને નાટ્ય ગુરુ તરીકે માને છે. તેઓ વિવિધ નાટકોનું મંચન પણ કરતા હતા. રાજુ બારોટ નાટ્ય કલાકાર સાથે સંગીતનું પણ વિશેષ જ્ઞાન ધરાવતા હતા, સાથે દિગ્દર્શક પણ હતા. તેઓએ સોક્રેટિસ, કૈકેય, પરીત્રાણ, કંચન કરશે ગામને કંચન, ડુંગરો ડોલ્યો, સૈયા ભયે કોતવાલ જેવા જાણીતા નાટકોનું દિગ્દર્શન કર્યું છે. મનુભાઈ પંચોલીની નવલકથા પર ભરત દવે દ્વારા લખાયેલું નાટક સોક્રેટિસમાં પણ અભિનય કર્યો હતો.

લૈલા મજનૂ (નૌટંકી), દાન્તોસ ડેથ, જસમા ઓડન (ભવાઈ), તુઘલક, હિરો હવાલદાર (તમાશાથી ભવાઈ સ્વરૂપમાં), મદિરા (ગ્રીક 'મીડિયા'), માનવીની ભવાઈ, વંધ્ય (ધી ફાધર), દૂત વાક્યમ અને પ્રબુદ્ધ રૌહિણેયમ (સંસ્કૃત), સૂરા અને શત્રુજીત, જીવન સૂર્ય (ટાગોર વિષે) સહિતના નાટકોમાં અભિનેતા તરીકે જોવા મળ્યા હતા.

# અમદાવાદ ઍરપોર્ટ પર હાઇ-અલર્ટ જાહેર, મુસાફરોને ત્રણ કલાક વહેલા પહોંચવા સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી ૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય ઉજવણીને અનુલક્ષીને અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ ઍરપોર્ટને હાઇ-ઍલર્ટ પર મૂકવામાં આવ્યું છે. ૨૬ થી ૩૧ જાન્યુઆરી સુધી સુરક્ષા એજન્સીઓ દ્વારા વધારાની તકેદારી રાખવામાં આવશે, જેના પગલે ઍરપોર્ટ અને વિવિધ એરલાઇન્સ દ્વારા મુસાફરો માટે મહત્ત્વની એડ્વાઇઝરી જાહેર કરવામાં આવી છે. મુસાફરોની સુરક્ષા તપાસમાં સમય વધુ જવાની શક્યતા હોવાથી તેમને નિર્ધારિત ફ્લાઇટના સમયના ઓછામાં ઓછા ત્રણ કલાક પૂર્વે ઍરપોર્ટ પર પહોંચી જવા તાકીદ કરવામાં આવી છે.

સુરક્ષાના કડક અમલીકરણના ભાગરૂપે મુસાફરોના સામાનનું ડબલ ચેકિંગ કરવામાં આવશે. એરલાઇન્સે સ્પષ્ટ કર્યું છે કે, મુસાફરો પોતાની સાથે ચેક-ઇન બેગેજ ઉપરાંત માત્ર સાત કિલોની એક જ હેન્ડબેગ લઈ જઈ શકશે. ચેક-ઇન કાઉન્ટર્સ ફ્લાઇટ ઉપડવાના ૬૦ મિનિટ પહેલા અને બોર્ડિંગ ગેટ ૨૫ મિનિટ પહેલા બંધ કરી દેવામાં આવશે. ખાસ કરીને દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસના રિહર્સલને કારણે ફ્લાઇટના શિડ્યુલમાં ફેરફાર કે વિલંબ થઈ શકે છે, તેથી મુસાફરોને ઍરપોર્ટ સ્ટાફ સાથે સહયોગ કરવા અને ધસારો ટાળવા માટે વહેલા આવવા અપીલ કરાઈ છે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલના સંચાલકોને હાઈ કોર્ટની ફટકાર, શું માતા-પિતા પોતાના બાળકોને ગુમાવવા શાળાએ મોકલે છે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારની સેવન્થ ડે સ્કૂલમાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીની ચાકુ મારીને હત્યા કરી દેતાં એ ચર્ચામાં આવી હતી. આ ઘટના બાદ સ્કૂલનું મેનેજમેન્ટ ઉઊઘ એ તેના હસ્તક લઈ લીધું છે. સ્કૂલ દ્વારા ગુજરાત હાઇ કોર્ટમાં વધુ એક મુદ્દે અરજી કરવામાં આવી હતી, જેમાં તેણે શાળાની પ્રવેશ પ્રક્રિયા અને સંચાલન સંબંધિત વિવિધ મુદ્દો ઉઠાવવામાં આવ્યા હતા જેના પર જસ્ટિસ નિર્ઝર દેસાઇની બેન્ચ સમક્ષ વિગતવાર સુનાવણી હાથ ધરાઇ હતી.

જો કે, સેવન્થ ડે સ્કૂલના તત્કાલીન સંચાલકો સામે ગુજરાત હાઇ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન હાઇ કોર્ટે સંચાલકોને આકરા શબ્દોમાં પૂછ્યું હતું કે, 'શું માતા-પિતા પોતાના બાળકોને ગુમાવવા તમારી શાળામાં મોકલે છે?' કોર્ટે વધુમાં પ્રશ્ન કર્યો કે, 'શું આજે મૃત બાળક તેના પરિજનોને પરત મળી શકશે?' આવી ટકોર સાથે કોર્ટે શાળા સંચાલનની ગંભીર નિષ્ફળતાઓ તરફ ઈશારો કર્યો હતો.

કોર્ટે એ બાબતની પણ નોંધ લીધી હતી કે ઘટનાના સમયે શાળાનો વોચમેન સૂઈ રહ્યો હતો અને મદદ માટે કોઈ પણ વ્યક્તિ આગળ આવી નહોતી. બાળકોની સુરક્ષા માટે જરૂરી વ્યવસ્થા ન હોવા બાબતે હાઇ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોઈ પણ સંસ્થામાં બાળકોને પ્રવેશ આપતા પહેલા પૂરતી ચેતવણી અને સુરક્ષા વ્યવસ્થા હોવી અનિવાર્ય છે. હાઇ કોર્ટે સંચાલકોને પ્રશ્ન કર્યો હતો કે, 'તમે માત્ર વળતર આપીને છટકી જશો, પરંતુ માતા-પિતાના સપનાઓનું શું?' આ સાથે જ કોર્ટે ટકોર કરી કે શાળા સંસ્થાને માત્ર પૈસા છાપવાનું મશીન બનાવવું યોગ્ય નથી. કોર્ટે આ બાબતની પણ નોંધ લીધી હતી કે, જ્યારે જ્યારે રાજ્ય સરકારે શાળા સામે કાર્યવાહી કરી છે, ત્યારે તેની સામે હાઇ કોર્ટમાં અરજીઓ કરવામાં આવી હતી. આ સ્થિતિ પણ શાળા સંચાલનની નીતિ અને વલણ પર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે.

રાજ્ય સરકાર વતી મુખ્ય સરકારી વકીલ જી.એચ. વિર્કે કોર્ટમાં મહત્ત્વની દલીલો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે શાળાના તમામ વ્યવહારો રોકડ સ્વરૂપે કરવામાં આવતા હતા. સરકાર દ્વારા શાળાનું સંચાલન હાથમાં લીધા બાદ અનેક અનિયમિતતાઓ અને ગંભીર ખામીઓ બહાર આવી છે. મુખ્ય સરકારી વકીલ જી એચ વિર્કે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ૩૫ દિવસથી રાજ્ય સરકાર આ સંસ્થાનું સંચાલન કરી રહી છે. આ દરમિયાન શાળાના બાળકોની સુરક્ષા અને વ્યવસ્થાપન સંબંધિત અનેક મુદ્દાઓ ધ્યાને આવ્યા છે, જે શાળા સંચાલનની નિષ્ફળતા દર્શાવે છે. હાઇ કોર્ટે શાળાના બાળકોને સાચવવામાં સંસ્થા નિષ્ફળ ગઈ હોવાની બાબતે પણ ગંભીર નોંધ લીધી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, બાળકોની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન સહન કરવામાં નહીં આવે. આ સમગ્ર મામલે વધુ સુનાવણી આગામી ૧૦ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે. હાઇ કોર્ટના આ કડક અવલોકનો બાદ શાળા સંચાલન અને શિક્ષણ સંસ્થાઓની જવાબદારી અંગે મહત્ત્વપૂર્ણ ચર્ચા શરૂ થઈ છે.

# અમદાવાદમાં લિવ-ઈન સંબંધનો આવ્યો કરુણ અંત, વિધર્મી યુવકના ત્રાસથી હિંદુ યુવતીનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના વટવા વિસ્તારમાં વિધર્મી યુવક મોહમદ આબીદના ત્રાસથી હિંદુ યુવતીએ આપઘાત કર્યો હતો. વટવાના સૈયદવાડી પાસે રહેતા મોહંમદ આબિદ મોહમદયામીન શેખ સાથે પ્રેમસંબંધ હતો. બે વર્ષ પહેલાં મોહંમદ આબિદ શેખ સાથે પૂજા લિવ-ઈન રિલેશનશિપમાં રહેવા માટે જતી રહી હતી. યુવતી બે વર્ષ સાથે રહ્યા બાદ તેને યુવક પરિણીત હોવાની જાણ થતા જીવન ટૂંકાવ્યુ હતું.

વટવા વિસ્તારમાં રહેતી સિંધુદેવી કુશ્વાહે વટવા પોલીસ સ્ટેશનમાં મોહમદ આબિદ નામના યુવક વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ કરી હતી. પૂજાની માતાની ફરિયાદના આધારે પોલીસે મોહમદ આબિદની ધરપકડ પણ કરી હતી, તેમજ પૂછપરછ કરતાં મોહમદ આબિદ પૂજાને અનેક વખત માર મારતો હોવાનું બહાર આવ્યું હતું. બંને વચ્ચે આવનાર ઝઘડાઓ થતા હોવાથી મોહમદ આબિદ પૂજાને માર મારતો હતો. યુવતીએ જીવન ટૂંકાવ્યું ત્યારે પણ તેને માર મારવામાં આવ્યો હોવાનું પણ ખુલાસો થયો હતો, જેથી પોલીસે આસપાસના લોકોનાં નિવેદન પણ લીધાં હતા તેમજ FSL રિપોર્ટ અને મોબાઇલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સિંગતેલના ભાવમાં ₹ ૪૦ નો ધરખમ વધારો, એક મહિનામાં ૨૦૦ રૂપિયા વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં મોંઘવારી સાતમા આસમાને પહોંચી છે. મોંઘવારીથી ત્રસ્ત મધ્યમ વર્ગ માટે જીવવું મુશ્કેલ બની રહ્યું છે. ત્યારે સિંગતેલ તેલના ભાવમાં એક જ દિવસમાં ૪૦ રૂપિયાનો ધરખમ વધારો નોંધાયો હતો. આ સાથે એક મહિનામાં સિંગતેલના ડબ્બામાં રૂપિયા ૨૦૦નો વધારો થયો છે. રાજ્યમાં મગફળીનું વિક્રમજનક ઉત્પાદન છતાં ખાદ્યતેલના ભાવ સતત વધી રહ્યાં છે. આ વર્ષે મગફળીનું ઉત્પાદન ૩૦ ટકા વધવા છતા જનતાને સિંગતેલના ભાવમાં કોઈ રાહત મળી નથી રહી. સિંગતેલના ભાવમાં એક મહિનાથી સતત વધારો થઈ રહ્યો છે. સરકાર પણ તેલિયા રાજાની મનમાની સામે લાચાર જણાઈ રહી છે.

એક મહિના પહેલા સિંગતેલના ૧૫ કિલોના ડબ્બાનો ભાવ ૨૫૯૦ હતા જ્યારે હાલમાં સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૭૮૫ થયા છે. સરકારી તંત્રની નિષ્ક્રિયતા અને નફાખોરીને કારણે ગ્રાહકોને મોંઘું તેલ ખરીદવાની ફરજ પડી રહી છે. માત્ર સિંગતેલ જ નહીં, અન્ય ખાદ્યતેલોમાં પણ ભાવવધારો જોવા મળ્યો છે. કપાસિયા તેલમાં એક મહિનામાં ૧૧૫ રૂપિયાનો વધારો. પામતેલમાં એક મહિનામાં ૧૦૫ રૂપિયાનો વધારો. રેકોર્ડબ્રેક ઊંચાઈએ પહોંચેલા કોપરેલ તેલમાં મહિનામાં ૫૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે.

# બિટકોઈન કૌભાંડ કેસમાં નિકુંજ ભટ્ટ અને સંજય કોરડિયાના રિમાન્ડ મંજૂર, મોટા ખુલાસાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બિટકોઈન કૌભાંડમાં શૈલેષ ભટ્ટના ભત્રીજા નિકુંજ ભટ્ટ અને નલિન કોટડિયાના સંબંધી સંજય કોટડિયાની ધરપકડ કરીને પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ કૌભાંડમાં અત્યાર સુધી ૧૪ શખ્સોની ધરપકડ કરીને રૂપિયા ૨૧૭૦ કરોડની મિલકતો કરવામાં આવી છે. બિટકોઈન કૌભાંડ કેસમાં નિકુંજ ભટ્ટ અને સંજય કોટડિયા તપાસમાં સહકાર નહી આપતાં હોવાથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ રિમાન્ડ પણ મંજૂર કરી દેવામાં આવ્યાં હતાં.

હાઈપ્રોફાઈલ કેસમાં સીઆઇડી ક્રાઈમે પીઆઇ અનંત પટેલ, અમરેલીના તત્કાલીન એસપી જગદીશ પટેલ અને સુરતના વકીલ કેતન પટેલ સહિત કુલ ૧૪ લોકોની ધરપકડ કરી હતી.

આ કેસમાં વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે. ક્રિપ્ટો કરન્સીના કાળા કારોબારના તાર વિદેશ સુધી જોડાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શૈલેષ ભટ્ટ, સતીશ કુંભાણી સહિતના શખ્સો સામે નોંધાયેલી બે ફરિયાદના આધારે ઈડીએ તપાસ શરૂ કરી હતી.

એક ફરિયાદ મુજબ સતિષ કુરજીભાઈ કુંભાણી અને અન્ય શખ્સોએ બિટકોઈનમાં રોકાણ કરવા માટે લોકોને પ્રેરિત કરી ગુનાની રકમ મેળવી હતી. સતિષ કુંભાણી અને તેની ગેંગે બિટકોઈન અને સ્થાવર મિલકતો હસ્તગત કરવા ગુનાની રકમનો દુરુપયોગ કર્યો હતો. હવે આ કેસમાં વધારે તપાસ શરૂ કરવામાં આવી રહી છે.

# સુરતમાં ટેક્સટાઈલ વેપારીની તાપી નદીમાં મોતની છલાંગઃ માંદગીથી કંટાળી મોતને વહાલું કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના ડભોલી બ્રિજ પરથી એક ૪૨ વર્ષીય યુવકે તાપી નદીમાં મોતની છલાંગ લગાવી હતી. ઘટનાને નજરે જોનારા લોકોએ તાત્કાલિક યુવકને બચાવવા નદીમાં ઝંપલાવ્યું હતું. યુવકને બહાર લાવ્યા બાદ ફાયર ઓફિસરે સીપીઆર પણ આપ્યા હતા.

ત્યાર બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે યુવકને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. મળતી માહિતી પ્રમાણે, મૂળ સાવરકુંડલાના અને હાલ સુરતના કોઝ-વે રોડ પર આવેલા સુમન દર્શન આવાસમાં રહેતા ૪૨ વર્ષીય પરેશભાઈ વેલજીભાઈ કાછરીયા ડભોલી બ્રિજ પર પોતાની મોપેડ લઈને પહોંચ્યા હતા. બ્રિજ પર મોપેડ પાર્ક કરી, કંઈપણ વિચાર્યા વગર તેમણે તાપી નદીના વહેતા પાણીમાં ઝંપલાવ્યું હતું.

બ્રિજ પરથી પસાર થતા લોકો આ દશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. ગણતરીની મિનિટોમાં જ સ્થાનિક તરવૈયાઓ અને લોકો યુવકને બચાવવા નદીમાં પડ્યા હતા અને તેને બહાર કાઢી લાવ્યા હતા.

મૃતક પરેશભાઈ ટેક્સટાઈલ વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમના ભાઈના જણાવ્યા અનુસાર, પરેશભાઈ લાંબા સમયથી શારીરિક બીમારીથી પીડાતા હતા. સતત દવાઓ લેવા છતાં તબિયતમાં સુધારો ન થતા તેઓ માનસિક રીતે કંટાળી ગયા હતા. આ માંદગીના કંટાળામાં જ તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.

# અમરેલીના ચિતલ-ખીજડિયા વચ્ચે ટ્રેક પર પથ્થરો અને થાંભલા ગોઠવ્યા, મોટી દુર્ઘટના ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં અજાણ્યા શખ્સો દ્વારા ટ્રેન ઉથલાવવાનું ષડ્યંત્ર ઘડવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના ચિતલ અને ખીજડિયા વચ્ચે રેલવે ટ્રેક પર અજાણ્યા શખ્સો દ્વારા અવરોધો ઊભા કરી ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેનને ઉથલાવવાનું કાવતરું રચવામાં આવ્યું હતું. જો કે, તે કાવતરું નિષ્ફળ રહ્યું, કારણ કે લોકો પાયલોટની સતર્કતાને કારણે સેંકડો મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. સૂત્રોના જાણવ્યા પ્રમાણે ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન જ્યારે ચિતલથી ખીજડિયા તરફ જઈ રહી હતી, ત્યારે ટ્રેક પર અચાનક પથ્થરો અને લોખંડના ફેન્સિંગ પોલ પડેલા જોવા મળ્યા હતા. ટ્રેક પર આ વસ્તુઓ દેખાતા લોકો પાયલોટે ત્વરિત ઈમરજન્સી બ્રેક મારી ટ્રેનને થંભાવી દીધી હતી. જેથી મોટી દૂર્ઘટના ટળી ગઈ હતી.

આ મામલે અમરેલી પોલીસને જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. આ સાથે રેલવે પ્રોટેક્શન ફોર્સ અને રેલવેના ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ટ્રેક પરથી પથ્થરો અને પોલ કબજે કરી ફોરેન્સિક તપાસની તજવીજ હાથ ધરી હતી. આ કૃત્ય આચરનાર અજાણ્યા શખસોને પકડવા માટે આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું.

# વાહનમાં પ્રતિબંધિત વાઈટ એલઈડી લાઈટ હશે તો લાઈસન્સ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વધતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય વાહન-વ્યવહાર કમિશનરે વાહનોમાં ગેરકાયદે રીતે લગાવવામાં આવતી વધારે રોશની વાળી વ્હાઈટ એલઈડી લાઇટ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. વાહનમાં કંપની ફિટેડ સિવાયની સફેદ એલઈડી /એચઆઈડી લાઇટ લગાવેલી હશે તો દંડ અને લાઇસન્સ સસ્પેન્ડ તો થશે જ પરંતુ સાથે વાહન જપ્ત સહિતની કાર્યવાહી કરવામાં આવશે. આ માટે હવે સ્પેશ્યલ ડ્રાઈવ શરૂ કરવા માટે વાહન-વ્યવહાર કમિશનર દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો.

રાજ્યભરના તમામ આરટીઓ અને ટ્રાફિક પોલીસને ગાંધીનગરથી વાહન-વ્યવહાર કમિશનર દ્વારા પત્ર લખી સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. પત્રમાં જણાવ્યા પ્રમાણે છેલ્લા કેટલાક વર્ષોમાં ખાસ કરીને રાત્રિના સમયે થતા અકસ્માતોમાં સફેદ એલઈડી લાઇટ મુખ્ય કારણ બની રહી છે.

વ્હાઈટ એલઈડી લાઈટ વરસાદ અને ધુમ્મસમાં વધુ જોખમી સાબિત થતી હોય છે. જ્યારે પીળી લાઇટ તુલનાત્મક રીતે સુરક્ષિત માનવામાં આવે છે. જેથી સઘન તપાસના આદેશ આપવામાં આવ્યાં હતાં.

# વડોદરા સેન્ટ્રલ જેલમાં વૃદ્ધ કેદીનું કસ્ટોડિયલ ડેથ, ટોઈલેટમાં ઢળી પડતાં થયું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા સેન્ટ્રલ જેલમાં હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલા કેદીનું મોત થયું હતું. ટોઇલેટમાં ઢળી પડ્યા બાદ વૃદ્ધને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ અહીં હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. મૃતક કેદીની ઓળખ ગોપાલભાઈ ઉર્ફે જનકભાઈ રતિલાલ શેઠ (ઉંમર ૬૦ વર્ષ) તરીકે થઈ હતી. કેદી ગોપાલભાઈ કલોલ, પંચમહાલના વતની હતા. ગત સાંજે મૃતક વૃદ્ધ કેદી જેલના ટોઇલેટમાં અચાનક ઢળી પડ્યા હતા.

વૃદ્ધ કેદીની તબિયત બગડતા તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલમાં પહોંચ્યા બાદ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. કેદીને શ્વાસની બીમારી હતી અને હાર્ટ એટેકના કારણે મોત થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે પોસ્ટમોર્ટમ અંગેની કાર્યવાહી શરૂ કરી હતી. મૃતક કેદીની વર્ષ ૨૦૨૪થી શ્વાસની બીમારીથી પીડાતા હતા અને તેની સારવાર ચાલી રહી હતી. આ મામલે પરિવારને જાણ કરવામાં આવી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલના કોલ્ડરૂમમાં ખસેડવામાં આવ્યો હતો, જેથી મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે. મૃતક કેદી પર વર્ષ ૨૦૧૭માં પાવાગઢ પોલીસ મથકમાં આઈપીસી કલમ ૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) અને ૧૧૪ હેઠળ ગુનો નોંધાયો હતો, જેમાં કોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

# ગુજરાત સરકારે ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની આવાસ યોજનાનું વ્યાજ માફ કર્યું

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની આવાસ યોજનાના લાભાર્થીઓના વ્યાપક હિતમાં મહત્ત્વપૂર્ણ સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો હતો. જેમાં આ નિર્ણય અનુસાર રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની આવાસ યોજનાના જે લાભાર્થીઓ મુદ્દલ સંપૂર્ણ ભરવા સંમત છે પરંતુ માસિક બે ટકા દંડનીય વ્યાજ ભરી શકે તેમ નથી તેમને રાહત મળશે. મુખ્ય પ્રધાન સમક્ષ આવા લાભાર્થીઓએ કરેલી રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે એવા સ્પષ્ટ દિશા નિર્દેશો આપ્યા હતા કે આ આવાસ યોજનાના જે લાભાર્થીઓ ૬ મહિનામાં તેમની બાકી રહેલી મૂદ્દલની સંપૂર્ણ રકમ ભરપાઈ કરે તેમને એક વખત વ્યાજ માફીની યોજના અન્વયે ૨ ટકાના દંડનીય વ્યાજ વસૂલાતમાંથી મુક્તિ અપાશે. ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયથી અંદાજે ૯૦૨૯ જેટલા ગ્રામીણ કુટુંબોને લાભ થશે અને તેઓને કુલ ૧૫૪ કરોડ જેટલી દંડનીય માતબર રકમની રાહત મળશે. એટલું જ નહીં ગ્રામ્ય વિસ્તારના આ કુટુંબોને તેમના નામે મકાન માલિકીના હક્ક મળતા તેઓ સાચા અર્થમાં પોતીકા મકાનધારક થઈ જશે.

# નળ સરોવરમાં પક્ષીઓનો શિકાર, વન વિભાગની ટીમના દરોડામાં ૩૮ પૈકી ૧૧ પક્ષીનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિયાળાની ઋતુમાં દૂરથી આવતા યાયાવર પક્ષીઓનું આશ્રયસ્થાન ગણાતા નળ સરોવરમાં પક્ષીઓના શિકારની ચોંકાવનારી ઘટના બહાર આવી હતી. વન વિભાગ અને પોલીસના સંયુક્ત રીતે ધરજી (દુરગી) ગામમાં દરોડા પાડીને ૩૮ જેટલા વિદેશી પક્ષીઓને શિકારીઓની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા. જો કે, શિકારીઓની નિર્દયતાને કારણે અનેક પક્ષીઓએ દમ તોડી દીધો હતો.

વન વિભાગને બાતમી મળી હતી કે ધરજી ગામના મેણી વાળા ફળિયામાં કેટલાક લોકોએ ગેરકાયદે રીતે પક્ષીઓને કેદ કરી રાખ્યા છે. આ બાતમીના આધારે દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન ત્રણ ઘરોમાંથી કુલ ૩૮ પક્ષીઓ મળી આવ્યા હતા. શિકારીઓએ આ પક્ષીઓ ઊડી ન શકે તે માટે તેમની પાંખો બાંધી દીધી હતી. પક્ષીઓ ઉપરાંત વન વિભાગે સ્થળ પરથી શિકાર માટે વપરાતી પાંખડ, ચાઈનીઝ દોરીની ફિરકીઓ અને પતંગો પણ કબજે કર્યા છે. ૩૮ પક્ષીઓને મુક્ત કરાવ્યા બાદ તેમની સ્થિતિ અત્યંત નાજુક હતી. એક પક્ષી દરોડા દરમિયાન ઘટના સ્થળે જ મૃત હાલતમાં મળી આવ્યું હતું. બાકીના પક્ષીઓને તાત્કાલિક અમદાવાદના બોડકદેવ વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમિયાન અન્ય ૧૦ પક્ષીઓના મોત થયા હતા. હાલ ૨૭ પક્ષીઓ સારવાર હેઠળ છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## જ્યોતિષ વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ




શાસ્ત્રીય શિક્ષણને સમર્પિત અને પચીસ વર્ષથી જ્યોતિષ શાસ્ત્રના પ્રસાર, પ્રચાર માટે કાર્યરત જ્યોતિષ વિદ્યામંદિરનો ૨૩મો વાર્ષિક સમારોહ ઉજવવામાં આવ્યો હતો. એ દરમિયાન ઘાટકોપર અને મુલુંડ ખાતે ચાલતા વર્ગોમાં લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનો પદવીદાન સમારોહ પણ ઘાટકોપર બ્રાહ્મણ સમાજમાં યોજવામાં આવ્યો હતો.

## ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધાના ઈનામ વિતરણ

કલા ગુર્જરી (સ્થાપક સંસ્થા) મુંબઈ દ્વારા આયોજિત ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરિત કરવામાં આવ્યા હતા. ૧૪ વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાહિત્ય-શિક્ષણ સાથે સંકળાયેલા પ્રતિષ્ઠિત મહાનુભાવો પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. કલા ગુર્જરી સંસ્થા છેલ્લાં ૩૬ વર્ષથી કળાને પ્રોત્સાહન આપી રહી છે.

## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) બદ્રે આલમ શેખ | | ૧,૫૦,૦૦૦ |
| ૨) ક્રીપા ફૂજૂર | | ૬૦,૦૦૦ |
| ૩) મોનિરુલ મીર | | ૮૦,૦૦૦ |
| ૪) સબિના યાસ્મીન | | ૩૦,૦૦૦ |
| ૫) રણજિત માલાકાર | | ૫૦,૦૦૦ |
| ૬) રિના ડેર્લિ | | ૧,૦૦,૦૦૦ |
| ૭) બુલતી મંત્રી | | ૨,૦૦,૦૦૦ |
| ૮) ગીતા ઝા | | ૨,૫૦,૦૦૦ |
| ૯) મોહમ્મદ કૈટ નદીમ | | ૧,૩૦,૦૦૦ |
| ૧૦) સરલા શર્મા | | ૮૦,૦૦૦ |
| ૧૧) અનિલકુમાર | | ૩,૫૦,૦૦૦ |
| ૧૨) ભોળા શાહ | | ૨૫,૦૦૦ |
| ૧૩) રિમ્પા દાસ | | ૫૦,૦૦૦ |
| ૧૪) સાયેડા રેસીઆ | | ૧,૦૦,૦૦૦ |
| ૧૫) દિપાલી દત્તા | | ૮૦,૦૦૦ |
| ૧૬) અન્નુ દેવી | | ૧,૨૦,૦૦૦ |
| ૧૭) આરતી ભાંધરી | | ૩૦,૦૦૦ |
| ૧૮) એસ કે સાસુર | | ૨,૦૦,૦૦૦ |
| ૧૯) અબુ બક્કર | | ૧,૨૦,૦૦૦ |
| ૨૦) સુશીલા નારાયણ પાટેકર | | ૧,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.



**બળદગાડાં રેસનો રોમાંચઃ** મહારાષ્ટ્રની પરંપરાગત બળદગાડાં રેસનું નાગપુરમાં આયોજન થયું ત્યારે બળદોને દોડવા માટે પ્રેરિત કરી રહેલો ચાહક. (એજન્સી)

## મહારાષ્ટ્રના તાડોબા અંધારી ટાઇગર રિઝર્વ કોરિડોરમાં ખાણકામ પ્રોજેક્ટ્સને રદ કરોઃ આદિત્યએ કેન્દ્રને વિનંતી કરી

મુંબઈ : શિવસેના (યુબીટી) ના નેતા આદિત્ય ઠાકરેએ કેન્દ્ર સરકારને મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં તાડોબા અંધારી ટાઇગર રિઝર્વ કોરિડોરમાં પ્રસ્તાવિત ખાણકામ પ્રોજેક્ટ્સને રદ કરવા વિનંતી કરી છે, અને કહ્યું છે કે આ પ્રોજેક્ટ્સ ''અનિયંત્રિત ઇકોલોજીકલ નુકસાન પહોંચાડશે.''

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવને લખેલા પત્રમાં, ઠાકરેએ કહ્યું કે આ પ્રોજેક્ટ્ જે જંગલોમાં સ્થિત છે તે જંગલો અને ત્યાં રહેતા વન્યજીવન બંને માટે હાનિકારક છે.

''જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં, મહારાષ્ટ્રના સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફે તાડોબા અંધારી ટાઇગર રિઝર્વ કોરિડોરમાં ઘોડાઝરી વન્યજીવ અભયારણ્ય અને માર્કી-માંગલી નજીક લોહરડોંગરીમાં ખાણકામ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી,'' ઠાકરેએ જણાવ્યું હતું.

એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે મહારાષ્ટ્રના સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફના કેટલાક સભ્યોએ આ અંગે ચિંતાઓ વ્યક્ત કરી હતી અને આ પ્રોજેક્ટ્સનો વિરોધ કર્યો હતો, પરંતુ કમનસીબે અધ્યક્ષ દ્વારા તેમને ધ્યાનમાં લેવામાં આવ્યું નથી. આ પ્રોજેક્ટ્સમાંથી અપેક્ષિત ઉત્પાદન તેના દ્વારા થતા અનિયંત્રિત પર્યાવરણીય નુકસાનની તુલનામાં પ્રમાણમાં ઓછું છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પર્યાવરણ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, આનાથી રાજ્ય માટે જે સંભવિત આવક થશે તે પણ ઓછી છે.

## અટલ સેતુ, કોસ્ટલ રોડ સીધા એરપોર્ટ સાથે જોડાશે

મુંબઈઃ મુંબઈ અને નવી મુંબઈને જોડતા અટલ સેતુને કારણે મહાનગરમાં પ્રવાસ ખૂબ જ સરળ બન્યો છે. હવે, સિડકો દ્વારા આ સેતુને કોસ્ટલ રોડ અને નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સાથે સીધો જોડવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે ઉરણ, પનવેલ, જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી, નવી મુંબઈ એરપોર્ટ અને મુંબઈ વચ્ચેની હેરફેર વધુ ઝડપી અને સરળ બનશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઉરણ તાલુકાના ગવ્હાણ ગામ પાસે આવેલા શિવાજીનગર ઇન્ટરચેન્જ ખાતે છ રેમ્પ બનાવવામાં આવશે. જ્યારે અટલ સેતુનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે કોસ્ટલ રોડનું કામ શરૂ ન હોવાને કારણે આ જોડાણ શક્ય નહોતું. જોકે, હવે સિડકોએ કોસ્ટલ રોડના કામને વેગ આપ્યો હોવાથી, શિવાજીનગર કનેક્ટર દ્વારા જરૂરી જોડાણ પૂર્ણ કરવાનો માર્ગ મોકળો થયો છે. આ છ રેમ્પના નિર્માણ માટે કોસ્ટલ રેગ્યુલેશન ઝોન સત્તાધિકારીએ અમુક શરતો સાથે મંજૂરી આપી દીધી છે અને હવે આ પ્રસ્તાવ આગળની મંજૂરી માટે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય પાસે મોકલવામાં આવ્યો છે. મંત્રાલય તરફથી મંજૂરી મળ્યા બાદ પ્રત્યક્ષ કામગીરી શરૂ કરવામાં આવશે.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ અમલસાડ, હાલ કાંદિવલી ગં. સ્વ. મધુબેન તે સ્વ. મોહનભાઈ કરસનદાસ પટેલના ધર્મપત્નીનું અવસાન તા. ૨૦-૧-૨૬ મંગળવારના રોજ થયેલ છે. તે દીપિકા (જુલી), રીના (ગોટુ) અને જીજ્ઞેશ (લાલુ)ના માતૃશ્રી, વિજલ અને બ્રિજેશકુમારના સાસુ. નીવ અને નીલના દાદી. પ્રાચી, જયતિ અને સ્વરના નાની. પ્રાર્થના સભાઃ મંગળવાર, ૨૭-૧-૨૬ ના રોજ બપોરે ૩ થી ૫. કલાકે. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ૫ મે માળે, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ). પુષ્પાણી વિધિઃ શનિવાર, ૩૧-૧-૨૬ ના રોજ બપોરે ૩ થી ૫. કલાકે. સ્થળઃ ૨ડી/૩૦૨ પારસ નગર, શંકર લેન, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭. લૌકિક રિવાજ બંધ છે. સાસરા-પીયર પક્ષનું બેસણું એક સાથે રાખવામાં આવ્યું છે.

**કપોળ**

કરદેજવાળા સવાઇલાલ ભાઇલાલ મોદી અમેરિકા કેલિફોર્નિયાના રહેવાસી (ઉં.વ. ૮૬) બુધવાર ૨૧ જાન્યુઆરી, ૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે મધુબેનના પતિ. લાઠીવાળા બાલકૃષ્ણ અમૃતલાલ સંઘવીના જમાઇ. દેવાંગ, સંગીતા અને સમીરના પિતાશ્રી. તથા તે તોરલ, અમિત પારેખ અને મીરાના સસરા. પ્રેમ, હેતા, બેલા, તેજ અને જીતના દાદા. રમણીકલાલ, મંજુલાબેન, ચીમનભાઇ, જશવંતલાલ, ચંદ્રકાન્ત, હંસાબેન અને રંજનબેનના ભાઇ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

મોઠા હાલ દહિસર, સ્વ. શાંતાબેન પ્રાણશંકર પાઠક (ઉં. વ. ૮૦) તા. ૨૧.૦૧.૨૬ બુધવારના કૈલાસવાસી થયેલ છે. તેઓ પ્રાણશંકર ભાયશંકર પાઠકના પત્ની. જયેશ, લતા, ભારતી, નિલમના માતુશ્રી. સ્મિતાના સાસુ. સ્વ. રળિયાતબેન ભાયશંકર મુળજીભાઈ પાઠકના પુત્રવધૂ. પ્રાર્થનાસભા તા. ૨૪/૦૧/૨૦૨૬ના શનિવાર ૪.૦૦ થી ૦૬.૦૦. સ્થળ : ૩૧ માળે, ડાયમોડા હોલ, એસ વી રોડ, દહિસર ઈસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

ઢાંક નિવાસી હાલ કાંદીવલી, મહેન્દ્રકુમાર ડાયાલાલ માલવીયા (ઉં. વ. ૭૯) ૨૨/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે કોકીલાબેનના પતિ. ઓજસના પિતા. રશ્મિના સસરા. જીતેન્દ્રભાઈ, સ્વ. ચંદ્રિકાબેન જયેન્દ્ર તલાટી, મધુબેન મુકુંદભાઈ શાહ, મીના ભરત ધાબલીયા, સ્વ. જયશ્રી વિનોદ શાહના ભાઈ. રવિચંદ્ર છગનલાલ માલવિયાના જમાઈ. સાદડી પ્રથા બંધ છે. ઠે. જી ૧૨૭, ગોવર્ધન નગર, બોરસાપાડા રોડ, પોયસર જિમખાનાની સામે કાંદિવલી વેસ્ટ.

**કપોળ વૈષ્ણવ**

જાફરાબાદવાળા, સ્વ. જયશ્રીબેન લલ્લુભાઈ પ્રાણજીવનદાસ મહેતાના જમાઈ લલિતકુમાર ધર્મદેવ કમારા (ઉં. વ. ૬૪) તે ઉર્વશીના પતિ. સ્વ ઇન્દિરા ધર્મદેવ કમારાના પુત્ર. હરીશના નાનાભાઈ, ખુશ્બુ કરણના પિતા. રાજ અને નીલમના સસરા. તા. ૨૧/૧/૨૬ના રોજ મીરારોડ શ્રીજીશરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

અજાબ નિવાસી, હાલ બોરિવલી, સ્વ. ત્રિવેણીબેન તથા સ્વ. હિમ્મતલાલ કરસનદાસ કોટકના પુત્ર સુધીર હિમ્મતલાલ કોટક (ઉં.વ.૭૨) રમેશભાઈ, મુકેશ, જ્યોત્સ્નાબેન ભગવાનદાસ ઠક્કર, માલતી કુંદલિયા, હર્ષદા અને અરુણાના ભાઈ તા. ૨૨/૦૧/૨૬, ગુરુવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ધ્રાફા નિવાસી હાલ ઘાટકોપર, ગં.સ્વ. ઉષાબેન કૃષ્ણકાંત મહેતા (ઉં. વ. ૭૨) તે સ્વ. કૃષ્ણકાંત મનસુખભાઇ મહેતાના ધર્મપત્ની, નેહલ તથા મિતેષના માતુશ્રી. જશવંતભાઈ, રજનીભાઇ, ચંદુભાઈ, ગીરીશભાઈ, મહેશભાઈ, ઇલાબેન અનીલકુમાર ચંદનના ભાભી. સ્વ. શાંતાબેન કાંતિલાલ દાસાણીના પુત્રી, સ્વ. શિરીષભાઈ, કીર્તિભાઇ, સતિષભાઈ, સ્વ. ક્રિષ્નાબેન સુરેશભાઈ સુતરીયાના બેન. તા. ૨૨/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪/૧/૨૬ના રોજ ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફિટ રોડ લવંડર બાગની બાજુમાં ઘાટકોપર ઈસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશાનીમા વણિક**

મેઢાસણ નિવાસી, હાલ મલાડ કાંતિલાલ ચીમનલાલ કાવઠીયા (ઉં. વ. ૮૪) સ્વ. વસુમતિબેનનાં પતિ. સ્વ. ચીમનલાલ તથા સ્વ. આણંદીબેન કાવઠીયાના પુત્ર. સ્વ. મોહનલાલ ગાંધી તથા સ્વ. જશોદાબેનનાં જમાઈ. અજય, નરેશ, સ્વ. સંજયના પિતા. યુતિ, સંકેત, વ્રજેશકુમાર, ભવ્યના દાદા, વનશ્રી તથા જાગૃતિના સસરા તા. ૧૩-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૬ના ૯ થી ૧૧. ઓમ આશિષ સોસાયટી, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ ન. ૪, આયોજન નગરની સામે, મલાડ વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

પોરબંદર નિવાસી હાલ વિરાર, સ્વ. વિજયાબેન અને સ્વ શશીકાંતભાઈ લોટિયાના પુત્ર ધીરેન (ઉં. વ. ૬૮) તે ભાવિકાના પતિ. જતીન, નિલેશ હેમલના પિતા. હેતલ, સોનલના સસરા. ભરત પ્રિતી દિલીપ ગાંધીના ભાઈ. ગં.સ્વ. જ્યોત્સ્નાબેન નવિનચંદ્ર સાંગાણીના જમાઈ. ૨૨/૧/૨૬ને ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૪/૧ના સાંજે ૪ થી ૬. કુબેર બેન્કવેટ હોલ, હોટલ ઓન ધ વેની પાછળ, પ્રિમિયમ પાર્ક, અગાશી રોડ, વિરાર વેસ્ટ.

**કપોળ**

ચિત્તળ નિવાસી હાલ મુંબઇ સિક્કાનગર સ્વ. રમાબેન કિશોરભાઇ દ્વારકાદાસ ભુવાના સુપુત્ર મધુસુદનભાઇ ભુવા (ઉં. વ. ૭૭) તા. ૨૩-૧-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે નિરૂપમાબેનના પતિ. કાજલબેન અને નિરવભાઇના પિતા. ધીરેનભાઇ અને રેશમાના સસરા. ભામિનીબેન રાજેન્દ્રભાઇ ગોરડીયા, આશાબેન સ્વ. સુરેશભાઇના ભાઇ. આનંદભાઇ ગોરડીયાના મામા. સ્વ. દ્વારકાદાસ કેસુરદાસ વોરાના જમાઇ. પ્રાર્થનાસભા લક્ષ્મીનારાયણ મંદિર, માધવબાગ, સી. પી. ટેન્ક સર્કલ પાસે, મુંબઇ-૪૦૦૦૦૪. રવિવાર તા. ૨૫-૧-૨૬ના સાંજે ૫થી ૭.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. ગુણવંતીબેન રણછોડદાસ દામજી શિવજી ગટ્ટા કચ્છ ગામ કોજાચૌરા હાલ મુલુંડ તથા અ. સૌ. જયાબેન જયંતીલાલ ગોપાલજી ગટ્ટાના પુત્રવધૂ અ. સૌ. કુંદનબેન દિનેશ ઠક્કર (ઉં.વ.૬૮) તા. ૨૧-૧-૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તે ગં. સ્વ. કસતુરબેન ખીમજી ભવાનજી આઇયા ગામ નાની અરવવાળાની સુપુત્રી. તે સાગરના માતુશ્રી. અ. સૌ. કાંચીના સાસુ. જયરામના દાદી. રમેશભાઇ ખીમજી આઇયાના બેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૧-૨૬ શનિવાર ૫થી ૬.૩૦. ઠે. મહારાષ્ટ્ર સેવા સંઘ, જે. એન. રોડ, ઇંદીરા નગર, અપના બજારની ઉપર, ૧લે માળે, મુલુંડ (વેસ્ટ) લૌકીક વ્યવહાર બંધ છે.

**સુરતી વિશા લાડ વણિક**

કડોદ નિવાસી હાલ મુંબઇ પેડર રોડ સ્મીતા વિનોદ નાણાવટી (ઉં.વ.૮૭) તા. ૨૨-૧-૧૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. બિપિન કાપડીયા, ઉર્વિ શાહ, પ્રગતિ આશીશ મીરાની, ને આશીષ મીરાની.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ તરસાઇ હાલ મુંબઇ કાંદિવલી મણીલાલ આણંદજી મેઘજી રાયઠઠ્ઠા (ઉં. વ. ૯૩) તે ગં. સ્વ. હંસાબેનના પતિ. તે પ્રફુલ્લા, રાજેશ, જયેશ, રજનીના પિતાશ્રી. તે સ્વ. નાનજીભાઇ, સ્વ. મોહનલાલ, સ્વ. શાંતિલાલ, સ્વ. ગોદાવરી વલ્લભદાસ કોટેચા, સ્વ. ધીરજબાળા ચંદ્રકાંત દક્ષીણીના ભાઇ. તે નીલા, બીના, જયશ્રીના સસરા. તે વલ્લભભાઇ મજીઠીયાના જમાઇ. તે વેદાંત, મિહીર, દીવ્યાશ્રીના દાદા શુક્રવાર, તા. ૨૩-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પોરેચા દશા મોઢ માંડલીયા વણિક મહાજન**

રમીલાબેન ધીરુભાઇ દામાણી (ઉં. વ. ૮૨) તે દેવીબેન ચંદુલાલ મારડીયાના પુત્રી. અતુલ અને દિપ્તીના માતુશ્રી. અમી અને પરેશભાઇના સાસુ. તે નલીનીબેન હિંમતભાઇ તથા મૃદુલાબેન અશ્વીનભાઇ, ઉર્મિલાબેન તથા સ્વ. પુષ્પાબેનના ભાભી. ધ્વની તથા અનિરુદ્ધના દાદી તા. ૨૨-૧-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૬ રવિવારના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. વાય. બી. ચવાણ ઓડિટોરિયમ, સચિવાલય, મુંબઇ.

**કપોળ**

શિહોરવાળા હાલ કાંદિવલી અરવિંદ (ઉં. વ. ૭૭) સ્વ. લીલાવતી દોલતરાય ચકુભાઇ મહેતાના સુપુત્ર. નીલાબેન (ઇન્દુબેન)ના પતિ. મેહુલ તથા મમતાના પિતાશ્રી. ભાવના તથા ધવલભાઇ વોરાના સસરા. બીપીનભાઇ, ભાનુબેન રમાકાન્ત મહેતા, જયોત્સના ભરત કોઠારી, મધુ ભરત ભુતાના ભાઇ. ચિતલવાળા માણેકલાલ પ્રભુદાસ મોદીના જમાઇ. તા. ૨૩-૧-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૬ના સાંજે ૫થી ૭.ઠે. હાલાઇ લોહાણા બાલ આશ્રમ હોલ, મથુરાદાસ રોડ, કાંદિવલી (વેસ્ટ).

## એલ્ગાર પરિષદ કેસમાં બોમ્બે હાઇ કોર્ટે બે કાર્યકર્તાને જામીન આપ્યા

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે એલ્ગાર પરિષદ માઓવાદી લિંક્સ કેસમાં આરોપી કાર્યકર્તા સાગર ગોરખે અને રમેશ ગાયચોરને સમાનતાના આધારે જામીન આપ્યા છે, અન્ય આરોપીઓને પણ આવી જ રાહત આપવામાં આવી છે. ગોરખે અને ગાયચોરની સપ્ટેમ્બર ૨૦૨૦માં ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તેઓ તલોજા જેલમાં બંધ છે. આ બંને પર પ્રતિબંધિત સીપીઆઈ જૂથના સક્રિય સભ્યો હોવાનો આરોપ છે. જસ્ટિસ એ.એસ. ગડકરીની આગેવાની હેઠળની બેન્ચે નોંધ્યું હતું કે આ કેસમાં ઘણા અન્ય આરોપીઓને લાંબા સમય સુધી જેલવાસ અને નજીકના ભવિષ્યમાં કેસની ટ્રાયલ શરૂ ન થવાની સંભાવનાના આધારે જામીન આપવામાં આવ્યા છે. ''તેથી સમાનતાના આધારે, બંને અપીલકર્તાઓ પણ જામીન પર મુક્ત થવાને પાત્ર છે,''

# પારસી મરણ

વીરાફ ગોદરેજ ભેસાનીયા તે મરહુમ યાસમીનના ધની. તે મરહુમો એમી ગોદરેજ ભેસાનીયાના દીકરા. તે રોહીનતનના ભાઇ. તે પરસીસ ઝુબીન કુપરના કાકાજી. તે રીયાના ગ્રેટ ગ્રાન્ટ કાકા. તે મરહુમો રતામાય માનેક શીકારીના જમાઇ. (ઉં. વ. ૮૧) રે. ઠે. કે-૧/૩૪ મેરવાનજી કામા પાર્ક રોડ, મીડટાઉન હૉટેલ આગળ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે મીથઇવાલા અગિયારીમાં છેજી.

# જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

સેદરડાવાળા હાલ ડોંબીવલી, ધીરજલાલ વીરચંદ દોશી (ઉં. વ. ૯૧) બુધવાર તા.૨૧-૧-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. ભાનુબેનના પતિ. સ્વ. દલીચંદભાઇ, સ્વ. મનસુખભાઇ, સ્વ. હઠીચંદભાઇ, સ્વ. હિંમતભાઇ, સ્વ. ગુલાબબેન મનસુખલાલ, સ્વ. લીલીબેન ચંપકલાલ, સ્વ.અનોપબેન મણિલાલ, સ્વ. શાંતાબેન હિમતલાલના નાનાભાઇ. ભાવેશ, દિપક(મીલન), કેતન(ટીકુ), નયના નીખીલકુમાર વોરાના પિતા. શ્વસુરપક્ષે ચોક-મોરચુપણાવાળા સ્વ. બાલચંદ છગનલાલ દોશીના જમાઇ, શીલા, પારૂલ, અમીષા, નીખીલકુમાર રસીકલાલ વોરાના સસરા. લૌકિક વ્યવહાર રાખેલ નથી. નિવાસસ્થાનઃ- કેતન દોશી, ૨૦૪, જે.એમ.વીલા, સી.કે.પી.હોલની બાજુમાં, એસ.પી.મુખર્જી રોડ (તીલક રોડ), ડોંબીવલી ઇસ્ટ.

**દશા શ્રીમાળી જૈન**

મુળવતન લીંબડા હાલ બદલાપૂર, સ્વ. ચંદ્રકાંત ફુલચંદ શાહ (ફિફાદરા) તે સંદીપ, સ્વ. ભાવિનના પિતા. કવિતા તથા જીનલના સસરા. સ્વ. જયોત્સનાબેનના પતિ. સ્વ.ચંદુલાલ ઉપાધ્યાયના જમાઇ. તા. ૨૨/૧/૨૬ના અવસાન પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૫/૧/૨૬ના રોજ ૩ થી ૫. બી ૨, ૨૦૬ રમ્ય સોસાયટી, મહાકાળી સુપર માર્કેટની સામે, વાંગણી અંબરનાથ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી રાયણનાં મુકેશ લક્ષ્મીચંદ ગડા (ઉં. વ. ૫૯) તા. ૨૧-૧-૨૬નાં કચ્છમાં અવસાન પામેલ છે. રમીલા લક્ષ્મીચંદના પુત્ર. છાયાના પતિ. દ્રષ્ટીના પિતા. ધર્મેન્દ્રના ભાઇ. કોડાયના ચંપાબેન માવજી દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : છાયા મુકેશ ગડા, માખરીયા હાઉસ, શ્રધ્ધાનંદ રોડ, વિલેપાર્લા, (ઇ.) ૫૭.

આધોઇના સ્વ. નેણશી ગાલા (ઉં. વ. ૬૩) સોમવાર, તા. ૧૯.૧.૨૬ના મુંબઈ મધે અવસાન પામેલ છે. લીલાબેન/રત્નાબેન કુંભા ગાલાના સુપુત્ર મંજુલાબેનના પતિ. લતીશ, ચિરાગ, વિપુલના પિતાશ્રી. ગેલા, રવજી, અરજણ, મણીલાલ, આસઈ, કેસરબેન, નવલના ભાઈ. ગામ સામખીયારીના લાધી/મુરઈ ગાંગજી શીવજી ગડાના જમાઈ. પ્રાર્થના શનિવાર, ૨૪-૧-૨૦૨૬, સ્થળઃ યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ), મુંબઈ. સમયઃ ૧૧ થી ૧૨.૩૦.

લુણીના શાંતીલાલ પ્રેમજી ટોકરશી દેઢીયા (ઉં. વ. ૭૦) ૨૨-૦૧-૨૬ના અવસાન પામેલ છે. મઠાબેન પ્રેમજીના સુપુત્ર. સરોજના પતિ. મહેન્દ્ર લક્ષ્મીચંદ, સમાઘોઘા હંસા કાંતીલાલ, ડેપા કિરણ અશોક, મુંદ્રા પુષ્પા પંકજ, સ્વ. કંચનના ભાઇ. બારોઇના ભાનુબેન ગાંગજી પ્રેમજી ધરોડના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પિયુષ ગાંગજી ધરોડ, ૫૦૩, અરૂણોદય હાઉસીંગ સોસાયટી, જુહુ ક્રોસ લેન, ન્યુ ઇન્ડીયા સ્ટાફ ક્વાર્ટર્સની સામે, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮.

કપાયાના અ.સૌ. હર્ષિદા (બબાલી) હેમંત દેઢિયા (ઉં. વ. ૬૪) દેવલાલી મધ્યે તા. ૨૧-૧-૨૬ના અવસાન પામેલ છે. સાકરબેન મગનલાલ ધારશીના પુત્રવધૂ હેમંતના ધર્મપત્ની. રૂપલ, રીંકલ, પ્રિયલ ના માતુશ્રી. રામાણીયાના સાકરબેન ખેતશી રાંભિયાના સુપુત્રી. કાંતી (૫૫ુ), જયા કવીન્દ્ર, બીના ભરત, રક્ષા કમલેશ, નીપા જયેશના બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી મુ.શ્વે. જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડી, ૧લે માળે. ટા. ૪ થી ૫.૩૦.

વાંકીના પ્રભાવતીબેન ટોકરશી છેડા (ઉં. વ. ૮૩) તા. ૨૨-૧-૨૬ના અવસાન પામ્યા છે. ટોકરશી (બાબુભાઈ) મેઘજીના ધર્મપત્ની. હીરબાઈ મેઘજી ભુલાના પુત્રવધૂ. જયેશ, જીતેન્દ્ર, રેખા, બીનાના માતુશ્રી. વડાલા લાછબાઈ કાકુભાઈ લખમશી ગાલાના સુપુત્રી. પ્રેમજી, જગશી, બગડા અમૃતબેન દામજી વેલજી, નિર્મલા લખમશી કાનજી, કેસરબેન મેઘજી ઉમરશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયેશ છેડા : એ-૪૦૪, નીલકંઠ, એપાર્ટમેન્ટ, ગોકુલદાસ પાસ્તા રોડ, દાદર (ઈસ્ટ).

મેરાઉના મણીબેન જગશી ફુરિયા (ઉં. વ. ૮૯) તા. ૨૨-૧-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. જગશી રાયશીના ધર્મપત્ની. હીરબાઈ રાયશી વરજાંગના પુત્રવધૂ. હંસા, કીર્તિ, રાજેન્દ્ર, કેતનના માતુશ્રી. ડોણ તેજબાઈ હીરજી રવજીના સુપુત્રી. હરખચંદ, કેસરબેન મેઘજી રામજી, સુંદરબેન દેવજી ઘેલા, હેમલતા નાનજી વેલજી, નિર્મળા દેવચંદ વેલજીના બેન. પ્રાર્થના : શ્રી સુમતિનાથ જૈન દેરાસર, ગુજરાત કલબની પાસે, માટુંગા-સે.રે. ટા. ૨ થી ૪.

**રાધનપુર તીર્થ જૈન**

સ્વ. બાલચંદ ઇશ્વરલાલ વોરાના સુપુત્ર પ્રફુલભાઇ વોરા. તે નયનાબેનના પતિ. સ્વ. અરુણભાઇ, સ્વ. સુરેશભાઇ તથા પન્નાબેન વખારીયાના ભાઇ. આનંદ તથા અમીના પિતાશ્રી. કલ્પેશભાઇ તથા અમીના સસરા. તથા સ્વ. રમણીકલાલ વાડીલાલ શાહના જમાઇ. તા. ૨૩-૧-૨૬ના દિવસે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૬ના દિવસે સાંજે ૫.૩૦થી ૭.૩૦. ઠ. આઇએમએ હોલ, ઋતંભરા કોલેજ સામે, જુહુ ખાતે રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ટંકારા નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. રસીલાબેન લાલચંદભાઇ દોશી (ઉં.વ.૭૭) તા. ૨૩-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. લાલચંદભાઇ દલીચંદભાઇ દોશીના ધર્મપત્ની. કાર્તિકભાઇ, દર્શનાબેન, કવિતાબેન, કામિનીબેન, વૈશાલીબેનના માતુશ્રી. કિંજલબેન, પ્રિયેશભાઇ, પરાગભાઇ, જીતેન્દ્રભાઇ, કપિલભાઇના સાસુ. સ્વ. નિમચંદ પોપટલાલ ટોળીયાના પુત્રી. વિશ્વ, સૃષ્ટિ, કાવ્યના નાની. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૬ રવિવારના સાંજે ૪થી ૫.૩૦. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

પાંચમા પાનાનું ચાલુ

### મહાડ ચૂંટણી હિંસા

કાયદાનું શાસન અસ્તિત્વમાં છે, અને શું મુખ્ય પ્રધાન એવા કેબિનેટ પ્રધાન સામે કાર્યવાહી કરવા માટે 'લાચાર' છે જેમનો પુત્ર અઠવાડિયાથી ધરપકડથી બચી રહ્યો છે. શુક્રવારે એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ ન્યાયાધીશ માધવ જામદારની સિંગલ બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી કે વિકાસ ગોગાવલે અને તેમના પિતરાઈ ભાઈ મહેશ ગોગાવલે સહિત કેસના તમામ આરોપીઓએ મહાડ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. કોર્ટે નિવેદન સ્વીકાર્યું.

### મુંબઈમાં

સાત ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી કરવામાં આવવાનું છે. તેથી શહેર અને પૂર્વ ઉપનગરના મોટાભાગના વિસ્તારોમાં પાણીપુરવઠાને અસર થશે. તેથી આ સમયગાળા દરમ્યાન અહીં ૧૦ ટકા પાણીકાપ લાગુ કરવામાં આવ્યો છે. દક્ષિણ મુંબઈના કોલાબાથી દાદર, પરેલ સુધીના વિસ્તાર તથા પૂર્વ ઉપનગરમાં મુલુંડ, ભાંડુપ, નાહુર, કાંજુરમાર્ગ, વિક્રોલી, ઘાટકોપર, કુર્લા, ચેમ્બુર, ગોવંડી અને દેવનાર જેવા વિસ્તારનો સમાવેશ થાય છે.

### સત્તા આજે છે

સાથે જ રહેશે. તેઓ કેવી રીતે જીત્યા તે પૂરા મહારાષ્ટ્રને ખબર છે. અનેક જગ્યાએ ઈવીએમ મશીન જ બગડી ગયા હતા. મતદારોને તેઓ મતદાન કોને કરીએ છે તે ખબર જ નહોતી પડી. મશીન વાપર્યા તેમાં ગડબડ કરી તો તમે આને લોકશાહી કેવી રીતે ગણવો છો એવો સવાલ પણ તેમણે કર્યો હતો. મતદાન કેન્દ્રમાં ગડબડ કરી. જો અમે સમયસર મતદાર યાદીમાં ડબલ નામ શોધ્યા નહીં હોત તો મુંબઈનું રીઝલ્ટ હજી ખરાબ આવ્યું હોત એવું કહી ઉદ્ધવે ભાજપ પર ઈવીએમ મશીનમાં ગડબડ કરીને ચૂંટણી જીતી હોવાનો ચોખ્ખા શબ્દોમાં આરોપ કર્યો હતો.

ઉદ્ધવે આડકરી રીતે એકનાથ શિંદેએ કરેલા બળવા અને પક્ષમાં કરેલા ભંગાણની ટીકા કરતા કહ્યું હતું કે અમુક લોકોને બધું આપ્યું તો પણ તેમને બળવાખોરી કરી પણ ગયા તો સારું જ થયું. જેમ પાનખર આવે છે અને ઝાડ પર નવા પત્તા હવે આવે છે. તેમ હવે શિવસેના પણ નવેસરથી ફરી ઊભી થશે. અમુક સમયે આવું થવું જરૂરી પણ હોય છે. સડેલા પાન ખરે નહીં ત્યાં સુધી નવા આવતા નથી. જે સડયા હતા તે જ ગયા. જો કોઈ તેને પોતાના ઝાડમાં લગાવી સુંદર સમજતા હોય તો જવા દો. તેમનામાં જીવ નથી. તેમને ફેવીકોલ લગાવીને સારું માનવા દો. એક ગદ્દાર ગયો તેની સામે મારા ચાર નિષ્ઠાવાન શિવસૈનિકો છે. શિવસેનાને નવેસરથી ફરી બેઠી કરવી છે, જેમાં મારા તમામ નિષ્ઠવાન મારી સાથે છે કહીને તેમણે પોતાના શિવસૈનિકોને પોરસ ચઢાવ્યો હતો. તેઓ માનતા હોય કે તેઓ આ રીતે શિવસેના ખતમ કરી દેશે તો જાણી લે કે શિવસેના એક રાજકીય પક્ષ નથી પણ સેના એક વિચાર છે.

### થાણેમાં

જણાવ્યા મુજબ થાણે અને મુંબઈ મહાનગરપાલિકાને પાણીપુરવઠો કરનારા પિસેમાં ભાતસા નદી પણ બાંધવામાં આવેલા બંધમાં પાણીનું સ્તર વધારવા માટે બેસાડવામાં આવેલા ન્યુટિક ગેટ સિસ્ટમનું સમારકામ કરવામાં આવવાનું છે. તે માટે ન્યુટિક ગેટ સિસ્ટમનું સમારકામ કરવા માટે નદીના પાણીનું સ્તર ઓછું કરવામાં આવ્યું હોવાથી આ સમયગાળામાં પિસેના પંમ્પિંગ સ્ટેશન સેન્ટરમાં પાણીનું સ્તર ઓછું થયું છે. તેથી થાણે મહાનગરપાલિકાને થનારા પાણીપુરવઠામાં ૨૦ ટકાનો ઘટાડો થયો હોવાથી થાણે શહેરને ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થઈ રહ્યો છે. એ પાર્શ્વભૂમિ પર થાણે મહાનગરપાલિકાએ આગામી ૧૨ દિવસ માટે પાણીનું શટડાઉન લઈને જુદા જુદા વિસ્તારમાં તબક્કાવાર પાણીકાપ મુક્યો છે.

### બાળ ઠાકરેને

સારવાર કરી હતી. ''જ્યારે મેં (અવિભાજિત શિવસેનાથી) અલગ થવાનું નક્કી કર્યું, ત્યારે એક વાત મને પરેશાન કરતી હતી કે હું પહેલાની જેમ મારા લોકોને વારંવાર મળી શકીશ નહીં. મેં મારા પિતા ગુમાવ્યા હતા અને હવે હું મારા કાકાથી દૂર જઈ રહ્યો હતો. આ વિચાર મને ખાઈ રહ્યો હતો. પાર્ટી છોડવા કરતાં પણ વધુ, ઘર (માતોશ્રી) છોડવું વધુ પીડાદાયક હતું,'' રાજે તેમના લેખમાં કહ્યું.

''મારા કાકા, બાળાસાહેબ કેશવ ઠાકરેનો મારા બાળપણ અને યુવાવસ્થા પર ભારે પ્રભાવ હતો. તેઓ પહાડની જેમ મારી પાછળ ઊભા રહ્યા,'' તેમણે લખ્યું. તેમણે એ પણ યાદ કર્યું કે એક વાર એક ટ્રકે તેમના વાહનને ટક્કર મારી હતી ત્યારે બાળ ઠાકરેએ તેમની ખબર કાઢવા ફોન કર્યો હતો. તેમના કાકાની આદતોને યાદ કરતા રાજે કહ્યું કે બાળ ઠાકરે પાકિસ્તાનનો વિરોધ કરતા હતા, છતાં તેમણે ક્યારેય મહેદી હસન અને ગુલામ અલીની ગઝલો સાંભળવાનું બંધ કર્યું નહીં.

તેમણે એ પણ યાદ કરાવ્યું કે શિવસેના અભિનેતા-ફિલ્મ નિર્માતા રાજ કપૂરને સામ્યવાદી તરફી માનતા હતા અને અવિભાજિત શિવસેના અને શહેરના સામ્યવાદીઓ કટ્ટર હરીફ હતા. ત્યારે રાજ કપૂરે શિવસેના સુપ્રીમોને ૧૯૭૦ની ફિલ્મ 'મેરા નામ જોકર'માં કયા ભાગોને સંપાદિત કરવાની જરૂર છે તે સૂચવવા કહ્યું હતું. રાજે કહ્યું કે દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચન અને તેમના ભાઈ અજિતાભ બચ્ચન, જ્યારે ''બોફોર્સ'' કૌભાંડ દરમિયાન ટીકાનો ભોગ બન્યા હતા, ત્યારે નકારાત્મક પ્રસિદ્ધિની સમસ્યાનો પણ ઉકેલ લાવવા બાળ ઠાકરેને મળ્યા હતા. શિવસેનાના સ્થાપકે બચ્ચનને તત્કાલીન વડા પ્રધાન વી પી સિંહને પત્ર લખવાનું સૂચન કર્યું હતું અને તેમના પત્રથી નકારાત્મક પ્રસિદ્ધિ ઓછી થઈ ગઈ, એમ તેમણે દાવો કર્યો હતો. રાજે ૨૦૦૫માં તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવ પર દોષારોપણ કરીને અવિભાજિત શિવસેના છોડી તેના એક વર્ષ પછી મનસેની રચના કરી હતી.

### સ્કૂલ વૅનમાં

ઘણી ડરેલી જણાતી હતી. માતાએ શાંતિપૂર્વક વિશ્વાસમાં લઈ તેની પૂછપરછ કરી હતી. બાળકીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ કરતાં માતાને આંચકો લાગ્યો હતો. તાત્કાલિક માતા-પિતા અને પડોશીઓ સ્કૂલે પહોંચ્યાં હતાં. કહેવાય છે કે શાળા પ્રશાસન દ્વારા યોગ્ય સહકાર ન મળતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ તરત જ આરોપી ડ્રાઈવરને તાબામાં લઈ ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે અગાઉ પણ બદલાપુરની એક ખાનગી શાળામાં બાળકીઓ સાથે સફાઈ કર્મચારી અક્ષય શિંદે દ્વારા કુકર્મ આચરવાની ઘટના બની હતી. તે સમયે નાગરિકોનો રોષ ફાટી નીકળ્યો હતો. તોડફોડ કરવાની સાથે રેલરોકો કરવામાં આવ્યું હતું. કલાકો સુધી ટ્રેનોને બાનમાં લેવામાં આવી હતી, જેને પગલે ભારે હંગામો મચ્યો હતો. બાદમાં ધરપકડ કરાયેલા અક્ષય શિંદેનું પોલીસ વૅનમાં જ એન્કાઉન્ટરમાં મોત નીપજ્યું હતું.

નાગરિકો ફરી હંગામો ન કરે તે માટે પોલીસે ગુરુવારની ઘટના બાદ તરત કાર્યવાહી હાથ ધરી હતી. તેમ છતાં વાલીઓ અને રોષે ભરાયેલા લોકો રસ્તા પર ઊતર્યા હતા. ટ્રેનને ટાર્ગેટ કરવાની શક્યતા જોતાં પોલીસે રેલવે સ્ટેશન પરિસરમાં ભારે બંદોબસ્ત ગોઠવી દીધો હતો. રાજકીય પક્ષના કાર્યકરો દ્વારા વૅનની તોડફોડનો પ્રયાસ કરાયો હતો.

### મારું વલણ

હતી, જેમાં કેડીએમસી અને મુંબઈનો સમાવેશ થાય છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ એમએનએસ કોર્પોરેટરોના હરીફ પક્ષને સાથ આપવાના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી હતી. શિવસેનાના સ્થાપક અને તેમના કાકા સ્વર્ગસ્થ બાળ ઠાકરેની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે એક્સ પર લખેલી પોસ્ટમાં રાજ ઠાકરેએ કહ્યું, ''આજે વફાદારી સરળતાથી વેચાઈ જાય છે. સિદ્ધાંતોને સરળતાથી છોડી દેવામાં આવે છે, અને રાજકારણ સંપૂર્ણપણે તકવાદી બની ગયું છે. આજના રાજકારણમાં, સફળતા માટે મુદ્દાઓને આગળ કરવામાં આવ્યા હતા, અથવા કેટલી ઉગ્રતાથી પ્રાદેશિક અને ભાષાકીય ઓળખને જીવંત રાખવામાં આવી હતી તેના દ્વારા માપવામાં આવતી નથી, પરંતુ ચૂંટણી રાજકારણમાં કેટલી સફળતા મળી અને ત્યાં પહોંચવા માટે કઈ યુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે તેના દ્વારા માપવામાં આવે છે.''

''બાળાસાહેબના સમયમાં, આવી અપેક્ષાઓ સાથે કોઈ સમાધાન નહોતા. તેમને પોતાને સત્તાની કોઈ લાલસા નહોતી. બાળાસાહેબને ક્યારેક રાજકારણમાં લવચીક વલણ અપનાવવું પડ્યું, ત્યારે પણ મરાઠી લોકો પ્રત્યેનો તેમનો પ્રેમ તસુભાર પણ ઓછો થયો નહીં; તેનાથી વિપરીત, તે વધુ મજબૂત બન્યો. આ અમારામાં સ્થાપિત મૂલ્યો છે,'' એમએનએસ પ્રમુખે કહ્યું.

''હું આજે ફરી એકવાર વચન આપું છું કે આજે સંપૂર્ણપણે બદલાયેલા રાજકારણમાં ભલે હું થોડું લવચીક વલણ અપનાવીશ, પણ તે મારા વ્યક્તિગત લાભ કે સ્વાર્થ માટે ક્યારેય નહીં હોય,'' તેમણે ઉમેર્યું.

બાળાસાહેબનો મરાઠી ભાષા, મરાઠી પ્રાંત અને મરાઠી લોકો પ્રત્યેનો પ્રેમ જોઈને હજારો અને લાખો લોકો તેમની સાથે જોડાયા, અને હું પણ તેમાંથી એક છું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સત્તા આજે છે કાલે નથી, શિવસેના ફરી ઊભી કરીશું

## બાળ ઠાકરેની જન્મ શતાબ્દી પ્રસંગે ઉદ્ધવ ઠાકરેનો હુંકાર

## કેવી રીતે લડવાનું છે તે અમને નહીં શીખવાડો, તે અમારા લોહીમાં જ છે

## મરાઠી માણસનો સાથ નહીં પણ ઈવીએમનો સાથ લઈને જીત્યા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગદ્દારોનો સાથ લઈને અને ઈવીએમની મદદથી જીતનારા જો એવું માનતા હોય કે શિવસેનાના હાથમાંથી મુંબઈ મહાનગરપાલિકા જતી રહી. હાથમાંથી સત્તા જતી રહી અને શિવસેના મરી ગઈ છે તો એ તેમની મોટી ભૂલ છે. સત્તા આજે છે કાલે નથી. મરાઠી માણુસ માટે કેવી રીતે લડવાનું છે તે અમારા લોહીમાં છે, કોઈએ અમને શીખવાડવું નહીં. તેમને મરાઠી માણુસે નહીં પણ ઈવીએમ મશીને જીતાડયા છે. શિવસેના પક્ષ નથી પણ એક વિચાર છે તેને ભાજપ કોઈ કાળે ખતમ કરી શકશે નહીં. એક ગદ્દાર ગયો તેની સામે ચાર નિષ્ઠાવાન અમારી પાસે છે અને તેના થકી અમે ફરી ઊભા થઈશું એવી ગર્જના ઉદ્ધવ ઠાકરેએ (યુબીટી) શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના જન્મજયંતીના કાર્યક્રમ ગુરુવારે કરી હતી.

શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેની જન્મજયંતીનો મુંબઈના ષણમુખાનંદ હોલમાં કાર્યક્રમ ગુરુવારે યોજાયો હતો, જેમાં ઉદ્ધવ ઠાકરે આક્રમકતા સાથે ભાજપની ટીકા કરી હતી. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૬૫ બેઠકો જીતાડવા બદલ મુંબઈગરાનો આભાર માનતા તેમણે ભાજપને આડે હાથ લેતા કહ્યું હતું કે ઠીક છે એક ચૂંટણીમાં આપણા મન જેવું નથી થયું. એવું તો રાજકરણમાં ચાલ્યા કરે પણ તેઓ જો એવું માનતા હોય કે શિવસેનાના હાથમાંથી પાલિકા જઈ રહી એટલે શિવસેના ખતમ થઈ જશે પણ નહીં એમનું સપનું કોઈ દિવસ સાચું નહીં પડે. ગદ્દારોનો સાથ લઈને, ઈવીએમ મશીન અને બોગસ મતદારોની મદદથી જીતનારાઓએ લડવાનું કેવી રીતે છે તે અમને નહીં શીખવાડે. અમારા લોહીમાં જ લડવાનું છે. સત્તા છે આજે કાલે નથી.

મરાઠી માણુસ અમારી સાથે જ રહ્યો છે અને હંમેશાં અમારી (જુઓ પાનું ૪)

## બાળ ઠાકરેને ન મળી શકવું એ શિવસેના છોડવા કરતાં વધુ દુઃખદાયક હતુંઃ રાજ ઠાકરે

મુંબઈ : મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું છે કે પાર્ટી છોડ્યા પછી શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેને નિયમિત ન મળી શકવું એ પાર્ટી છોડવા કરતાં વધુ પીડાદાયક હતું, તેમણે તેમના સ્વર્ગસ્થ કાકાને તેમની પાછળ ઉભેલા પર્વત તરીકે વર્ણવ્યા.સેનાના વડાની શતાબ્દી નિમિત્તે શિવસેના (યુબીટી) ના મુખપત્ર 'સામના'માં શ્રદ્ધાંજલિ આપતા રાજે તેમના કાકા સાથેના તેમના સંબંધને યાદ કર્યો અને નોંધ્યું કે પરિવારનું ઘર 'માતોશ્રી' છોડવાનું વ્યક્તિગત નુકસાન ૨૦૦૫ માં શિવસેના છોડવા કરતાં વધુ હતું.

રાજે લખ્યું કે ૧૯૯૧માં, જ્યારે તેઓ અવિભાજિત શિવસેનાના વિદ્યાર્થી પાંખના વડા હતા, ત્યારે કાલા ઘોડામાં મોરચો કાઢ્યો હતો અને બાલ ઠાકરેએ સાર્વજનિક લેન્ડલાઇન ફોન દ્વારા તેમનું ભાષણ સાંભળ્યું હતું. મનસેના વડાએ એ પણ યાદ કર્યું કે જ્યારે તેઓ બાળપણમાં દાઝી ગયા હતા, ત્યારે તેમના કાકાએ બે મહિના સુધી તેમના ઘા એન્ટિસેપ્ટિકથી સાફ કરી (જુઓ પાનું ૪)

### મારું વલણ બદલાશે તો પણ વ્યક્તિગત સ્વાર્થ માટે નહીં

મુંબઈ : મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના વડા રાજ ઠાકરેએ શુક્રવારે કહ્યું કે જો તેઓ આજના સંપૂર્ણપણે બદલાયેલા રાજકારણમાં થોડું લવચીક વલણ અપનાવે તો પણ તે ક્યારેય તેમના વ્યક્તિગત લાભ કે સ્વાર્થ માટે નહીં હોય.

થાણે જિલ્લાના કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)માં એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાને તેમના પક્ષના પાંચ કોર્પોરેટરોએ ટેકો આપ્યાના બે દિવસ બાદ તેમનું આ નિવેદન આવ્યું છે.

આ પગલાથી લોકોમાં ભારે ચર્ચા જાગી છે કારણ કે ૧૫ જાન્યુઆરીએ મહારાષ્ટ્રના અનેક મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં શિવસેના (યુબીટી) સાથે મળીને એમએનએસએ ચૂંટણી લડી (જુઓ પાનું ૪)

# મુંબઈમાં પૂર્વ ઉપનગર અને શહેરમાં ૧૨ દિવસ ૧૦ ટકા પાણીકાપ

## નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની પાલિકાની સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં આવતા મંગળવારથી બાર દિવસ માટે પૂર્વ ઉપનગર સહિત દક્ષિણ મુંબઈમાં ૧૦ ટકા પાણીકાપ લાદવામાં આવવાનો છે. તેથી પાણીકાપ સમયે મુંબઈગરાને પાણીને સંભાળીને વાપરવાની અપીલ કરવામાં આવી છે. આ સમય દરમ્યાન થાણે તથા ભિવંડીમાં જ્યાં મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પાણીપુરવઠો કરવામાં આવે છે ત્યાં પણ ૧૦ ટકા પાણીકાપ મૂકવામાં આવ્યો છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ પિસેમાં 'ન્યૂમૅટિક ગેટ સિસ્ટમ'નું વાર્ષિક મેઈન્ટેનન્સનું સમારકામ કરવામાં આવવાનું છે. આ કામ મંગળવાર, ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬થી શનિવાર, (જુઓ પાનું ૪)

### થાણેમાં ૧૨ દિવસ જુદા જુદા વિસ્તારમાં તબક્કાવાર પાણીકાપ

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા થાણે અને ભિવંડીને પણ પાણીપુરવઠો કરવામાં આવે છે. મુંબઈમાં ૧૨ દિવસ પાણીકાપ મૂકવામાં આવ્યો છે એ દરમ્યાન થાણેને આપવામાં આવતા પાણીપુરવઠામાં પણ પાલિકા દ્વારા ૧૦ ટકા પાણી ઓછું આપવામાં આવશે. તેથી થાણેમાં ૨૭ જાન્યુઆરીથી સાત ફેબ્રુઆરી સુધીના ૧૨ દિવસના સમયગાળામાં જુદા જુદા વિસ્તારમાં પાણીકાપ રહેશે. થાણે મહાનગરપાલિકાના (જુઓ પાનું ૪)

# સ્કૂલ વૅનમાં ચાર વર્ષની બાળકી સાથે કુકર્મથી બદલાપુરમાં ફરી આક્રોશ

## વૅનના ડ્રાઈવરની ધરપકડઃ સતર્કતા ખાતર રેલવે સ્ટેશન પરિસર અને શાળા ફરતે કડક સુરક્ષા ગોઠવી દેવાઈ

મુંબઈ: બદલાપુરની શાળામાં જ ચાર વર્ષની બે વિદ્યાર્થિની સાથે દુષ્કર્મની ઘટનાને હજુ બે વર્ષ પણ નથી વીત્યાં ત્યાં ફરી બદલાપુરની જ ખાનગી શાળાની ચાર વર્ષની બાળકી સાથે સ્કૂલ વૅનમાં કુકર્મ આચરવાની ઘટના સામે આવી હતી. સ્કૂલ વૅનના ડ્રાઈવરે વિદ્યાર્થિની પર કરેલા જાતીય હુમલાની વાત ફેલાતાં જ બદલાપુરમાં ફરી આક્રોશ નિર્માણ થયો હતો. લોકોના રોષની જ્વાળા ભભૂકી ઊઠે તે પહેલાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી હતી અને સતર્કતા ખાતર બદલાપુર રેલવે સ્ટેશન પરિસર અને શાળા ફરતે કડક સુરક્ષા ગોઠવી દીધી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ગુરુવારની બપોરે બની હતી. રોજ કરતાં બાળકી ઘરે ખાસ્સી મોડી પહોંચ્યા પછી ઘણી ડરેલી જણાતી હતી. માતાએ વિશ્વાસમાં લઈ પૂછતાં બાળકીએ તેની સાથે બનેલી બીના જણાવી હતી. આ પ્રકરણે બદલાપુર પશ્ચિમ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. કોર્ટે તેને ૨૭ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ચાર વર્ષની બાળકી ઘરથી ત્રણેક કિલોમીટરના અંતરે આવેલી ઈંગ્લિશ મિડિયમની જાણીતી શાળામાં જુનિયર કેજીમાં ભણે છે. તે સ્કૂલ વૅનમાં શાળાએ આવ-જા કરતી હતી. રોજ બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ તે ઘરે પાછી ફરતી હતી, પરંતુ ગુરુવારે ખાસ્સું મોડું થયા છતાં તે ઘરે ફરી નહોતી. માતાએ વારંવાર વૅનના ડ્રાઈવરને કૉલ કર્યા હતા. આખરે બાળકી દોઢેક કલાક મોડી ઘરે પહોંચી હતી. ઘરે આવી ત્યારે બાળકી (જુઓ પાનું ૪)

### વૅનનું લાઈસન્સ રદ કરી દંડ ફટકારાયો

બાળકી સાથે કુકર્મ બાદ તપાસમાં કેટલીક ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે. કહેવાય છે કે જે વૅનમાં ઘટના બની તેનો ઉપયોગ વિદ્યાર્થીઓને શાળાએથી લાવવા-લઈ જવા કરવા સંબંધી કોઈ પરવાનગી નહોતી. આ બાબતે કલ્યાણ આરટીઓ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આવી ગંભીર બેદરકારીને ધ્યાનમાં લઈ આરટીઓ દ્વારા વૅનનું લાઈસન્સ રદ કરવામાં આવ્યું છે અને ૨૪ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ■

### આરોપીને જોઈ ડરી ગયેલી બાળકી વાલીઓ પાછળ સંતાઈ ગઈ

સ્કૂલ વૅનમાં બાળકી સાથે શરમજનક ઘટનાની જાણ થતાં જ વાલીઓ બાળકીને લઈ શાળાએ પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ ફરિયાદ મળતાં જ શાળાની મહિલા પ્રિન્સિપાલે બસના ડ્રાઈવરને બોલાવ્યો હતો. ડ્રાઈવર પ્રિન્સિપાલની કૅબિનમાં પ્રવેશ્યો ત્યારે તેને જોતાં જ બાળકી એટલી બધી ડરી ગઈ હતી કે માતા-પિતાની પાછળ સંતાઈ ગઈ હતી. આના પરથી બાળકીની માનસિક સ્તિતિનો અંદાજ આવતાં વાલીઓએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ડ્રાઈવર સાથે શાળા પ્રશાસન પર પણ પગલાં લેવાની માગણી થઈ રહી છે. ■

# મહાડ ચૂંટણી હિંસાઃ પ્રધાન ગોગાવલેના પુત્રએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું

મુંબઈ : મહાડ ચૂંટણી હિંસામાં કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેવા બદલ મુંબઈ હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યાના એક દિવસ પછી, શિવસેનાના પ્રધાન ભરત ગોગાવલેના પુત્ર વિકાસ ગોગાવલેએ આ કેસમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું.

રાજ્ય સરકારે શુક્રવારે કોર્ટને જણાવ્યું હતું કે રાયગઢ જિલ્લામાં મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણી દરમિયાન થયેલી અથડામણના સંદર્ભમાં વિકાસ ગોગાવલે મહાડ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. ગુરુવારે હાઈ કોર્ટે રાજ્ય સરકારને ફટકાર લગાવતા પૂછ્યું કે શું રાજ્યમાં (જુઓ પાનું ૪)

# બોરીવલીમાં ગુજરાતી સિનિયર સિટીઝનની દુકાનમાં ઘૂસીને મારપીટ અને અપમાન

## મહિલા સાથે ઉદ્ધત વર્તનને કારણે પાઠ ભણાવ્યાનો મનસેનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારમાં મરાઠી વિરુદ્ધ બિનમરાઠીને મુખ્ય મુદ્દો બનાવનારી મનસેના કાર્યકરોએ બોરીવલીમાં ગુજરાતી સિનિયર સિટીઝન સાથે મારપીટ કરી તેમનું અપમાન કર્યાનું સામે આવ્યું છે. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં મનસેના કાર્યકરો સાથે ટેલરિંગની દુકાનમાં ઘૂસેલી મહિલા સિનિયર સિટીઝનની મારપી કરતી નજરે પડે છે. આ વીડિયોને કારણે ફરિયાદી ડિપ્રેશનમાં આવી ગયા હતા તો મહિલા સાથે ઉદ્ધત વર્તન કરવાને કારણે પાઠ ભણાવવામાં આવ્યાનો દાવો મનસેએ કર્યો હતો. મળતી માહિતી અનુસાર ઘટના બુધવારે બોરીવલી પશ્ચિમના એક્સર ગામમાં બની હતી. આ મામલે દિનેશભાઈ ગોહિલે (૬૦) એમએચબી કોલોની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

દિનેશભાઈએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે એક્સર ગામ પરિસરમાં તેમની લેડીઝ ટેલરની દુકાન છે. દુકાનની બાજુના ભાગમાં તેમણે ઓટલો બનાવ્યો હતો. આ ઓટલે પરવાનગી વગર બનાવ્યો હોવાનું કહીને તોડી નાખવામાં આવ્યો હતો.

બુધવારે દિનેશભાઈ દુકાનમાં એકલા હતા ત્યારે ૪૦થી ૫૦ જણ એ જ પરિસરમાં રહેતી મહિલા સાથે આવ્યા હતા. એ મહિલા દુકાનના ભાછળના ભાગમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં રહે છે. દુકાનમાં ઘૂસેલા લોકો મનસેના કાર્યકર હોવાનો દાવો કરતા હતા. મહિલાને હાથે પીટાઈ કરાવી તેમણે વીડિયો પણ બનાવ્યો હતો, એવી ફરિયાદ દિનેશભાઈની છે. મારપીટનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં એક મહિલા ફરિયાદીની મારપીટ કરતી દેખાય છે. પછી મનસેના કાર્યકરો ફરિયાદી પાસે માફી મગાવતા હોવાનું નજરે પડે છે. આ વીડિયોને કારણે ડિપ્રેશનમાં આવી ગયેલા દિનેશભાઈએ પોલીસને ફરિયાદ કરી હતી. વીડિયો સોશ્યલ મીડિયા પરથી દૂર કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. જોકે ફરી એ વીડિયો વાયરલ થઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ પ્રકરણે મનસેના શાખાપ્રમુખ કિરણ નકાશે અને વિજય પાટીલ વિરુદ્ધ એમએચબી કોલોની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. કિરણ નકાશેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ૨૦૨૦માં મહિલાના પતિનું નિધન થયા પછી તેની જગ્યા હડપ કરવાનો પ્રયાસ એ લેડીઝ ટેલરે કર્યો હતો. ■

### પુણે પોર્શે કાર કેસ

# સુપ્રીમ કોર્ટે આરોપીની જામીન અરજી પર રાજ્ય સરકાર પાસે જવાબ માગ્યો

મુંબઈ: પુણેના કલ્યાણીનગર વિસ્તારમાં મે, ૨૦૨૪માં બે જણનો ભોગ લેનારા પોર્શે કાર અકસ્માત કેસમાં જામીન મેળવવા માટે આરોપી દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકાર પાસે જવાબ માગ્યો છે. પુણેના કલ્યાણીનગરમાં ૧૯ મે, ૨૦૨૪ની રાજે દારૂના નશામાં પોર્શે કાર હંકારી રહેલા ૧૭ વર્ષના સગીરે બે આઇટી પ્રોફેશનલને કચડી નાખ્યા હતા. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને ઉજ્જલ ભુયાનની બેન્ચે રાજ્ય સરકારને નોટિસ જારી કરી અને આ કેસના આવા મામલાઓ સંબંધી બોમ્બે હાઇ કોર્ટના ૧૬ ડિસેમ્બરના આદેશ સામે આરોપી અમર ગાયકવાડની અરજીને જોડી દીધી હતી. ગાયકવાડ વતી એડવોકેટ સના રઇસ ખાને રજૂઆત કરી હતી કે હાઇ કોર્ટે તેને જામીન નહીં આપવાની ભૂલ કરી છે.

સના ખાને ગુરુવારે બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી કે અરજદાર સામે એકમાત્ર આરોપ એ હતો કે તેણે નાણાકીય વ્યવહાર માટે વચેટિયા તરીકે કામ કર્યું હતું, જે પુરાવા સાથે ચેડા કરવા અથવા સસૂન હોસ્પિટલમાં સગીરના લોહીના નમૂનાની અદલાબદલી કરવા માટે કરાયું હતું. (પીટીઆઇ) ■

# સગીરા પર બળાત્કાર ગુજારી તેને ગર્ભવતી બનાવીઃ યુવકને ૨૦ વર્ષની કેદ

થાણે: ૧૭ વર્ષની સગીરા પર વારંવાર બળાત્કાર ગુજારીને તેને ગર્ભવતી બનાવવા બદલ થાણેની કોર્ટે ૨૩ વર્ષના યુવકને ૨૦ વર્ષની સખત કેદ ફટકારી હતી.

સ્પેશિયલ પોક્સો કોર્ટનાં જજ રૂબી યુ. માલવણકરે ગુરુવારે આરોપી ગૌરાંગ ગિરીશ કંથારિયાને ભારતીય દંડસંહિતાની કલમ ૩૭૬ (૨) (એન) (મહિલા પર વારંવાર બળાત્કાર ગુજારવો) તેમ જ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ દોષી ઠેરવ્યો હતો.તપાસકર્તા પક્ષ અનુસાર ભાયંદર પૂર્વમાં રહેતા કંથારિયાએ ૨૦૨૧માં પીડિતા સાથે મિત્રતા કરી હતી અને બાદમાં લગ્નની લાલચે તેના પર અનેક વખત બળાત્કાર ગુજાર્યો હતો. કંથારિયા વિરુદ્ધ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન વારંવાર બળાત્કારને કારણે પીડિતા ગર્ભવતી બની હતી અને ૧૫ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ તેણે બાળકને જન્મ આપ્યો હતો.

કોર્ટે બચાવ પક્ષની એ દલીલને ફગાવી દીધી હતી કે આ સંબંધ પીડિતાની સંમતિથી થયો હતો. તપાસકર્તા પક્ષે આરોપ સાબિત કરવા ત્રણ સાક્ષીદારને હાજર કર્યા હતા. આરોપીએ પોતાની વય અને કૌટુંબિક જવાબદારીઓનો ઉલ્લેખ કરીને ઉદારતા દાખવવાની વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે એક બાળક સામેના ગુનાની ગંભીરતા નોંધી હતી. કોર્ટે આરોપીને દોષી ઠેરવીને ૨૦ વર્ષની સખત કેદ તેમ જ પીડિતાને વળતર તરીકે ચૂકવવા માટે બે હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. (પીટીઆઇ) ■

# દિંડોશી કોર્ટથી ફિલ્મસિટી વચ્ચે બની રહેલો ફ્લાયઓવર મે અંત સુધીમાં ખુલ્લો મુકાશે

### ફ્લાયઓવરનું ૭૫ ટકા કામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) અંતર્ગત દિંડોશી કોર્ટથી દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી (ફિલ્મસિટી) દરમ્યાન ઊભો કરવામાં આવી રહેલા ફ્લાયઓવરનું ૭૫ ટકા કામ પૂરું થઈ ગયું છે અને ચોમાસાના આગમન પહેલા એટલે મે, ૨૦૨૬ સુધીમાં તેને ખુલ્લો મૂકવાની પાલિકા પ્રશાસનની યોજના છે.

પાલિકાના એડિશનલ કમિશનરે જણાવ્યું હતું કે જીએમએલઆર અંતર્ગત દિંડોશીથી ફિલ્મસિટી વચ્ચે બાંધવામાં આવેલા ફ્લાયઓવરનું અત્યાર સુધી ૭૫ ટકા કામ પૂરું થયું છે. આ ફ્લાયઓવર માટે પ્રસ્તાવિત ૩૧ થાંભલામાંથી ૩૦ થાંભલાનું કામ પૂરું થઈ ગયું છે, થાંભલાના દરેક સ્પાન, ફ્લાયઓવરની બંને તરફના અપ્રોચ રોડ તેમ જ અન્ય સ્ટ્રક્ચરલ કામ તેના નક્કી કરેલા ટાઈમટેબલ મુજબ ચાલી રહ્યા છે. ચોમાસા પહેલા આ ફ્લાયઓવરનું કામ પૂરું કરીને તેને ખુલ્લો મૂકવા માટે આવશ્યકતા જણાઈ તો વધારાના મનુષ્યબળનો ઉપયોગ કરવામાં આવશે.

જીએમએલઆર પ્રોજેક્ટ કુલ ચાર તબક્કામાં પ્રસ્તાવિત છે. ત્રીજા તબક્કાના (એ)કામમાં ફ્લાયઓવર, એલિવેટેડ રોટરી બાંધકામનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ અંતર્ગત દિંડોશી-ગોરેગામ-ફિલ્મસિટી વચ્ચે ફ્લાયઓવરનું કામ ચાલી રહ્યું છે. આ ફ્લાયઓવરનું કામ બે તબક્કામાં કરવામાં આવી રહ્યું છે. દિંડોશી કોર્ટથી ફ્લાયઓવર ચાલુ થાય છે. રત્નાગિરી જંકશન હોટલ પાસે ૯૦ ડિગ્રીએ ખૂણામાં ફ્લાયઓવર વળાંક લેય છે અને ફિલ્મસિટીમાં આ ફ્લાયઓવર ઊતરે છે.

જીએમએલઆર એ મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરને એકબીજા સાથે જોડનારો ચોથો મહત્ત્વનો લિંક રોડ બની રહેશે. આ રોડથી પૂર્વ -પશ્ચિમ ઉપનગરમાં નવો લિંક થવાની સાથે જ ગોરેગામથી મુલુંડનો પ્રવાસનો સમય ૭૫ મિનિટથી ૨૫ મિનિટનો થઈ જશે. ઈંધણની બચત થવાને કારણે મુંબઈના વાયુ પ્રદૂષણમાં પણ સુધારો થશે. ■

# શિવસેનાના નગરસેવક પર હુમલો

થાણે: થાણે જિલ્લાના બદલાપુરમાં ભાજપના પદાધિકારી અને તેના સમર્થકોએ શિવસેનાના નગરસેવક પર હુમલો કર્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

શિવસેનાના નગરસેવક હેમંત ચાતુરેએ ગુરુવારે સોનાવલી વિસ્તારમાં માઘી ગણપતિ પંડાલની મુલાકાત લીધી ત્યારે તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. નગરસેવકના સાથીદારોએ આરોપ કર્યો હતો કે ભાજપના પદાધિકારી તેજસ ઉર્ફે બંટી મ્હસ્કર અને તેના ૨૦થી ૨૫ સમર્થકોએ વિવાદ બાદ ચાતુરે પર હુમલો કર્યો હતો. ■

# મુંબઈના મેયર માટે બંને શિવસેના એક થશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યની ૨૯ મહાનગરપાલિકાના મૅયરપદની લોટરી ગુરુવારે પાર પડી હતી પણ હજી સુધી મુંબઈમાં મૅયરપદ પદે ભાજપ-શિંદેની મહાયુતિમાંથી કોનો ઉમેદવાર બેસશે તે બાબતે નિર્ણય લઈ શકાયો નથી. મૅયરપદને લઈને શિંદેસેના અને ભાજપ વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે ત્યારે મુંબઈના મૅયર માટે શિંદેસેનાએ ઉદ્ધવ ઠાકરે (યુબીટી)ને સમર્થન આપવું જોઈએ એવું યુબીટીના વિધાનસભ્યએ જાહેરમાં કહેતા રાજકીય સ્તરે અનેક તર્ક-વિર્તક થઈ રહ્યા છે પણ યુબીટીના વરિષ્ઠ નેતા સંજય રાઉતે આવું કોઈ જોડાણ થવાનું નથી એવી સ્પષ્ટતા કરી હતી. દિવસભર મૅયરપદને ચાલી રહેલી ચર્ચા અને ભાસ્કર જાધવે શિંદે અને યુબીટીના એક થવા મુદ્દે કરેલા વિધાન સામે યુબીટીના અનેક નેતાઓનો અલગ પ્રતિભાવ રહ્યો હતો. ■

# હાર બાદ ભાજપના વિધાનસભ્યે પોતાની જ પાર્ટી પર 'વિશ્વાસઘાત'નો આરોપ લગાવી, પાર્ટી નેતૃત્વને ફરિયાદ કરી

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પરિણામો પછી પણ હજી રાજકીય આક્ષેપબાજી ચાલુ જ છે. સામાન્ય રીતે, વિપક્ષ પરિણામો પર પ્રશ્નો ઉઠાવતા હોય છે, પરંતુ આ વખતે પહેલીવાર શાસક પક્ષના કોઈ ધારાસભ્યએ પોતાની જ પાર્ટી પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. મુંબઈના વોર્ડ નંબર ૨૦૦ ના ભાજપના ઉમેદવારની હાર બાદ, સ્થાનિક ભાજપ ધારાસભ્ય કાલિદાસ કોલંબકરે પાર્ટી નેતૃત્વને પત્ર લખીને તપાસની માગ કરી છે. તેમણે વોર્ડ ૨૦૦ ના ચૂંટણી પરિણામોને શંકાસ્પદ ગણાવ્યા અને તેને પાર્ટી માટે મોટું નુકસાન ગણાવ્યું. એક મુલાકાતમાં કાલિદાસ કોલંબકરે કહ્યું કે વોર્ડ ૨૦૦ ને 'એ પ્લસ' બેઠક માનવામાં આવતી હતી અને બધા સર્વે ભાજપના ઉમેદવારની જીતની આગાહી કરી રહ્યા હતા. આમ છતાં, અહીં પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો.

# ક્રિટિકલ મિનરલ રિસાઈક્લિંગઃ ₹ ૧,૫૦૦ કરોડની પ્રોત્સાહન યોજનાને ઉદ્યોગનો સારો પ્રતિસાદ

મુંબઇઃ ક્રિટિકલ મિનરલ રિસાઇક્લિંગને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા ગયા ઓક્ટોબરમાં જાહેર કરાયેલી રૂ. ૧,૫૦૦ કરોડ રૂપિયાની મહત્વાકાંક્ષી યોજના સંપૂર્ણપણે કાર્યરત થઈ ગઈ છે અને તેને રિસાઇક્લિંગ ઉદ્યોગ તરફથી મજબૂત સમર્થન મળી રહ્યું છે. આ યોજનામાં સિત્તેરથી વધુ રિસાયકિંલગ કંપનીઓ પહેલાથી જ નોંધણી કરાવી ચૂકી છે અને દસથી વધુ કંપનીઓને સ્પષ્ટ પાત્રતા ધોરણો અને રોકાણ-સંબંધિત પ્રોત્સાહનો સાથે સ્વીકૃતિ આપવામાં આવી હોવાનું ખાણ મંત્રાલય હેઠળ કાર્યરત જવાહરલાલ નેહરુ એલ્યુમિનિયમ રિસર્ચ ડેવલપમેન્ટ એન્ડ ડિઝાઇન સેન્ટરના ડિરેક્ટર ડો. અનુપમ અગ્નિહોત્રીએ જયપુરમાં મટિરિયલ રિસાઇક્લિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય મટિરિયલ રિસાઇક્લિંગ કોન્ફરન્સ (આઇએમઆરસી) ૨૦૨૬ને સંબોધતા જણાવ્યું હતું.

ડો. અગ્નિહોત્રીએ ઉમેર્યું હતું કે આ યોજના ૨૭૦,૦૦૦ મેટ્રિક ટન રિસાઇક્લિંગ ક્ષમતા ઊભી કરવાનું લક્ષ્ય ધરાવે છે અને તે બે શ્રેણીના રિસાયકલર્સ માટે અલગ-અલગ પ્રોત્સાહનોઆપે છે, જેમાં રૂ. ૨૦૦ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી એ ગ્રુપની કંપનીઓ રૂ. ૫૦ કરોડ અથવા પ્લાન્ટ અને મશીનરીના ખર્ચના ૨૦ ટકા, બેમાંથી જે ઓછું હોય તે પ્રોત્સાહનો માટે પાત્ર છે, જ્યારે રૂ. ૨૦૦ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતી બી ગ્રુપની કંપનીઓ રૂ. ૨૫ કરોડ અથવા પ્લાન્ટ અને મશીનરીના ખર્ચના ૨૦ ટકા સુધીના પ્રોત્સાહનો મેળવી શકે છે.

નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન હેઠળ હવે કાર્યરત માર્ગદર્શિકા, પાત્રતા ધોરણો અને સંસ્થાકીય પદ્ધતિઓ સાથે, વક્તાઓએ ભાર મૂક્યો હતો કે ગ્લોબલ સપ્લાય ચેઇન કડક બનાવવા વચ્ચે ફક્ત પ્રાથમિક ખાણકામ કરતાં રિસાઇક્લિંગ ભારતના ક્રિટિકિલ મિનરલ્સ સુધી લાંબા ગાળાની પહોંચ સુરક્ષિત કરવાની ક્ષમતા નક્કી કરશે. ડો. અગ્નિહોત્રીએ કહ્યું હતું કે, ભારતે ૨૪ મહત્વપૂર્ણ ખનિજો ઓળખી કાઢ્યા છે, જેમાંથી ઘણા સંપૂર્ણપણે અથવા મોટાભાગે આયાત આધારિત છે.

આ જોતાં સ્ક્રેપ ઉપલબ્ધતા, પ્રોસેસિંગ અને રિકવરીને વ્યૂહાત્મક પ્રાથમિકતા બનાવે છે. પાંચ થી છ વર્ષનો સમય સાંકડો છે. દેશો પહેલાથી જ સંસાધન રાષ્ટ્રવાદ તરફ આગળ વધી રહ્યા છે. ટૂંક સમયમાં, તેઓ માત્ર અયસ્કની જ નહીં પરંતુ ભંગાર અને કચરાની નિકાસને પણ પ્રતિબંધિત કરશે. જો ભારત સુરક્ષિત સપ્લાય ચેઇન ઇચ્છે છે, તો તેણે સ્થાનિક રિસાઇક્લિંગ અને રિકવરી ક્ષમતા ઊભી કરવા માટે હમણાં જ કાર્ય કરવું પડશે. સપ્ટેમ્બર ૨૦૨૫માં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલ અને ઓક્ટોબરમાં જારી કરાયેલ માર્ગદર્શિકા દ્વારા કાર્યરત પ્રોત્સાહન માળખાની ડિઝાઇન સમજાવતા, ડો. અગ્નિહોત્રીએ જણાવ્યું હતું કે આ યોજના ટૂંકા ગાળાના વોલ્યુમ વિસ્તરણ કરતાં ભંગારમાંથી ઉચ્ચ-ગુણવત્તાવાળી પુનઃપ્રાપ્તિને ઇરાદાપૂર્વક પ્રાથમિકતા આપે છે. ■

# બેન્ચમાર્કમાં ફરી ૭૭૦ પોઈન્ટનો ધબડકો, નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી માંડ ટકાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિદેશી ફંડોવની અકધારી વેચવાલી અને ફોરેક્સમાં રૂપિયાના ડોલર સામે ૯૨ની સપાટીને અથડાવા સાથે ખખડી ગયેલા માનસ વચ્ચે વ્યાપક વેચવાલીનું દબાણ આવતા સેન્સેક્સમાં ફરી ૭૭૦ પોઇન્ટનો ધબડકો નોંધાયો હતો, જયારે નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી માંડ ટકાવી હતી. હજુ પાછલા સત્રમાં ગુરુવારે ડોનલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ બાબતે ફેરવી તોળ્યા બાદ પહેલી ફેબ્રુઆરીથી યુરોપ પર ટેરિફ લાદવાનો નિર્ણય પાછો ખેંચ્યાની જાહેરાતે યુરોપ અને યુએસની ટ્રેડ વોર ટળવાની સંભાવનાને કારણે બેન્ચમાર્કમાં ૮૭૪ પોઇન્ટનો સુધારો જોવા મળ્યો હતો.

સત્ર દરમિયાન ૮૨૫ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ સેન્સેક્સ ૭૬૯.૬૭ પોઇન્ટ અથવા તો ૦.૯૪ ટકાના મોટા ધબડકા સાથે ૮૧,૫૩૭.૭૦ પોઇન્ટની અને નિફ્ટી ૨૪૧.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૯૫ ટકાના ઘટાડા સાથે ૨૫,૦૪૮.૬૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. વ્યાપક વેચવાલીને કારણે સ્મોલ કેપ ઇન્ડેકસમાં ૨.૧૯ ટકાનો અને મિડકેપ ઇન્ડેક્સમાં ૧.૫૬ ટકાનો કડાકો નોંધાયો હતો.

અદાણી પોર્ટ, ઇટર્નલ, ઇન્ડિગો, એક્સિસ બેન્ક, બજાજ ફિનસર્વ, પાવરગ્રીડ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, સ્ટેટ બેન્ક, મારુતી, બજાજ ફાઇનાન્સ, એનટીપીસી, ટ્રેન્ટ, લાર્સન અને રિલાયન્સ ટોપ લુઝર્સ હતા. જ્યારે ટેક મહિન્દ્રા, હિંદુસ્તાન યુનિલીવર, ઇન્ફોસિસ, એશિયન પેઇન્ટ, ટીસીએસ, ટાઇટન અને અલ્ટ્રાટેક સિમેન્ટ ટોપ ગેઇનર હતા. બજારના સાધનો અનુસાર વિશ્વબજારના સારા સંકેત છતાં એફઆઇઆઇની એકધારી વેચવાલી, રૂપિયાની વિક્રમી નીચી સપાટી, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને કોર્પોરેટ સેકટરના નબળા પરિણામ જેવા કારણોસર સ્થાનિક બજાર ગબડ્યું હતું. બેન્ક ઓફ ઇન્ડિયાએ ત્રિમાસિક ગાળામાં સાત ટકાના વધારા સાથે રૂ. ૨,૭૦૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે ગયા વર્ષના સમાન ગાળામાં રૂ. ૨,૫૧૭ કરોડ હતો. સિપ્લાનો નફો ૫૭ ટકા ઘટીને રૂ. ૬૭૬ કરોડ, અદાણી ગ્રીન એનર્જીનો નફો ૯૯ ટકાના કડાકા સાથે પાંચ કરોડ રૂપિયા નોંધાયો હતો. ફોન પેના આવી રહેલા આઇપીઓ મારફત તેના શેરધારક વોલમાર્ટ, ટાઇગર ગ્લોબલ, માઇક્રોસોફ્ટ ગ્લોબલ ફાઇનાન્સ તેમના રૂ. ૧૦,૧૧૫ કરોડ સુધીના હિસ્સાનું વેચાણ કરી રહ્યા છે. ઉક્ત આઇપીઓ સંપૂર્ણપણે ઓએફએસ રહેશે. ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઇસના નફામાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. કોર્પોરેટ પરિણામ મિશ્ર રહ્યા છે. વારી એનર્જીએ બમણીથી વધુ વૃદ્ધિ સાથે રૂ. ૧૧૦૬ કરોડનો નફો નોંધાવ્યો છે. યુનાઇટેડ સ્પિરિટે ચોખ્ખો નફામાં ૨૪.૭૭ ટકાનો વધારો નોંધાવ્યો હતો. શોપર્સ સ્ટોપે ત્રીજા ક્વાર્ટરમાં ૬૯ ટકાના જોરદાર ઘટાડા સાથે રૂ. ૧૬.૧૨ કરોડનો નફો જાહેર હતો.

એજ્યુકેશન ક્ષેત્રે બેસ્ટ બ્રાન્ડ સહિતના પારિતોષકો પ્રાપ્ત કરનાર અને દેશના ૧૫ મોટા શહેરોમાં ૪૦ સ્કૂલ સંચાલિત કરનાર વીબગ્યોર ગ્રુપ ઓફ સ્કુલે વિબગ્યોર લિટરેચર ફેસ્ટિવલની પ્રથમ એડિશન પાર પાડી હતી, જેમાં વિદ્યાર્થીઓ, ટીચર્સ, પેરેન્ટ્સ અને ક્રીએટીવ પ્રોફેશનલ્સ એક છત્ર નીચે અકત્ર થયા હતા અને ઇન્ટએક્ટિવ સેશન યોજ્યા હતા.

કંપની પરિણામોની નિરાશાએ પણ સેન્ટિમેન્ટને નુકસાન પહોંચાડ્યું હતું. ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, વિપ્રો બાદ એલટીઆઇ માઇન્ડટ્રીએ પણ નાણાકીય મોરચે રોકાણકારોને નિરાશ કર્યા હતા જોકે, ડિસેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં આઇટીસીનો નફો ૯.૬૦ ટકા વધીને રૂ. ૨૩૭ કરોડ જ્યારે, એસઆરએફએ નફો ૫૯.૬૦ ટકા વધીને રૂ. ૪૩૨.૬૬ કરોડ નોંધાયો છે.

આઇઆરએફસીએ ૧૦.૫૧ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૦૨ કરોડનો ચોખ્ખો નફો અને પીએનબીએ ૧૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૧૦૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. ■

# વૈશ્વિક સોના-ચાંદીમાં બાઉન્સબૅક, સ્થાનિકમાં ચાંદીમાં ₹ ૧૭,૯૯૪નો ચમકારો, સોનું ₹ ૩૧૮૨ ઉછળ્યું

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ગઈકાલે ટ્રેડ વૉરનો તણાવ હળવો થતાં સોના અને ચાંદીના ભાવમાં કડાકા બોલાઈ ગયા બાદ આજે પુનઃ ભૂરાજકીય અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે સોના અને ચાંદીના ભાવે નવી વિક્રમ સપાટી નોંધાવ્યા બાદ સાધારણ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં પીછેહઠ જોવા મળી હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭,૯૯૪નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૬૯થી ૩૧૮૨ ઉછળી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૧૭,૯૯૪ના બાઉન્સબૅક સાથે ફરી રૂ. ત્રણ લાખની સપાટી કુદાવીને રૂ. ૩,૧૭,૭૦૫ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, આજે મુખ્યત્વે ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલીને બાદ કરતાં સાર્વત્રિક સ્તરેથી માગમાં સૂનકાર હતો. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે રૂ. ૩૧૬૯ વધીને રૂ. ૧,૫૩,૬૯૨ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૧૮૨ વધીને રૂ. ૧,૫૪,૩૧૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો સહિત રિટેલ સ્તરની માગ પણ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ જે વધીને એક તબક્કે ઔંસદીઠ ૪૯૬૭.૦૩ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલી નીકળતાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ૪૯૩૦.૪૪ ડૉલર આસપાસ અને ફેબ્રુઆરી ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ૪૯૩૨.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૪ ટકા વધીને ઔંસદીઠ ૯૮.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે ભાવ વધીને ૯૯.૩૪ ડૉલર સુધી પહોંચ્યા હતા.

એકંદરે ભૂરાજકીય તણાવ અને ટૅરિફ વૉરની ભીતિ દૂર થઈ હોવા છતાં હજુ અમુક અંશે અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા જણાતા આજે વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું એફએક્સટીએમના વિશ્લેષક લુકમાન ઑટુન્ગાએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાચાંદીમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીના આંચકા જોવા મળી શકે છે. દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે નાટો સાથે થયેલી સમજૂતીના આધારે ગ્રીનલેન્ડ પર કબજો કરવા માટે મંજૂરી લઈ લેવામાં આવી છે.

વધુમાં તાજેતરમાં કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી અને તાજેતરના ડિડૉલરાઈઝેશનના વલણને કારણે પણ સોના-ચાંદીની તેજીને ટેકો મળી રહ્યો છે. હાલમાં રોકાણકારોની નજર આગામી ૨૭-૨૮ જાન્યુઆરીના રોજ યોજાનારી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. જોકે, બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખવામાં આવે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. ■

# સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૨ની સપાટી સ્પર્શીને અંતે ૩૨ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો ૩૦ પૈસા સુધી મજબૂત થયા બાદ ખાસ કરીને વૈશ્વિક બજારોના જોખમો સપાટી પર આવવાની સાથે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં રૂપિયો ૯૨ની ઐતિહાસિક નીચી સપાટી સુધી ગબડ્યો હતો અને સત્રના અંતે ગઈકાલના બંધ સામે ૩૨ પૈસાના ઘટાડા સાથે ૯૨ની સપાટીની લગોલગ નવી નીચી ૯૧.૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૧.૮૮ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૯૧.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૯૧.૪૧ અને નીચામાં ૯૨ની સપાટી સુધી ગબડ્યા બાદ અંતે ૩૨ પૈસાના ઘટાડા સાથે ૯૧.૯૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત ૨૧મી જાન્યુઆરીના રોજ ડૉલર સામે રૂપિયો ૬૮ પૈસાના કડાકા સાથે ૯૧.૬૫ની વિક્રમ સપાટીએ બંધ રહ્યો હતો. ■

# ખાંડમાં માગને ટેકે જળવાતી આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૦થી ૩૭૧૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સથાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. આઠથી ૧૮ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮ અને ઉપલા મથાળેથી રૂ. આઠના સુધારા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૬૦માં થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૬૦માં થયા હતા. ■

# ટીન અને નિકલની આગેવાનીમાં ધાતુમાં સુધારો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ઘટ્યા મથાળેથી અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨૫ અને રૂ. ૬૫નો ઉછાળો આવ્યો હતો. તેમ જ આજે ટીન અને નિકલની આગેવાનીમાં કોપરની અમુક વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨૫ વધીને રૂ. ૪૯૬૭ અને રૂ. ૬૫ વધીને રૂ. ૧૭૨૦ના મથાળે રહ્યા હતા. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પથ | માંદું |
| પથિકા | માર્ગ |
| પથારો | ગ્રંથ |
| પોથી | ફેલાવો |
| પથારીવશ | સૂકી દ્રાક્ષ |

### જાણવા જેવું

ધર્મશાસ્ત્ર પ્રમાણે હું કોણ છું ? આ જગત કેવી રીતે થયું ? આનો કર્તા કોણ છે? આનું ઉપાદાન કારણ કોણ છે ? આ ચાર પદાર્થ વિષયક જે ભાવના તેનું નામ વિચાર. સંપૂર્ણ ઈશ્વરાર્પણ વિના વિચારોની ઉપર સંપૂર્ણ જય ન જ મળી શકે. વિચાર બે જાતના હોય છેઃ બેકાર અથવા નકામા અને કાર્યને પ્રેરનારા.

### ગુજરાત મોરી મોરી રે

જૂની રંગભૂમિના સુવર્ણકાળના એક મુખ્ય સ્તંભ એવી નાટ્ય કંપની શ્રી દેશી નાટક સમાજની સ્થાપના કોણે કરી હતી?

અ) ધનસુખલાલ મહેતા
બ) મૂળશંકર મુલાણી
ક) ડાહ્યાભાઈ ધોળશાજી
ડ) જયશંકર 'સુંદરી'

### નોંધી રાખો

કરેલો યજ્ઞ, પડેલો વરસાદ અને મેળવેલું જ્ઞાન મહત્ત્વ ધરાવે છે. એના ફળ તાત્કાલિક ન પણ મળે, એ ભાગ્યે જ વ્યર્થ જાય છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ■ | ૩ | | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | | ૮ | | ■ | ૯ | | |
| ૧૦ | | | ■ | ૧૧ | | ૧૨ | | ■ | |
| | ■ | ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | ■ |
| ■ | ૧૫ | ૧૬ | ■ | | ■ | ૧૭ | ૧૮ | | |
| ૧૯ | | | ૨૦ | ■ | ૨૧ | ■ | ૨૨ | | ■ |
| ■ | | ■ | | ■ | ૨૩ | | ■ | ■ | ૨૪ |
| ૨૫ | ■ | ૨૬ | | ૨૭ | | ■ | ૨૮ | | |
| ૨૯ | ૩૦ | | ■ | ૩૧ | | | | ■ | |
| ૩૨ | | | | | ■ | ■ | ૩૩ | | |

**આડી ચાવી**

૧. જરાવાર, પળભર (૩)
૩. હરરોજ, હંમેશા (૫)
૭. ઘંટનો અવાજ (૪)
૯. કોરું કપડું (૩)
૧૦. કેફી (૩)
૧૧. પવિત્ર મનનું (૪)
૧૩. કબર (૨)
૧૫. ગર્વ, તોર (૨)
૧૭. તપસ્વીઓનું નિવાસસ્થાન (૪)
૧૯. વ્યર્થ, નકામું (૪)
૨૨. થોડા વાળની સેર (૨)
૨૩. એક વાદ્ય (૨)
૨૬. સંધિવા (૪)
૨૮. શિંગડાવાળા હરણ જેવું એક પ્રાણી (૩)
૨૯. લખેલું ભૂંસવાનું એક સાધન (૩)
૩૧. ગાજર જેવું એક કંદ (૪)
૩૨. મર્યાદા વિના (૫)
૩૩. મોટું નગારું (૩)

**ઊભી ચાવી**

૧. ક્રમ, પ્રણાલી (૪)
૨. સૈન્ય (૩)
૩. તેજ, ભભકો (૩)
૪. કાછિયો (૩)
૫. નાનો છોડ (૨)
૬. શરીરમાં મોટું પણ અક્કલમાં ઓછું (૩)
૮. ટકોર કરવી, ટોકવું (૪)
૧૨. ક્ષિતિજ, દિશાઓનો અંત (૩)
૧૪. પંચાત (૩)
૧૫. પટરાણી (૩)
૧૬. કૃપા, કરુણા (૨)
૧૮. ઢલ ઢોલ, માંહે --- (૨)
૨૦. સર્વ, બધું (૩)
૨૧. મજબૂત બાંધાનું (૪)
૨૪. છૂટું, મુક્ત (૪)
૨૫. પ્રિયજનનો વિયોગ (૩)
૨૬. અરબસ્તાનનો વતની (૩)
૨૭. વાર, દિવસ (૩)
૨૮. --- કરવો=વિરોધ કરવો, સામે થવું (૩)
૩૦. ખરાબ, હીન (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ વ | ૨ શ | ■ | ૩ સુ | ૪ ધા | ■ | ૫ ખો | ૬ ફ | ■ |
| ૭ વા | ર્ધ | ક્ય | ■ | ૮ રા | ન | ■ | ૯ જ | ત | ન |
| ■ | ૧૦ મા | તા | ૧૧ મ | હી | ■ | ૧૨ વે | ■ | વો | ■ |
| ૧૩ ત | ન | ■ | ન | ■ | ૧૪ હ | રી | ૧૫ ફ | ■ | ૧૬ અ |
| કે | ■ | ૧૭ ઓ | સા | ણ | ■ | ■ | ૧૮ ર | ટ | ણ |
| ૧૯ દા | દુ | ર | ■ | ■ | ૨૦ ના | ૨૧ લે | શી | ■ | મૂ |
| રી | ■ | ૨૨ તો | ૨૩ રી | લું | ■ | ખિ | ■ | ૨૪ ગુ | લ |
| ■ | ૨૫ ફ | ■ | સ | ■ | ૨૬ ક | ત | ૨૭ ર | ણ | ■ |
| ૨૮ ક | ણ | ૨૯ કી | ■ | ૩૦ લા | ડ | ■ | ૩૧ જ | વ | લ્લે |
| ■ | ૩૨ ગો | ર | ■ | ૩૩ ભ | વું | ■ | ૩૪ સ | ત્તા | ■ |

### ઓળખાણ પડી?



ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં સ્પિનરોનો દબદબો હતો ત્યારના ઓફ સ્પિનરની ઓળખાણ પડી? અમ્પાયર તરીકે પણ ફરજ બજાવી હતી.

અ) ચંદ્રશેખર બ) વેંકટરાઘવન ક) પ્રસન્ના ડ) ગોયલ

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આજની તારીખમાં નવું નામ ધરાવતું પણ એક સમયે ડમ ડમ એરપોર્ટ તરીકે ખ્યાતિ ધરાવતું હવાઈ મથક કયા શહેરમાં છે?

અ) નાગપુર બ) દિલ્હી ક) કોલકાતા ડ) દેહરાદૂન

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૧, ૩૨, ૬૩, ૧૦૪, ૧૫૫, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૫૫ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૮૪ બ) ૨૦૨ ક) ૨૧૬ ડ) ૨૩૨

### સુડોકુ-૯૨૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૫ | ૭ | | ૮ | ૩ | ૬ | ૯ |
| ૨ | | | ૬ | | ૪ | | | ૭ |
| | | | ૫ | | ૩ | | | |
| ૭ | | ૧ | | | | ૮ | | ૫ |
| | | | | | | | | |
| ૩ | | ૪ | | | | ૭ | | ૨ |
| | | | ૨ | | ૧ | | | |
| ૧ | | | ૯ | | ૭ | | | ૪ |
| ૮ | ૭ | ૯ | ૪ | | ૬ | ૧ | ૨ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૪ | ૩ | ૧ | ૯ | ૨ | ૬ | ૭ |
| ૯ | ૭ | ૧ | ૪ | ૬ | ૨ | ૫ | ૮ | ૩ |
| ૩ | ૨ | ૬ | ૮ | ૭ | ૫ | ૧ | ૪ | ૯ |
| ૨ | ૩ | ૮ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૪ |
| ૧ | ૬ | ૯ | ૨ | ૪ | ૩ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૪ | ૫ | ૬ | ૮ | ૧ | ૯ | ૩ | ૨ |
| ૬ | ૯ | ૨ | ૧ | ૩ | ૪ | ૮ | ૭ | ૫ |
| ૪ | ૮ | ૭ | ૫ | ૨ | ૬ | ૩ | ૯ | ૧ |
| ૫ | ૧ | ૩ | ૭ | ૯ | ૮ | ૪ | ૨ | ૬ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પતાવટ | ચુકવણી |
| પતાઈ | હોડી |
| પતાસું | ખાંડનું ચકદું |
| પતાર | જંગલ |
| પતાળ | છેલ્લો લોક |

**ગુજરાત મોરી મોરી રેઃ** વડીલોના વાંકે

**ઓળખાણ પડી?** ૨૦૦૮

**માઈન્ડ ગેમ :** ૧૦૩

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** બેંગ્લુરુ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) શ્રદ્ધા આશર (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) લજિતા ખોના (૧૭) નિખિલ બંગાળી (૧૮) હર્ષા મહેતા (૧૯) અમીશી બંગાળી (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) કિરીટ છેડા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભરત કજરિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેશ સંઘવી (૨૯) ચેતના છેડા (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) ડાયના સંતોકે (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નિતીન જયંતિલાલ બજરિયા (૪૩) પ્રવીણ વોરા (૪૪) નીતા દેસાઈ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ દોશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ધીરેન્દ્ર મુલરાજ (૫૦) દિપીકા દોશી

# વીક એન્ડ



સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ભારતીય ક્રિકેટમાં ટૅલન્ટ ઘણું, પણ મજબૂત ટીમનો અભાવ

## બૅટિંગ, બોલિંગ અને વિકેટકીપિંગમાં ભારત પાસે ખેલાડીઓની લાંબી ફોજ છે. જોકે અભિષેક સિવાય બીજો કોઈ ખેલાડી પોતાના ફૉર્મેટની ટીમમાં ફિક્સ નથી

વન-ડે અને ટી-૨૦માં ભારતના પુરુષોની ટીમ હાલમાં વર્લ્ડ નંબર-વન છે, પરંતુ એકંદરે ટીમ ઇન્ડિયાની સ્થિતિ આ સર્વોચ્ચ સ્થાનને શોભે એવી સંગીન નથી. નવાઈની સાથે આંચકો લાગે એવી આ વાત છે, પણ આ લેખમાં આપણે આગળ જતાં જાણીશું કે કેમ આપણે ઑસ્ટ્રેલિયાની જેમ મજબૂત ટીમ ડેવલપ નથી કરી શકતા.

સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં બુધવારે નાગપુરમાં ટીમ ઇન્ડિયાએ ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની પ્રથમ ટી-૨૦માં ૪૮ રનથી શાનદાર જીત મેળવી. આપણને ઓપનર અભિષેક શર્માની ૮૪ રનની ધમાકેદાર ઇનિંગ્સ જોવા મળી, કૅપ્ટન સૂર્યકુમાર ૩૨ રન સાથે થોડો ફૉર્મમાં આવતો જોવા મળ્યો, હાર્દિક પંડ્યાએ પચીસ રન બનાવીને દમદાર બૅટિંગની થોડી ઝલક દેખાડી અને રિન્કુ સિંહે અણનમ ૪૪ રન બનાવીને ડેથ ઓવર્સમાં પોતાની જેવી તાકાત (ઓછામાં ઓછી આ સૌથી ટૂંકી ફૉર્મેટમાં) બીજા કોઈની નથી એ પુરવાર કર્યું. ત્યાર બાદ બોલિંગમાં પણ કેટલાક સિતારા ઝળક્યા. લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે બીજા જ બૉલમાં ડેન્જરસ ઓપનર ડેવૉન કૉન્વેને પૅવિલિયન ભેગો કરી દીધો અને ત્યાર બાદ હાર્દિક, ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન બોલર વરુણ ચક્રવર્તી અને શિવમ દુબે તેમ જ આપણા પટેલ પાવરફુલ વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલે પણ વિકેટ લઈને ટીમ ઇન્ડિયાના પર્ફોર્મન્સને સંપૂર્ણપણે ઑલરાઉન્ડ બનાવી દીધો. કૅચિંગ અને ફીલ્ડિંગનો પણ ટીમને સપોર્ટ મળ્યો એટલે શરણાગતિ સ્વીકારવા સિવાય કિવીઓ પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો.

રવીન્દ્ર જાડેજા હાલમાં વર્લ્ડ નંબર-વન ટેસ્ટ ઑલરાઉન્ડર છે.



અભિષેક શર્મા ટી-૨૦માં અત્યારે વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન છે.



જસપ્રીત બુમરાહ વર્લ્ડ નંબર-વન ટેસ્ટ બોલર છે.

એ દિવસ તો ભારતીય ક્રિકેટરો માટે સુખરૂપ પસાર થઈ ગયો. બધુ સારું-સારું થયું, પરંતુ એકંદરે ટીમ ઇન્ડિયાની હાલત તંદુરસ્ત નથી. ટેસ્ટ અને વન-ડેનો કૅપ્ટન શુભમન ગિલ ફૉર્મમાં નથી. ગુરુવારે રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર સામેના મુકાબલાના પહેલા દિવસે શૂન્યમાં આઉટ થઈ ગયો હતો. ટી-૨૦નો સુકાની સૂર્યકુમાર યાદવ પણ બુધવારે મહામહેનતે થોડો ફૉર્મમાં આવ્યો હતો. તેના સુકાનમાં ટી-૨૦ ટીમ જીતી રહી છે, પણ ખુદ સૂર્યકુમારને હાફ સેન્ચુરી સવા વર્ષથી (૨૩ ઇનિંગ્સથી) હાથતાળી આપી રહી છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા બબ્બે દિગ્ગજની હાજરીમાં રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો વન-ડે શ્રેણીમાં પરાભવ થયો હતો અને કિવીઓ પહેલી જ વાર ભારતની ધરતી પર ટેસ્ટ પછી હવે વન-ડે સિરીઝ પણ જીતવામાં સફળ થયા.

ભારત પાસે ઘણા ફાસ્ટ બોલર્સ છે, પણ મોટા ભાગના બોલર સતતપણે ટીમમાં (ટેસ્ટ, વન-ડે હોય કે પછી ટી-૨૦) સ્થાન નથી જાળવી શકતા. જસપ્રીત બુમરાહ વર્કલૉડ મૅનેજમેન્ટ હેઠળ છે અને દરેક સિરીઝ નથી રમતો. બીજું, છેલ્લી ૧૦ મૅચની ચાર ઇનિંગ્સ એવી હતી જેમાં તેને એક પણ વિકેટ નહોતી મળી. બુમરાહ પછીનો બેસ્ટ ફાસ્ટ બોલર ગણાતો મોહમ્મદ શમી ફુલ્લી ફિટનેસનું સર્ટિફિકેટ નથી આપી શકતો એટલે તેને ફરી રમવા નથી મળી રહ્યું. તે ડોમેસ્ટિક મૅચોમાં થોકબંધ વિકેટો લઈ રહ્યો છે, પણ આંતરરાષ્ટ્રીય ટીમમાં હજી પણ તેના માટે નો-એન્ટ્રી છે. અર્શદીપ સિંહને ટી-૨૦ સ્પેશ્યાલિસ્ટ ગણવામાં આવી રહ્યો છે. વન-ડેમાં ભાગ્યે જ તેને રમવા મળે છે અને ટેસ્ટની ટીમમાં હજી તેને ડેબ્યૂ પણ નથી કરવા મળ્યું. હર્ષિત રાણા અને પ્રસિદ્ધ ક્રિષ્ના પણ ટીમ ઇન્ડિયામાં સતતપણે સ્થાન નથી જાળવી શકતા. મોહમ્મદ સિરાજને પોણાબે વર્ષથી ટી-૨૦ ઇન્ટરનૅશનલ નથી રમવા મળી. આકાશ દીપને ભારત વતી ફક્ત ટેસ્ટ ફૉર્મેટમાં રમવા મળ્યું છે એટલે વન-ડે અને ટી-૨૦ના માહોલમાં તે ભુલાઈ જ ગયો છે. મુકેશ કુમાર યાદ છેને? મૂળ બિહારના એ પેસ બોલરને દોઢ વર્ષથી ભારત વતી ફરી રમવા નથી મળ્યું. આકાશ અને મુકેશ, બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટના સી-ગ્રેડમાં છે અને દર વર્ષે એક કરોડ રૂપિયાનો પગાર મેળવે છે, પરંતુ ટીમ ઇન્ડિયામાં સતતપણે નથી જોવા મળતા.

કુલદીપ યાદવ વન-ડેના બોલર્સમાં સાતમા ક્રમે છે.



સ્પિનર્સનું પણ એવું જ છે. રવીન્દ્ર જાડેજા ટી-૨૦માંથી નિવૃત્ત થઈ ગયો છે અને ટેસ્ટ તથા વન-ડેમાં હાલમાં બૅટિંગ અને બોલિંગ બન્નેમાં ફૉર્મ ગુમાવી બેઠો છે. વરુણ ચક્રવર્તી ટી-૨૦ના રૅન્કિંગમાં વર્લ્ડ નંબર-વન છે, પણ વન-ડે એક વર્ષથી નથી રમવા મળી અને ટેસ્ટમાં હજી તેને ડેબ્યૂ પણ નથી કરવા મળ્યું. મહાન ક્રિકેટર સુનીલ ગાવસકરના મતે વરુણ સ્પિન બોલિંગનો જાદુગર છે એમ છતાં આ બોલર આપણને ક્યારેક જ જોવા મળે છે. વૉશિંગ્ટન સુંદરની ગણના સ્પિન-ઑલરાઉન્ડર તરીકે થાય છે અને ઈજાને કારણે થોડા-થોડા સમયે ટીમની બહાર રહેતો હોય છે અથવા તો બીજા સ્પિનર્સ સાથેની સ્પર્ધાને કારણે સતતપણે ટીમમાં નથી જોવા મળતો. રવિ બિશ્નોઈ તો હવે આઇપીએલમાં અને રણજી ટ્રોફી સહિતની ડોમેસ્ટિક મૅચો પુરતો જ સીમિત રહી ગયો છે. મંગળવારે જીવનના ૩૨ વર્ષ પૂરાં કરનાર અક્ષર પટેલ ટી-૨૦માં વાઇસ-કૅપ્ટન છે, પરંતુ ટેસ્ટ અને વન-ડેની ટીમમાં તે હશે જ એ નક્કી ન કહી શકાય. કુલદીપ યાદવ ત્રણેય ફૉર્મેટનો સ્પિનર છે એમ છતાં તે ક્યારેક અસ્સલ ટચ ગુમાવી બેસતો હોય છે. તેનો જૂનો જોડીદાર યુઝવેન્દ્ર ચહલ તો સિલેક્ટરોને જાણે ભુલાઈ જ ગયો છે.

હવે બૅટ્સમેનો અને વિકેટકીપર્સની વાત પર આવીએ. આપણી પાસે ઓપનર્સ અને મિડલ-ઑર્ડર્સ તો ઘણા છે, પણ એકમાત્ર અભિષેક શર્માને બાદ કરતા બીજો કોઈ પણ ઓપનર પોતાનું સ્થાન સાચવી શક્તો નથી. વન-ડેમાં કૅપ્ટન શુભમન ગિલની સાથે ઓપનિંગમાં રોહિત શર્મા રમતો હોય છે. જોકે ગિલ સતત સારું નથી રમી શકતો અને માત્ર રોહિત પર દાવની સારી શરૂઆતનો ભાર રહેતો હોય છે જેમાં તે ખરા સમયે નિષ્ફળ જતો હોય છે. ટેસ્ટમાં યશસ્વી જયસ્વાલ અને કે. એલ. રાહુલ ઇનિંગ્સની શરૂઆત કરતા હોય છે અને ડિસેમ્બરમાં સાઉથ આફ્રિકા સામે તેઓ સારો આરંભ નહોતા કરી શક્યા જેનો સીધો ફાયદો ટેમ્બા બવુમાની ટીમને થયો હતો અને સાઉથ આફ્રિકા પહેલી જ વખત ભારતની ધરતી પર ટેસ્ટ સિરીઝ જીતવામાં સફળ રહ્યું હતું.

ભારત પાસે વિકેટકીપર્સની લાંબી ફોજ (રિષભ પંત, કે. એલ. રાહુલ, સંજુ સૅમસન, ધ્રુવ જુરેલ, ઇશાન કિશન વગેરે) છે. એમાં રાહુલને બાદ કરતા બીજો કોઈ પણ વિકેટકીપર સતતપણે સારી બૅટિંગ નથી કરી શકતો. મિડલ-ઑર્ડરમાં વિરાટ કોહલી વન-ડેમાંથી પણ વિદાય લેશે ત્યારે મોટો ખાલીપો સર્જાશે. શ્રેયસ ઐયર ટૅલન્ટેડ બૅટ્સમૅન છે, પણ તીવ્ર સ્પર્ધાને કારણે તે ટીમમાં સ્થાન જાળવી નથી શક્તો અને સ્ક્વૉડમાં સામેલ હોય તો પ્લેઇંગ-ઇલેવનમાં દર વખતે સિલેક્ટ નથી થતો. ગયા વર્ષે ટી-૨૦ એશિયા કપમાં પાકિસ્તાન સામેની ફાઇનલમાં ભારતને જિતાડનાર તિલક વર્મા હાલમાં અંડકોષની સર્જરીને કારણે ટીમની બહાર છે. જોકે તેના પુનરાગમનથી બૅટિંગ હરોળમાં સ્પર્ધા ફરી વધી જશે. શિવમ દુબે ઍવરેજ ખેલાડી હોવા છતાં બીજા ઑલરાઉન્ડર્સને બાજુ પર રાખીને તેને વર્ષ દરમ્યાન મોટા ભાગની મર્યાદિત ઓવર્સની મૅચોમાં રમવા મળે છે. નીતીશ કુમાર રેડ્ડી પણ નસીબનો બળિયો છે. તેની બોલિંગ દમ વિનાની હોય છે, જ્યારે બૅટિંગમાં ક્લિક નથી થતો એટલે ટીમ માટે બોજ બની જાય છે.

આશા રાખીએ આવતા મહિનાનો ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૭નો વન-ડે વિશ્વ કપ ભારતીય ટીમને વધુ સુદૃઢ બનાવશે કે જેથી સાઉથ આફ્રિકા અને ન્યૂ ઝીલૅન્ડ સામે ઘરઆંગણે નામોશી જોઈ એવું ફરી ક્યારેય ન બને. આઇપીએલ દર વર્ષે આપણને નવા ટૅલન્ટેડ ખેલાડીઓ આપે છે છતાં આપણે ઑસ્ટ્રેલિયાની જેમ વિજયની ખાતરી અપાવી શકે એવી શક્તિશાળી ટીમ મેદાન પર નથી ઉતારી શકતા. ■

---

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ડોટોનબોરીમાં દોડ્યાં રનિંગ મેનની પાછળ...







છેલ્લાં થોડાં વર્ષોમાં જાપાન પ્રવાસની હાઇ ડિમાન્ડમાં સૌથી વધુ મારો ત્યાંનાં બિગ-થ્રી શહેરો એટલે કે ટોક્યો, ક્યોટો અને ઓસાકા પર જ છે. જાપાન જે રીતે આયોજન અને ડિસિપ્લિનમાં શાણું છે, તે જોતાં ત્યાંથી થોડી નવી ટૂરિઝમ સ્ટ્રેટેજી આવી રહી છે. ખાસ તો આ ત્રણ શહેરોમાં ટૂરિસ્ટની ભીડ ઓછી કરવા અને બાકીનાં રાજ્યો અને શહેરોને ટૂરિઝમ બૂસ્ટ આપવા માટે હાકાઇડો, ઓકિનાવા, ક્યુશુ અને તોહુકુ જેવાં રિજન સુધી જવા માટે તો જાપાની ડોમેસ્ટિક એરલાઇન્સની કોમ્પ્લિમેન્ટ્રી ફ્લાઇટ આપવાની પણ વ્યવસ્થા થઈ છે. જો કે આમ કરવાનું ઇન્ટરનેશનલ ફ્લાઇટ બૂકિંગ સાથે કરવું ફરજિયાત છે, જેમાં આ ખાસ રિજન જતી ડોમેસ્ટિક ફ્લાઇટની કોસ્ટ બાદ કરી દેવામાં આવે છે. અમારી મુલાકાત સુધી આ હજી શક્ય ન હતું. જોકે અમે આ બિગ-થ્રીની આસપાસનો શક્ય એટલો રિજન ખૂંદી વળવાનો પ્રયત્ન કરી ચૂક્યાં હતાં. હજી ફરી જાપાન આવવાનું લિસ્ટ પર તો છે જ. જાપાનમાં અત્યાર સુધીમાં અમે જેટલું જોયું અને કર્યું હતું તે સ્થળો પર હજી એટલું બધું બાકી પણ રહી ગયું હતું કે ક્યારેક ફરી આવવાનું થશે તો ખરું જ. જાપાનીઝ શહેરોનાં માત્ર મોટાં અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનોમાં પણ ખાસ ટૂરિસ્ટ ગાઇડની જરૂર પડે તેવું હતું. ત્યાંનાં અમુક સ્ટેશનોમાંથી તો દિવસો સુધી બહાર આવ્યા વિના મજા કરી શકાય તેવું છે.

જોકે તે સમયે તો અમારું ફોકસ એકદમ ઓસાકા પર જ હતું. અહીં હજી અમારા પ્લાનની થોડી પ્રવૃત્તિઓ બાકી હતી. અને મોટાભાગે કુમારની પ્લાનિંગવાળી એક્સેલ શીટને કારણે બધું સરખું પાર પડ્યું હતું. બાકી અહીંનાં બે-ત્રણ અઠવાડિયાંમાં એક વાત સ્પષ્ટ હતી, જાપાનમાં સ્પોન્ટેનિયસ રીતે રહેવું હોય તો ઘણો લાંબો સમય જોઈએ અથવા ગોથાં ખાતાં રહી જવાય. ઓસાકાનો અમે સ્પ્રિંગ બોર્ડ તરીકે તો ઉપયોગ કરી જ લીધો હતો, પણ તેની પોતાની ઝાંકીઓ જોવાની રહી જતી હતી. એવામાં ઓસાકાનો કાસલ, ડાટોનબોરી અને અમેરિકા મુરા જોવાનું રહી જતું હતું. તેમાંય ખાસ ડોટોનબોરીમાં ઓસાકાનું ખ્યાતનામ રનિંગ મેન બિલબોર્ડ છે તેને જોયા વિના તો પાછું કઈ રીતે જઈ શકાય? હીમેજી કાસલ જોયા પછી અમે કાસલ ફટિગ ન આવી જાય તે માટે થઈને પહેલાં ડોટોનબોરી પર પસંદગી ઉતારી. ઓસાકા કાસલ શક્ય હશે તો પછી ઊભાઊભ જઈ આવીશું.

અને ડોટોનબોરી જવા માટે વીકેન્ડ આવી ગયો અને જાણે ખુદ જાપાનીઝ લોકો અને ટૂરિસ્ટનો મોટો મેળો લાગ્યો હોય તેવું અમને તે દિવસે ડાઉનટાઉનમાં દેખાયું. આમ તો ડોટોનબોરી રાત્રે જવા જેવું છે. જો સમય મળશે તો રાત્રે પાછાં આવીશું એ વિચાર સાથે પહેલાં તો રનિંગ મેન જોવા અમે દોડ્યાં. મોટાભાગે દુનિયામાં ક્યાંય પણ કોઈ મેટ્રો સ્ટેશનથી કોમન એરિયાથી બહાર નીકળો પછી લોકો પોતપોતાના રસ્તે જતાં દેખાય. ઓસાકામાં નામ્બા સ્ટેશનથી નીકળીને જ્યારે માનવીય સમુદ્ર બહાર નીકળ્યો, તો આખોય રેલો રનિંગ મેન બિલબોર્ડ જોવા જ આવ્યો હોય તેમ બધાં એ જ દિશામાં જઈ રહ્યાં હતાં.



એક જ દિશામાં જતી ભીડ મોટાભાગે કોઈ મેચ કે કોન્સર્ટ હોય તો થાય, પણ ત્યાં પહોંચીને લાગ્યું કે ઓસાકામાં આવું રેગ્યુલરલી થતું હશે અને તે પણ માત્ર એક ચોક પર પહોંચવા માટે. અમારે ન જીપીએસ જોવાની જરૂર પડી, ન કોઈને રસ્તો પૂછવો પડ્યો. ભીડ જ અમને ડોટોનબોરીના સેન્ટરમાં લઈ આવી. અને મજાની વાત છે, અમે ભીડની સાથે આવ્યાં હતાં અને ત્યાં ઓલરેડી ભીડ મોજૂદ હતી. માણસો વિના રનિંગ મેનનો ફોટો પાડવાનું તે દિવસે તો શક્ય ન હતું. થોડી વાર માટે પણ તે બિલબોર્ડ ખાલી મળવાનો ચાન્સ ન હતો. તે ભીડમાં રનિંગ મેન પાસે ફોટો પડાવવાની લાઈન ક્યાંથી ચાલુ થતી હતી તે પણ ખબર ન પડી. અમે દૂરથી ફોટો પાડીને કામ ચલાવી લીધું. કોઈ ઇમારત કે પાર્ક કે ધાર્મિક દેવળ સ્થાન હોય તેમ આ ગ્લિકો રનિંગ મેન બિલબોર્ડ છેલ્લાં ૯૦ વર્ષથી આમનું આમ ઊભું છે અને ઘણું લોકપ્રિય છે.

ટેકનોલોજીમાં થતા ફેરફાર, સ્થાનિક ઇવેન્ટ વગેરે બતાવવા માટે તેમાં ફેરફારો થતા રહે છે, પણ બિલબોર્ડ ત્યાંનું ત્યાં જ છે અને તે માણસ આજે પણ દોડી જ રહ્યો છે. રનિંગ મેન ગ્લિકો કંપનીનું બિલબોર્ડ છે. માણસ ભલે દોડવાની કસરત કરી રહ્યો હોય, તે જે કંપનીની જાહેરાત કરી રહ્યો છે એ તો કેક, બિસ્કિટ અને આઇસક્રીમ બનાવે છે. અત્યારે જુઓ તો આ કંપની અને તેની જાહેરાત સાથે રનિંગ મેનનાં પ્રતીક અને લોકપ્રિયતાને ખાસ લેવાદેવા નથી, પણ આ રનિંગ મેનનું ચિત્ર શા માટે પસંદ કરવામાં આવેલું તેની પાછળની વાત મજેદાર છે. તે સમયે જે પ્રકારનું ગ્લુકોઝ સ્વીટનર તેમની સ્વીટ્સમાં વપરાતું, તેનું એક બિસ્કિટ ૩૦૦ મીટર દોડવા જેટલી એનર્જી આપે છે એવી વાત હતી. આમ જોવા જાઓ તો છેલ્લાં ૯૦ વર્ષોમાં સ્વીટ્સ સાથેનો દુનિયાનો સંબંધ બદલાતો રહ્યો છે, પણ કસરતની જરૂરિયાત ત્યાંની ત્યાં જ છે. આજે સાવ અણધારી રીતે આ રનિંગ મેન ઓસાકાના કિલ્લાથી માંડીને ત્યાંના સ્ટેશન પર, ક્યાંક દીવાલો પર પણ એમ જ જોવા મળી જાય છે. તેનાં મેગ્નેટ્સ, પોસ્ટકાર્ડ્સ અને ટી-શર્ટ્સ તો ખરાં જ. આપણે ત્યાં નીરમા ગર્લ કે પારલે-જીની બેબી કોઈ શહેરનું પ્રતીક બની જાય એવી વાત છે.

રનિંગ મેન ઉપરાંત ડોટોનબોરી મોલ્સ, કાફેઝ, એક સુંદર કેનાલ સાથે મજા કરાવી ગયું. અમે ઉમેડા સ્ટેશનથી નજીક રહેલાં કારણ કે અમારે ઓસાકા રહીને બીજાં ઘણાં આસપાસનાં ગામ પણ જવું હતું. બાકી કોઈ જો માત્ર ઓસાકા ફરવા આવ્યું હોય તો સીધું ડોટોનબોરી પર જ રહીને ત્યાં જ જલસા કરી શકે.

હવે કિલ્લા તરફ જવાનો સમય હતો. ■

એક નજર ઈધર ભી...

# એંગલબર્ગઃ યે ખામોશિયાં, યે તન્હાઈયાં...

## સ્વિટ્ઝર્લેન્ડમાં માઉન્ટ ટિટલીસ અને ‘દિલવાલે દુલ્હનિયા લે જાએંગે’નું છળ

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

આપણું કાશ્મીર એટલે આપણું આંગણું અને ઘર આંગણામાં આળોટવાનો જે આનંદ અને સંતોષ મળે એ બીજે ક્યાંય ન મળે એ હકીકત છે. કિશોરાવસ્થામાં ધરતી પરના સ્વર્ગની ઉપમા ધરાવતા કાશ્મીરનો પ્રથમ પરિચય થયો ‘જંગલી’ અને ‘કાશ્મીર કી કલી’ નામની હિન્દી ફિલ્મોથી. શમ્મી કપૂરને બરફના પ્રદેશમાં નાયિકા સાથે મોજ કરતો જોવામાં મોજ પડી હતી. શાળા શિક્ષણ દરમિયાન અભ્યાસુ શિક્ષકને કારણે યુરોપના કાશ્મીર એવા સ્વિટ્ઝર્લેન્ડનો પરિચય થયો હતો. કાશ્મીરનો આનંદ માણ્યા પછી અનેક વર્ષો સુધી તો સ્વિટ્ઝર્લેન્ડ સિનેમા અને સુવેનિયર તેમ જ તસવીરો પૂરતું સીમિત રહ્યું હતું.

૬૫ વર્ષની ઉંમરે યુરોપ પ્રવાસ કર્યો ત્યારે અમુક સમય સ્વિટ્ઝર્લેન્ડમાં વિતાવવા મળ્યો ત્યારે ‘ગોઈંગ સિક્સ્ટી બટ ફિલિંગ સિક્સ્ટીન’ની લાગણી સાથે ‘કણ કણમાં ભગવાન’ના જાપની જેમ ‘ક્ષણ ક્ષણમાં રોમાંચ અને રોમેન્સ’નો આનંદ લીધો. ભ્રમણ દરમિયાન ભવ્ય ધર્મ સ્થાનક, અદ્ભુત સ્મારક અને આલીશાન ઈમારત જોયા છે, માણ્યા છે, અભિભૂત સુધ્ધાં થવાયું છે, પણ પ્રકૃતિના ખોળામાં જે લિજ્જત આવી છે એ અતુલનીય છે.

વિશ્વમાં સ્વિટ્ઝર્લેન્ડ સહિત કુલ ૪૪ દેશ લેન્ડલોક્ડ કન્ટ્રી છે. ચારે બાજુએથી જમીનથી ઘેરાયેલો અને સમુદ્રમાર્ગ સાથે સીધું જોડાણ ન ધરાવતો હોય એ દેશ લેન્ડલોક્ડ કન્ટ્રી (ગુજરાતીમાં ભુવેષ્ટિત) કહેવાય છે. આ પરિસ્થિતિ દેશને દરિયાઈ માર્ગે વેપાર કરવાથી વંચિત રાખતા એની પ્રતિકૂળ અસર અર્થતંત્ર પર પડતી હોય છે. જોકે, લેન્ડલોક્ડ કન્ટ્રી હોવા છતાં આર્થિક સમૃદ્ધિ ધરાવતા ગણ્યાગાંઠ્યા દેશમાં સ્વિટ્ઝર્લેન્ડનું સ્થાન છે. સ્વિટ્ઝર્લેન્ડમાં જોવાલાયક અને માણવાલાયક ઘણું છે. આજે આપણે એક એવા સ્થળની વાત કરીએ જે રમણીય છે, પણ સાથે સાથે એની આસપાસ હેરત પમાડતી અને સહેજ છળ કરતી કથા પણ જોડાયેલી છે.



માઉન્ટ ટિટલીસઃ ફિલ્મનું ગ્લેમર


આઈસ કેવઃ આહલાદક અનુભવ

**માઉન્ટ ટિટલીસ અને ગ્લેશિયર કેવઃ** સ્વિટ્ઝર્લેન્ડની કેટલીક લાક્ષણિકતામાં જમીનથી ૧૦ હજાર ફૂટની ઊંચાઈએ આવેલા માઉન્ટ ટિટલીસનું નામ અગ્રેસર ગણાય છે. અમે ગયા એ દિવસે બરફ વર્ષા થઈ રહી હોવાથી આનંદમાં ભરતી આવી. આટલી ઊંચાઈએ જવા માટે વિશેષ વ્યવસ્થા હતી. પહેલા કેબલ કારમાં એક ઊંચાઈ સુધી ગયા અને ત્યાંથી અમને રોટાયર તરીકે ઓળખાતી એક લિફ્ટ જેવી વ્યવસ્થામાં ઊંચાઈએ જવાનું હતું. કેબલ કારનું મોડર્ન સ્વરૂપ ગણાતી રોટાયર એટલે ગોળાકાર ફરતી કેબલ કાર. સ્વિટ્ઝર્લેન્ડની આ રોટાયર વિશ્વની પ્રથમ રિવોલવિંગ કેબલ કાર છે. રોટાયરનો પ્રવાસ પાંચ મિનિટનો હતો પણ એ પાંચ મિનિટની ૩૦૦ સેકન્ડની પ્રત્યેક સેકન્ડ હૈયાસરસી જડાઈ ગઈ. એક તરફ સ્નોફોલને કારણે બરફ આચ્છાદિત પર્વતો અને બીજી તરફ ચુનીલાલ મડિયાની ‘લીલુડી ધરતી’નું સ્મરણ તાજું કરાવે એવી હરિયાળી જોઈ દિલ દિમાગ તરબતર થઈ ગયા. થોડામાં ઝાઝું કોને કહેવાય એનો એહસાસ થયો.

રોટાયરનો રોમાંચ અનુભવ્યા પછી એક લિફ્ટમાં બેસી પહોંચ્યા માઉન્ટ ટિટલીસ પર. બોર્ડ પર પર લખ્યું હતું કે ‘માઉન્ટ ટિટલીસ, સ્વિટ્ઝર્લેન્ડ ૩૦૨૦ મીટર, ૧૦૦૦૦ ફૂટ.’ બરફ પડી રહ્યો હતો અને માઈનસ ૧૧ ડિગ્રી સેન્ટિગ્રેડની ઠંડીમાં યુવાનીનું સ્મરણ થઇ આવ્યું હોય એમ અમે ગરમ મોજાવાળી હથેળીમાં બરફ ઠૂંસીને એકબીજા પર ફેંકવાનું શરૂ કરી દીધું. ટિટલીસમાં મોજ કરી પહોંચ્યા આઇસ કેવ અથવા ગ્લેશિયર કેવમાં. આ ગુફામાં ચાલવાનો અનુભવ આહલાદક રહ્યો અને પ્રકૃતિ કેવી જાદુગર છે એનો પણ ખ્યાલ આવ્યો. ગુફાની અંદરની અલૌકિક લાગતી બ્લુ લાઈટ, થીજેલા મ્યુઝિયમનો એહસાસ કરાવતા બરફના શિલ્પ અને ગાત્રો થીજી જાય એવી ઠંડીમાં ૧૫૦ મીટર લાંબી ગુફાની યાત્રા અવિસ્મરણીય રહી.

માઉન્ટ ટિટલીસ પર યશરાજની ફિલ્મ ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’નો શાહરુખ-કાજોલનો કટ આઉટ રાખવામાં આવ્યો છે. અહીં આ ફિલ્મનું શૂટિંગ થયું છે એવું માની સહેલાણીઓ ફોટા પડાવતા હતા. અમે પણ પડાવ્યા. જોકે, હકીકત એ છે કે ટિટલીસમાં શૂટિંગ થયું જ નથી. એ તો યુફ્રાઉ નામની જગ્યાએ થયું હતું. આ એક છળ હતું, પણ ઘણી વાર છેતરાઈ જવામાંય મજા હોય છે.

**એંગલબર્ગઃ** એંગલબર્ગ પર્વતમાં વસેલું સ્વિટ્ઝર્લેન્ડનું નાનકડું ગામ છે. માઉન્ટ ટિટલીસ અહીંથી જવાતું હોવાથી સહેલાણીઓમાં જાણીતું બન્યું છે. માઉન્ટ ટિટલીસ ઉપરાંત એંગલબર્ગ ૯૦૦ વર્ષ પુરાણી મોનેસ્ટરી (બૌદ્ધ મઠ અથવા આશ્રમ જેવા સ્થાનક) માટે પણ પ્રખ્યાત છે. આ મોનેસ્ટ્રીના પરિસરમાં જ એક ચીઝ ફેક્ટરી આવેલી છે. સ્વિટ્ઝર્લેન્ડની આ એકમાત્ર ફેક્ટરી છે જ્યાં હાથેથી ચીઝ કેવી રીતે તૈયાર થાય છે એ નરી આંખે જોવાનો લ્હાવો મળે છે. આ મોનેસ્ટ્રી પાછળ એક એવી કથા જોડાયેલી છે કે એક સંત મોનેસ્ટ્રી બાંધવા એકાંત અને પવિત્ર સ્થાનની તલાશમાં હતા. દેવદૂતોએ પાઠવેલો એક બળદ રહસ્યમય રીતે પ્રગટ થયો અને સંત એની પાછળ પાછળ ચાલવા લાગ્યા. અમુક અંતર કાપ્યા પછી બળદ અટકી ગયો, જમીન પર બેસી ગયો અને આગળ વધવા તૈયાર નહોતો. જાણે કે આ સ્થળ પવિત્ર છે એવો ઈશારો ન કરતો હોય. પછી એ સંતે ત્યાં ધર્મસ્થાનક બાંધ્યું જે આજે પણ અડીખમ ઊભું છે અને ધર્મસ્થળ ઉપરાંત ટુરિસ્ટ પ્લેસ તરીકે પણ ખ્યાતિ ધરાવે છે. કાલ્પનિક કથાઓ ફક્ત આપણા દેશમાં જ આકાર લે છે એવું નથી.

બરફ આચ્છાદિત પહાડો, હરિયાળી ધરતી અને સ્કીઈંગ ઉપરાંત એંગલબર્ગ શાંતિપ્રિય સ્થળ તરીકે પણ જાણીતું છે. કેટલાક સહેલાણીઓ લટાર મારવા નીકળી રહ્યા હતા ત્યારે હોટેલના રિસેપ્શનીસ્ટે એક ખાસ સૂચના આપી કે અહીંના લોકો શાંતિપ્રિય છે અને સહેજ પણ મોટેથી બોલવાનો અવાજ કે ઘોંઘાટ માટે નફરત ધરાવે છે. રસ્તા પર ચાલતી વખતે દબાયેલા અવાજમાં વાત કરજો, મોબાઈલ તો વાપરતા જ નહીં. અમારું કુતૂહલ જોઈ એક સ્થાનિક વ્યક્તિએ જણાવ્યું કે ૧૯૯૦ સુધી આખા ગામમાં રાતે પિન ડ્રોપ સાયલન્સ જ જોવા મળતી.

અતિશયોક્તિ લાગે અને ગળે પણ ન ઊતરે એવી વાત એ હતી કે જો કોઈ વ્યક્તિને રાતના ટોયલેટ જવું પડ્યું હોય તો એ વ્યક્તિ ફ્લશ કરવાનું ટાળતી. ફ્લશના અવાજથી પરેશાન કોઈ પડોસી પોલીસમાં ફરિયાદ કરશે એ ભય તેને સતાવતો. અલબત્ત આ વાતમાં અતિશયોક્તિ હોઈ શકે છે, પણ અવાજ વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવતી અને પોલીસ પગલાં પણ લેતી એ જાણકારી અન્ય વ્યક્તિ પાસેથી પણ મળી ત્યારે ઐસા ભી હોતા હૈનો વધુ એક પરચો થયો. હવે વીસમી સદીમાં એંગલબર્ગના લોકો શાંતિના આગ્રહી તો છે, પણ ફ્લશના અવાજની હવે કોઈ ફરિયાદ નથી કરતું એ જાણકારી પણ આપવામાં આવી. જોકે, આજના માનવીને આંતરિક શાંતિની પણ એટલી જ તલાશ છે. ■

મસ્તરામની મસ્તી

# ભાષામાં ધંધો ઘૂસે ત્યાં આવો ડખ્ખો થાય...

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com




મેં ઘણીવાર સાંભળ્યું છે કે બારે બુદ્ધિ, સોળે શાન, વીસે વાન અને આવે તો આવે બાકી ન આવે. પછી ઠિંગો ...!

જો કે મને એક આશ્ચર્ય તો હંમેશાં માટે રહેશે કે અમારો ચૂનિયો એકવાર આફ્રિકાથી આવેલા લોકો સાથે ફરવા ગયેલો અને લગભગ એક મહિના પછી જોયો ત્યારે કોણ જાણે કેમ તેના વાળ પણ વાંકડીયા થવા લાગ્યા હતા. કલર પણ ઘાટો કાળો થવા લાગ્યો હતો! એટલે શાન તો આવે એ સમજ્યા. પણ અમારા ચૂનિયાને અપવાદ ગણવો પડે કેમ કે એને વાન પણ આવવા લાગ્યો!

આ વાત વધારે સમજવા માટે તમારે અલગ અલગ બિઝનેસમાં જોડાયેલા વ્યક્તિને એક જ સવાલ પૂછવાનો એટલે તમને એમના વ્યવસાયની ભાષા જ સાંભળવા મળે.

મુંબઈમાં વરસાદ વિશે અમારા મગન દરજીને વરસાદ કેવો એવું પૂછતા જ જવાબ આપ્યો ‘અરે વાત પૂછોમાં... ટેભા તોડી નાખે એવો મંડાણો છે.’

આ પછીનો ફોન સુરેશ શેરદલાલને લગાડ્યો તો એણે કહ્યું ‘ઉપલી સર્કિટ લાગી હો.’ પછીનો ફોન જૈન બિલ્ડર્સના કમલભાઈને કર્યો તો એમણે કહ્યું ‘વસઈની તેજી જેવો વરસાદ છે, આજે તો આખા મહિનાનું બૂકિંગ કર્યું હોય એમ લાગે છે’.

એક કવિ મિત્રને પૂછ્યું તો કહે ‘આજનો વરસાદ તો રદીફ કાફિયાનો મેળ તોડી નાખે એવો વરસાદ છે. આમાં છંદ બંધારણ તો ગોત્યું હાથમાં આવે એમ નથી.’

ટપુ ટપોરીએ કહ્યું : ‘અરે ભાઈ વાંસા ફાડી નાખે એવો વરસાદ છે. સીધો થર્ડ ડિગ્રીએ જ ચાલુ પડ્યો છે.’

બાલચંદભાઈ સોનીએ જવાબ આપ્યો કે ‘અરે, રોડ ઉજારી નાખ્યાં.’

સૌથી વધારે તો અમારા મિત્ર જયરામ બિલ્ડર્સવાળા સંજયભાઈને ત્યાં પહેલો પ્રસંગ હતો. છોકરો યુવાન એટલે એનું ગોઠવવાનું હતું. એમની આ યાત્રાનો હું સાક્ષી રહ્યો છું. એમની દરેક ભાષા રિયલ એસ્ટેટના ધંધા મુજબ જ હોય. મને ફોન કરીને કહ્યું કે ‘તમે આવતા હો તો મારા છોકરાની સુથી દેવા જવાની છે પણ મને એમ છે કે પહેલા પ્લોટ તમે તમારી નજરે જોઈ લો, ફાઇલ ચેક કરી લો અને જો પ્લાન બેસે એવું લાગે તો પછી સુથી આપીએ.’

અમે ગયા પણ ખરા. કુટુંબ, કન્યા, સગાવહાલાઓને મળ્યા અને ખૂણામાં જઈને મસલત કરી અને એમનો અભિપ્રાય હતો કે ‘મોકાનું છે. કાટખૂણાનું છે, ૩૦ના મોઢાવાળું વેસ્ટ ઓપન છે. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે છે એટલે ગોળધાણા ખાવામાં વાંધો નથી. સુથી આપી કાચી ચિઠ્ઠી બનાવી લઈએ.’ થોડા સમય પછી ચૂંદડી ઓઢાડી શ્રીફળવિધિ પતાવી મને ફરી ફોન કર્યો કે ‘અત્યારે કબ્જા વગરનો કરાર કર્યો, પણ વિધિ થઈ ગઈ હોય તો ફેન્સિંગ બાંધી શકાય એટલે કે આવરો જાવરો રહે. હવે પછીની મીટિંગમાં વેવાઇ સાથે બેસીને કબ્જાની વાત કરી લેશું. આપણી ગણતરી ડિસેમ્બરમાં કબ્જો સોંપે એવી છે એટલે પાક્કો દસ્તાવેજ કરી લઈએ. આમ મોડર્ન એરાનું બાંધકામ છે એટલે બહુ રીતરિવાજમાં માનતા નહીં હોય છતા આજુબાજુમાં તપાસ કરી લેશું કે લોકાલિટી કેવી છે.’ થોડા દિવસો પછી એમણે જણાવ્યું કે ‘સાટાખત ભરાઈ ગયું અને આપણે વાત થયા મુજબ ડિસેમ્બરમાં કબ્જો સોંપી દેશે. આપણા કબ્જામાં આવ્યા પછી જરૂરી ફેરફાર કરી લેશું.’

થોડા સમયમાં જ કોઈ મિત્ર દ્વારા સમાચાર મળ્યા કે સગાઈ તોડી નાખી એટલે સ્વાભાવિક રીતે મેં ફોન કરી ખબર અંતર પૂછ્યા. સંજયભાઈએ જવાબ આપ્યો ‘ભાઈ, આપણે ઉતરોતર ચેક કરવામાં ભૂલ ખાય ગયા. કન્યાના ઘણા લફરા બહાર આવ્યા ત્યારે ખબર પડી કે આમાં તો ચાર - પાંચ બાનાખત ઓલરેડી છે એટલે સરવાળે સોદો ફોક કર્યો. વેવાઇ આપણને ભરેલ કબ્જે માલ પરોવવાની તૈયારીમાં હતા પણ આ તો માર્કેટમાં આપણી શાખ સારી એટલે જગ્યાનું વર્ણન કરતા જ ૭/૧૨ના ઉતારા સહિત બધી જ માહિતી આવી ગઈ. આ તો ઠીક છે કે આપણે વર્ષોથી ધંધામાં છીએ બાકી આજકાલ આવા જ લોકો છે. દલાલને પણ બરાબર ખખડાવ્યો કે હવે આવી પ્રોપર્ટી દેખાડી છે તો કાયમ માટે ધંધો બંધ કરાવી દઇશ.’

આ આખી વાતમાં જો છોકરીને બાદ કરી નાખો તો એમ જ લાગે કે કોઈ પ્રોપર્ટીનો સોદો છે! પણ આને કોણ સમજાવે કે એમનો છોકરો એવી પ્રોપર્ટી છે કે તેજીની માર્કેટમાં મંદીના ભાવે વેચવા મૂકો તો પણ ખરીદનાર ન જ મળે!

અમારા પ્રિય મિત્ર ગોપાલ કંદોઈ પહેલીવાર પ્રેમમાં પડ્યો ત્યારે એનો લખેલો લેટર મને હજુ પણ યાદ છે.

પ્રિય રસમલાઈ,

જેમ ડાયાબિટીઝના દર્દી જલેબી જોઈને લલચાય એ રીતે જ તને જોઈને હું લલચાવ છું. ભલે મારું શરીર પેંડા જેવું છે પણ તને પામવા હું કાજુક્તરીની હદ સુધીનું ઘટાડવા તૈયાર છું. તારો સ્વભાવ મને મિક્સ મીઠાઈ જેવો લાગ્યો છે. તારા શબ્દોમાં મને રસગુલ્લાની મીઠાશ અનુભવાય છે. તારા હોંઠ એટલે સંગમ કતરી પર મૂકેલી ચેરી. તારા અંગૂર રબડી જેવા જીવનમાં હું સૂકા મેવાની જેમ ભળી જઈશ અને આપણા લગ્નની મીઠાઈ રૂપે બધાને ખુશી આપીશું. મારા પપ્પા મને લીસા લાડવાની જેમ જાહેરમાં વેંચી નાખવા માગે છે અને ખાટા પડી ગયેલા શીખંડ જેવી છોકરીઓ બતાવે છે. મને આશા છે કે તું આપણા સંબંધોની મીઠાઇ પર હરખ કરીને વરખ ચોપડી હાં જ કહીશ. મને ખબર છે માખીઓ તો આવશે જ પણ આપણે ગમે તેવાં વિઘ્નોને માખી ઉડાડીએ એમ ઉડાડી દઇશું.

આમ પણ શિયાળો ચાલે છે એટલે આપણે બંને મળીને પ્રેમના અડદિયા બનાવી લઈએ. બસ હાં પાડ એટલે કિલો કિલોના બોક્સ તૈયાર જ રાખ્યા છે એ લઈને તારા પરિવારને મીઠાઇથી ધરાવી દઉં.

લી. તારો ગોપાલ

જો કે છોકરી ટીચરની દીકરી હતી એટલે ગોપાલના મીઠા મધુરા પ્રેમ પત્ર પર બ્લેકબોર્ડ પર ડસ્ટર ફરે એમ ભૂંસી નાખ્યું અને લખ્યું :

‘અમારા ઘરમાં બધાં ફરસાણના શોખીન છે, મીઠાઈના નહીં’ લખીને વાત પૂરી કરી નાખી! આજની તારીખે ગોપાલ કુંવારો જ છે કેમ કે એ દુઃખમાં લગભગ ૧૧૦ કિલોનો થઈ ગયો છે અને પૂછીએ તો કહે ‘દરજી કોઈ દિવસ જાડા ના હોય અને કંદોઈ કોઈ દિવસ પાતળો ન હોય અને લેખક કોઈ દિવસ બે પાંદડે ના હોય.’ આગલાં બે વાક્ય માટે વિકલ્પો હતા પણ જેવી લેખકની વાત આવી એટલે આપણે પણ સ્વીકારી લીધું. ■

**વિચારવાયુ**

*જેની સગાઈ ન થતી હોય તેના મોઢા પર ચાંદીનો વરખ લગાડો તો તેનો પણ સોદો થઈ જાય તેવી માર્કેટ છે.*

ભાત ભાત કે લોગ

# નાઝી નરસંહારની સ્મૃતિઓનું આલેખન પછી પેટ ભરીને પસ્તાવો

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

૨૦૨૧માં ‘નેટફ્લિક્સ ’ પર એક ડોક્યુમેન્ટરી રજૂ થઈ - Misha and the Wolves... આમ તો નાઝીઓએ યહૂદીઓ પર ગુજારેલા જુલ્મોને કેન્દ્રમાં રાખીને અઢળક સાહિત્ય સર્જન થયું છે, પણ ક્યારેક આવા સાહિત્ય ઉપરથી બીજું સાહિત્ય રચાય, જે પહેલાને ખોટું સાબિત કરે તો?

વિશ્વયુદ્ધોની ઘાતક અસરોની સાથે એક અન્ય પાસું પણ છે. આ પાસું એટલે સાહિત્યમાં પ્રદાન. પ્રથમ વિશ્વયુદ્ધ પછી મહાન કવિ, નિબંધકાર અને નાટ્યલેખક ટી. એસ. એલિયટે લખેલી The Waste Landની ગણના આજે ય અંગ્રેજી સાહિત્યની સૌથી પ્રભાવશાળી કવિતાઓમાં થાય છે. આ કવિતા મોડર્નિઝમનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. બીજા વિશ્વયુદ્ધમાં માણસજાતે નાઝીવાદ અને ફાસીઝમની વિચારધારાઓથી માંડીને હોલોકોસ્ટ અને અણુબોમ્બ સુધીનું ઘણું બધું જોઈ નાખ્યું. આ અનુભવોમાંથી પ્રખર સાહિત્યકૃતિઓ ન પ્રકટે તો જ નવાઈ. જ્યોર્જ ઓરવેલ અને આલ્બેર કામુ સહિતના સંખ્યાબંધ સર્જકોએ બીજા વિશ્વયુદ્ધ પશ્ચાત ઘણું સર્જન કર્યું. આ બધામાં સૌથી અલગ તરી આવતું નામ એટલે એન ફ્રેન્ક. આજે પણ દુનિયા આખીના વાચકો એન ફ્રેન્કની ડાયરી (The Diary of a Young Girl) હોંશે હોંશે વાંચે છે.

આ તો થઇ વિશ્વયુદ્ધોએ પ્રકટાવેલાં જેન્યુઈન સાવ વાસ્તવિક સાહિત્યની વાત, પણ આ સાહિત્યકૃતિઓની અસર એટલી ઘેરી હતી કે વિશ્વભરના ભાવકોએ એમને માથે ઉપાડી લીધી. બીજી તરફ કેટલાક લોકોએ આમાં ય વહેતી ગંગામાં હાથ ધોઈ લેવા જેવું કર્યું છે!

**મિશા ડીફોન્સેકાની સ્મૃતિકથા**

૧૯૯૭માં એક પુસ્તક પ્રકાશિત થયું- ‘Misha: A Mémoire of the Holocaust Years.’ આ પુસ્તક લખેલું ડીફોન્સેકા નામની બેલ્જિયમની મહિલાએ. મિશા યહૂદી કુળની હતી. એટલે બીજા વિશ્વયુદ્ધ સમયે નાઝીઓથી બચવા માટે એણે ભાગવું પડ્યું. એ વખતે મિશાની ઉંમર હતી માત્ર છ-સાત વર્ષ. માતા-પિતા નાઝીઓના હાથે ઝડપાઈ ગયા અને અજાણી જગ્યાએ મોકલી દેવામાં આવ્યા. બિચારી બાળકી નોંધારી હાલતમાં મુકાઈ. નાનકડી મિશાએ જીવન ટકાવી રાખવા હવાતિયા માર્યા. સાથે જ માતા-પિતાને શોધવા માટે રખડપટ્ટી કરવા માંડી.

હવે પછીની મિશાની જે કથાનું પુસ્તકમાં વર્ણન છે એ અકલ્પનીય છે. માતા-પિતાની ખોજમાં ભટકતી મિશાએ યુરોપિયન પ્રદેશોમાં ત્રણેક હજાર કિલોમીટરનો પ્રવાસ ખેડી નાખ્યો. ભય, ભૂખ અને કાતિલ ઠંડી સામે ઝઝૂમવાનું હતું. એક નાનકડી બાળા માટે જંગલ પ્રદેશોમાંથી હેમખેમ પસાર થવું અશક્ય ગણાય, પણ અહીં કુદરત જાણે મિશાને મદદ કરવા તૈયાર બેઠી હોય એમ જંગલી વરુઓના એક ઝૂંડ સાથે મિશાને દોસ્તી થઇ ગઈ. જ્યાં સુધી મિશા જંગલ વિસ્તારોમાંથી હેમખેમ બહાર ન નીકળી ત્યાં સુધી વરુઓનું એ ઝૂંડ બોડીગાર્ડ્સની માફક મિશાની સાથે રહ્યું...!

હજારો કિલોમીટર લાંબા માર્ગમાં જંગલ સિવાય બીજી ય અનેક તકલીફો આવી. નાનકડી મિશા બહાદુરીપૂર્વક બધાનો સામનો કરતી ગઈ. એક વાર એક જર્મન સૈનિક સામો ભેટી ગયો.એને ય બહાદુર મિશાએ ઠેકાણે પાડી દીધો!





આ પુસ્તક લખનાર મિશા ડીફોન્સેકા

માતા-પિતાને તો નાઝીઓએ પહેલેથી જ મારી નાખેલા, પણ યુદ્ધના અંત સાથે મિશાનો કપરો સમય પૂરો થયો. પછીનાં વર્ષોમાં જીવન ઠીક ઠીક ઠેકાણે પડ્યું. વર્ષો વીતી ગયા. વયસ્ક ઉંમરે પહોંચેલી મિશાને અચાનક વિચાર આવ્યો કે બાળપણમાં પોતે કરેલાં સાહસો અને સ્મૃતિઓને એક પુસ્તકનું સ્વરૂપ આપવામાં આવે તો કેવું? વિચાર પર અમલ થયો અને એક સરસ મજાની મેમોઇર - સ્મૃતિકથા લખાઈ ગઈ. લોકોને આ સ્મૃતિકથા એટલી બધી ગમી કે અનેક ભાષામાં એના રૂપાંતર થયાં. એટલું જ નહિ, ૨૦૦૭માં ‘Surviving with Wolves’ નામથી ફ્રેન્ચ ભાષામાં એક ફિલ્મ પણ બની.

હવે સાચું કહેજો, વરુઓ સાથે જંગલમાં રહેવાની મિશાની કથા વાંચીને તમને જંગલબુકવાળા મોગલીની જાણીતી વાર્તા યાદ આવે છે ને? સદનસીબે મિશાની મેમોઇરના જે પ્રકાશક હતા એમને ય કદાચ મોગલીની કથા યાદ આવી ગઈ હશે એટલે એમણે આખી ઘટનાક્રમ વિશે મિશાને પ્રશ્નો પૂછવાના શરૂ કર્યા.

**સ્મૃતિકથા કે ગપગોળા?**

માત્ર પ્રકાશકને જ નહિ, પણ બીજા વિશ્વયુદ્ધ સાથે જોડાયેલી સત્યઘટનાઓનો અભ્યાસ કરનારા બીજા ઘણા સ્કોલર્સને લાગ્યું કે મિશા ડીફોન્સેકાએ લખેલી મેમોઇરમાં કશુંક ખૂટે છે. ઘણી જગ્યાએ વાતનો તાળો નથી મળતો. વિવાદ એવો વકર્યો કે આખી વાત કોર્ટ સુધી પહોંચી. આખરે ૨૦૦૮માં પોતાની વિરુદ્ધ મજબૂત પુરાવાઓ ભેગા થઇ ગયા હોવાનું સમજી ગયેલી મિશાએ કોર્ટમાં કબૂલાત કરી લીધી : ‘હા, મેં સ્મૃતિકથાને નામે નરી ગપ્પાબાજી કરી છે!’

હકીકતે મિશાનો પરિવાર યહૂદી જ નહોતો . એ લોકો તો કેથોલિક ક્રિશ્ચિયન હતા. પણ નાઝી સેનાએ બેલ્જિયમ કબજે કર્યું એ પછી નાઝીઓના વિરોધમાં ભૂગર્ભ પ્રવૃત્તિ કરતા જૂથમાં મિશાના પિતા પણ સામેલ હતા. નાઝીઓએ એમની ધરપકડ કરી. જેલમાં અમાનવીય અત્યાચારોથી બચવા માટે મિશાના પિતાએ પોતાના સાથીઓના નામ આપી દીધા. એ પછી મિશાનો પરિવાર સ્થાનિક બેલ્જિયમવાસીઓ માટે ‘ગદ્દાર’ બની ગયો.

બાળપણમાં મિશાએ નાઝીઓથી નહિ પણ કપાળે ચોંટેલા ગદ્દારના લેબલથી બચવા દૂર સુધી ભાગવું પડ્યું. હા, એનો સંઘર્ષ સાચો હતો પણ એણે મેમોઇરમાં કલ્પનાઓના વધુ પડતા રંગ ઉમેરીને મોટી ભૂલ કરી. જંગલ અને વરુઓવાળી વાત સાવ કપોળકલ્પિત સાબિત થઇ. જર્મન સૈનિકને મારેલો એ ઘટના ય સાવ ખોટી હતી. મિશાએ રજૂ કરેલા બચાવ મુજબ કોઈ વાંકગુના વિના ગદ્દાર ઘોષિત થઇ જવાથી એનું બાળપણ બહુ પીડામય રહ્યું. એનો ટ્રોમા એટલો ભારે હતો કે બાળપણની સ્મૃતિ અને વાસ્તવિકતા વચ્ચે ઘણી ભેળસેળ થઇ ગઈ!

ખેર, સ્મૃતિકથાને નામે ગપગોળા હાંકવા બદલ કોર્ટે ઠેઠ ૨૦૧૪માં મિશાને ૨૨.૫ મિલિયન ડૉલર્સનો ધરખમ દંડ ફટકાર્યો. મિશાની આ કથા ઉપરથી વધુ એક ડોક્યુમેન્ટરી Misha and the Wolves નામે બની, જે ૨૦૨૧માં રીલીઝ થઇ.

છેલ્લે એક પ્રશ્ન શું મિશાએ કાલ્પનિક ગપ્પાબાજીને બદલે પિતાનો પક્ષ રજૂ કરતી સાચેસાચી કથા આલેખી હોત તો લોકોએ એને વધાવી હોત? ■

# જાળ



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

'યોર ઓનર...' અદાલતના કઠેડામાં ઊભેલી અનુરાધાએ ન્યાયમૂર્તિ ત્રિકમલાલ ત્રિવેદી સામે જોઈને આક્રોશથી કહ્યું: 'જજસાહેબ, આ સામે ઊભેલા માણસનું નામ ભલે અનિરુદ્ધ દેસાઈ હોય, પણ એ મારો અનિરુદ્ધ નથી. એ મારો અનિરુદ્ધ હોઈ જ ન શકે.'

'તો શું તમે એમ કહેવા માંગો છો કે...' અનિરુદ્ધના વકીલ મુંજાલ મજુમદારે નવાઈ પામ્યો હોય એમ આંખો અનુરાધાના ચહેરા પર સ્થિર કરીને પૂછ્યું : 'સામેના કઠેડામાં ઊભેલા મારા અસીલ અનિરુદ્ધ દેસાઈ તમારા પતિ નથી? શું હું સાચું સમજ્યો છું?'

'હા,હા..હા.. હું કેટલી વાર કહું કે આ મારો અનિરુદ્ધ નથી!' અનુરાધા એક ક્ષણ થંભી. પછી કંઈક રોષભેર બોલી: 'વકીલસાહેબ. આ માણસ કોઈક ધૂર્ત છે. હું વારંવાર કહી ચૂકી છું કે મારા પતિ અનિરુદ્ધ દેસાઈ ત્રણ મહિના પહેલાં મૃત્યુ પામ્યા છે! હવે તમે જ કહો કે જેનું મૃત્યુ થયું હોય એ માણસ ક્યાંથી પાછો આવે? વળી, સામે ઊભેલો માણસ મારા અનિરુદ્ધ જેવો દેખાતો પણ નથી! મારો અનિરુદ્ધ તો કોઈ કલૈયાકુંવર જેવો લાગતો હતો અને આ માણસ... ક્યાં રાજહંસ જેવો મારો અનિરુદ્ધ અને ક્યાં આ કાગડા જેવો કપટી લુચ્ચો...'

'શું વાત કરો છો શ્રીમતી અનુરાધા અનિરુદ્ધ દેસાઈ...' મુંજાલ મજુમદાર ઠેકડી ઉડાડતો હોય એમ બોલ્યોઃ 'તમે એવું કહી રહ્યા છો કે મારા અસીલ અનિરુદ્ધનો ચહેરોમહોરો તમારા પતિ અનિરુદ્ધથી સાવ જુદો છે! આર યુ શ્યોર?'

'હા...હું એમ જ કહી રહી છું.' અનુરાધાની આંખમાંથી અંગારા વરસ્યાઃ 'હું એક નહીં, પણ એક હજાર વાર એમ જ કહીશ કે આ મારો અનિરુદ્ધ નથી, નથી ને નથી. શું એક પત્ની પોતાના પતિને ઓળખવામાં કોઈ દિવસ ભૂલ કરતી હશે?'

'યોર ઓનર...' અનુરાધાના વકીલ આનંદ અંજારિયાએ આ તબક્કે ટાપશી પૂરીઃ 'મારી અસીલ અગાઉ અનેક વાર કહી ચૂકી છે કે સામે ઊભેલો માણસ એનો પતિ નથી. એનું અવસાન થઇ ચૂક્યું છે. આ તો કોઈ મહાઠગ છે. એ પોતાને અનિરુદ્ધ તરીકે શા માટે ઓળખાવે છે એ સમજાતું નથી.'

'બસ કરો વકીલસાહેબ...' જેના પર બનાવટી હોવાનો આરોપ મુકાયો હતો તે અનિરુદ્ધ બોલી ઊઠ્યોઃ 'ક્યારનું આ શું માંડ્યું છે? હું જ અનિરુદ્ધ દેસાઈ છું. અનુરાધાનો પતિ અનિરુદ્ધ. જો હું અનિરુદ્ધ ન હોઉં તો અનુરાધાના પતિ હોવાનો ખોટો દાવો શું કામ કરું?'

'એ તું જાણે.' અનુરાધા સાટકો વીંઝતી હોય એમ બોલી.

'અનુ, મારી પ્યારી અનુરાધા...તું આવું કેમ કરે છે? તું તો મને કેટલો પ્રેમ કરતી હતી. અને હવે મારાથી એવી તે શું ભૂલ થઇ ગઈ કે તું મને ઓળખવાનો પણ ઇનકાર કરે છે? તું કહેતી હોય તો જજસાહેબની સામે તારા પગમાં પડીને તારી માફી માગું. તું મને માફ કરી દે.' અનિરુદ્ધની આંખમાં આંસુનાં તોરણ બંધાયાં. પાંપણો ભીંજાઈ ગઈ. આ જોઇને અદાલતમાં બેઠેલાઓના એક વર્ગમાં ગણગણાટ થવા લાગ્યોઃ 'આ બાપડો સાચું બોલતો લાગે છે. નહીંતર જાહેરમાં આવું કહેવાની હિંમત ન કરે.' બીજો વર્ગ અંદરોદર ચર્ચા કરવા લાગ્યો કે 'અનિરુદ્ધ અભિનય કરતો હોય એવું અને અનુરાધા જ સાચું બોલતી હોવાનું લાગે છે.'

'ઓર્ડર...ઓર્ડર...' ન્યાયાધીશ ત્રિકમલાલ ત્રિવેદીએ મેજ પર હાથો ઠોક્યો. એ સાથે અદાલતમાં શાંતિ છવાઈ ગઈ. જજ ત્રિવેદીસાહેબે મુંજાલ મજુમદારને પૂછ્યુંઃ 'શું તમારી પાસે એવું સાબિત કરવા કોઈ પુરાવો છે કે તમારા અસીલ અનિરુદ્ધ જ અનુરાધાના પતિ છે?' એ જ રીતે આનંદ અંજારિયાને પૂછ્યુંઃ 'અનિરુદ્ધ અનુરાધાનો પતિ નથી એવું સાબિત કરવા તમારી પાસે કોઈ પુરાવો છે?'

'હા, માય લોર્ડ.. આ માણસ અનિરુદ્ધ નથી એવું સાબિત કરતો સજ્જડ પુરાવો છે અમારી પાસે.' આનંદે હોંશેહોંશે કહ્યું અને અનુરાધાના મોબાઈલમાં રહેલો એક ફોટો દેખાડ્યો : 'યોર ઓનર, આ તસ્વીર જુઓ. આ છે અસલી અનિરુદ્ધ. અનુરાધાનો પતિ.' જજ ત્રિવેદીસાહેબે જોયું કે એ ફોટો એક રૂપકડા યુવાનનો હતો. આનંદે મુંજાલ ભણી જોઇને કહ્યુંઃ 'હવે તો તમને ખાતરી થઇ ગઈને કે તમારો અસીલ ખોટું બોલે છે અને એ નકલી અનિરુદ્ધ છે?'

મુંજાલ ખડખડાટ હસી પડ્યો ને બોલ્યોઃ 'માય લોર્ડ, એક તસ્વીર માત્રથી કંઇ સાબિત નથી થતું. તસ્વીર તો કોઈની પણ હોઈ શકે. કોઈ સ્ત્રીના મોબાઈલમાં મારો ફોટો હોય તો હું એનો પતિ છું એવું હરગીઝ પુરવાર થતું નથી. હું એમ કહું છું કે આ પુરાવો તદ્દન પાંગળો છે. મજબૂત પુરાવો અને જેનો કોઈ ઇનકાર ન કરી શકે એવી સાબિતી હવે હું રજૂ કરું છું.' એમ કહીને મુંજાલે એક ફોટોગ્રાફ જજસાહેબ સમક્ષ ધર્યો. ફોટામાં અનિરુદ્ધ અને અનુરાધા એકમેકને વરમાળા પહેરાવતાં હતાં! બન્નેનાં લગ્નની એ તસ્વીર હતી!

'ના,ના... આ ફોટો સાચો નથી, બનાવટી છે.' અનુરાધા ચીસ પાડી ઊઠી.: 'યોર ઓનર, આ માણસ જરૂર ઊંડા પાણીમાં રમે છે. એણે મારી વિરુદ્ધ ષડ્યંત્ર કર્યું છે. તમે એને પૂછો કે એ આવી ક્રૂર રમત શા માટે રમી રહ્યો છે મારી સાથે? એ નકલી અનિરુદ્ધ, બોલ, તું આવું ખોટું કેમ કરી રહ્યો છે? આખરે તું શું ઈચ્છે છે?'

'હું તો તને જ ઈચ્છું છું, મારી વ્હાલી...' અનિરુદ્ધ આર્દ્ર સ્વરે બોલ્યોઃ 'અનુરાધા, હું શા માટે તારી વિરુદ્ધ કોઈ કાવતરું કરું? હું તને કેટલો ચાહું છું એ તું ક્યાં નથી જાણતી? અને, ભગવાનને ખાતર. મહેરબાની કરીને ખોટું ન બોલ. આ તો આપણા લગ્નની તસ્વીર છે. તું એને તો ન નકાર. આટલો ગુસ્સો કઈ બાબતનો છે એ તો કહે?'

'શ્રીમતી અનુરાધા દેસાઈ... મને તો આ તસ્વીરમાં કોઈ બનાવટ લગતી નથી. પણ તમે કહો છો કે આ ફોટો બનાવટી છે. તો હવે તમારે સાબિત કરવાનું છે કે આ ફોટો અને અનિરુદ્ધ બન્ને નકલી છે!' મુંજાલ મજુમદારના અવાજમાં ત્રિકમ અને પાવડા બન્નેની ધાર હતી. અનુરાધા સામે જોઇને એ કડકાઈથી બોલ્યાઃ 'તમે ક્યારનો એકનો એક કક્કો ઘૂંટ્યા કરો છો કે આ માણસ અનિરુદ્ધ નથી, પણ તમારી પાસે તમારી વાત પુરવાર કરવા કોઈ પુરાવા નથી. તમે કહો છો કે આ લગ્નનો ફોટો તમારો નથી. પણ કોઈક તો હશે ને જેમણે તમારા લગ્નમાં હાજરી આપી હશે? કુટુંબીઓ, સગાંસંબંધીઓ, મિત્રો, સખીઓ... બોલાવો એમને અને સાબિત કરો કે તમે સાચું બોલો છો!'

અનુરાધા ઓશિયાળી બની ગઈ. આંખમાં અશ્રુધારા. આનંદ અંજારિયાએ એને સાંત્વન આપીને કહ્યુંઃ 'જજસાહેબ, અનુરાધા અને અનિરુદ્ધનાં પ્રેમવિવાહ હતાં. પાંચ વર્ષ પહેલાં એમણે વિવાહબંધનમાં જોડાવાનું નક્કી કર્યું ત્યારે પ્રેમલગ્નની વાત સાંભળીને જ અનુરાધાનાં માતાપિતાએ અનિરુદ્ધને મળવા સુધ્ધાંની ના પડી દીધેલી. અનિરુદ્ધના માબાપ પણ અનુરાધાનું મોઢું જોવાં તૈયાર નહોતાં. એથી બન્નેએ ઘેરથી ભાગીને પરિવારજનોની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કર્યાં. કોર્ટમેરેજ કરી લીધેલાં. એમાં અનુરાધાની સખી સીમા અને અનિરુદ્ધનો મિત્ર અવિનાશ હાજર રહ્યાં હતાં. બેય અત્યારે અદાલતમાં હાજર જ છે. એ લોકો જરૂર અનુરાધાની સચ્ચાઈની ગવાહી આપશે.'

પહેલાં સીમાને સાક્ષીના પિંજરામાં ઊભી રાખવામાં આવી. સીમાએ વારાફરતી અનુરાધા અને અનિરુદ્ધ સામે જોયું. અનુરાધા આશાભરી આંખે એની સામે જોઈ રહી. પણ જે સીમાને એ વર્ષોથી જાણતી હતી એ આજે કળાતી નહોતી. એ મારી તરફેણમાં જુબાની આપશે તો ખરીને એવું વિચારીને અનુરાધાને ધ્રાસકો પડ્યો. દરમિયાન સીમાએ કેફિયત આપવાનું શરૂ કર્યુંઃ 'યોર ઓનર, અનુરાધા મારી સખી છે. હું એને વર્ષોથી જાણું છું. અનિરુદ્ધ સાથે મારો પરિચય અનુરાધાએ જ કરાવેલો. બન્નેનાં લગ્નમાં પણ હું હાજર હતી...' આટલું સાંભળીને અનુરાધાના મનમાં રાહત થઇ. હાશ! સીમા મારા પક્ષમાં બોલશે એવો મારો વિશ્વાસ સાચો પડ્યો. એણે અનિરુદ્ધ સામે વિજયમુદ્રાથી જોયું. જાણે આંખથી કહેતી હોયઃ 'બદમાશ, લફંગા...હવે તારી પોલ ખૂલી જશે. ખોટ્ટેખોટ્ટો મારો અનિરુદ્ધ બની બેઠો છે તે!'

પણ આ હું શું સાંભળું છું... સીમા આ શું કહી રહી છે? અનુરાધાને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. સીમા ગવાહી આપી રહી હતીઃ 'યોર ઓનર, હું તદ્દન સાચું અને ખાતરીપૂર્વક કહું છું કે અનુરાધાનાં લગ્ન જેની સાથે થયાં હતાં એ જ આ અનિરુદ્ધ છે! ખબર નથી પડતી કે અનુરાધા એને પોતાનો પતિ માનવા ઇનકાર શું કામ કરે છે? અનુરાધા બરાડો પાડી બેઠીઃ 'જુટ્ટી, દગાબાજ.. તને ખબર છે ને કે આ મારો અનિરુદ્ધ નથી, તોય ખોટું બોલે છે. આ માણસે તને ખોટું બોલવાના પૈસા આપ્યા છે ને? બોલ, સાચું બોલ!... અવિનાશ, તું તો અનિરુદ્ધનો મિત્ર છે ને. તું તો સાચું બોલીશને? તને ખબર છે ને આ માણસ અનિરુદ્ધ નથી? સાચું બોલજે પ્લીઝ...' પણ અનુરાધાની કાકલૂદીઓની કોઈ અસર અવિનાશ પર ન થઇ. જુબાનીમાં એણે કહ્યું કે, 'જજસાહેબ, જો હું એમ કહું કે આ માણસ અનિરુદ્ધ નથી તો એ ખોટું હશે. હકીકત તો એ છે કે આ જ અનિરુદ્ધ છે. હું મારા મિત્રને ન ઓળખું? અનુરાધાને અનિરુદ્ધ સાથે શું બગડ્યું છે એ મને ખબર નથી, પણ એના કહેવાથી હું ખોટું તો ન જ બોલુંને?'

જુબાની પૂરી થતાંની સાથે જ અનિરુદ્ધ બોલી ઊઠ્યોઃ 'હવે બસ કર,અનુરાધા. મારી ઈજ્જતની ધૂળધાણી ક્યાં સુધી કરીશ? મને ભરઅદાલતમાં હજુ કેટલો બેઆબરૂ કરીશ? આપણા લગ્નના સાક્ષી એવાં અવિનાશ અને સીમા બેય શું કામ ખોટું બોલે? અવિનાશ મારો મિત્ર છે.મારા કહેવાથી એ ખોટું કદાચ બોલે, પણ સીમા તો તારી સખી છે. એ તો ખોટું ન જ બોલેને? હવે તો માની જા કે હું જ અનિરુદ્ધ છું!'

અનુરાધાનું તો મગજ જ ચકરાઈ ગયું. અદાલતમાં પણ કોણ સાચું ને કોણ ખોટું? એનો ધીમો ગણગણાટ થવા લાગ્યો. દરમિયાન મુંજાલ મજુમદાર આનંદ અંજારિયાને પડકાર આપી રહ્યોઃ 'શ્રીમાન આનંદ, બધા પુરાવા એક જ બાબત પ્રત્યે ઈશારો કરી રહ્યા છે કે મારો અસીલ સાચું જ બોલે છે. એ જ અસલી અનિરુદ્ધ છે! હજુ તમારો કોઈ સાક્ષી હોય તો એને હાજર કરો.' જજસાહેબે પણ સમર્થન કર્યું, એટલે આનંદે અનુરાધા અને અનિરુદ્ધના પાડોશી સુધાબહેન અને મહેન્દ્રભાઈ, અનિરુદ્ધની ઓફિસમાં કામ કરતાં શિશિર તથા શ્યામને જુબાની આપવા બોલાવ્યાં. પણ એ લોકોએ પણ એ જ કહ્યું જે સીમા અને અવિનાશે કહ્યું હતું.

આ તો લોઢા પર લીટી થઇ ગઈ.. મુંજાલ મજમુદારે કહ્યું. અને અનુરાધા સામે જોઇને કહ્યુંઃ 'હવે તો કબૂલ કરો કે આ માણસ જ તમારો પતિ અનિરુદ્ધ છે!'

'પણ આ અનિરુદ્ધ નથી...' અનુરાધાએ ડૂસકું ભર્યું.: 'હું કહી કહીને થાકી કે મારો અનિરુદ્ધ ત્રણ મહિના પહેલાં મૃત્યુ પામ્યો છે. ઊંચી પહાડી પરથી ખાઈમાં પડવાને કારણે એનું મૃત્યુ થઇ ગયું હતું!'

'હું તો આ જીવતો જાગતો ઊભો તારી સામે...' અનિરુદ્ધ બોલ્યોઃ 'મારો તો કોઈ અકસ્માત થયો નથી.'

જજ ત્રિકમલાલ ત્રિવેદીએ કહ્યુંઃ 'તમામ પુરાવા અને સાક્ષીઓના બયાનના આધારે હું પણ દ્રઢપણે એમ માનવા પ્રેરાયો છું કે આ જ અનિરુદ્ધ છે!'

'ના, આ અનિરુદ્ધ નથી..' અનુરાધાનું આક્રંદ.

'હું જ અનિરુદ્ધ છું!' અનિરુદ્ધનો આત્મવિશ્વાસ.

'આ જ અનિરુદ્ધ છે!' મુંજાલ મજમુદાર.

'હું કહું છું કે એ અનિરુદ્ધ હોઈ જ ન શકે.' અનુરાધા બોલી ઊઠીઃ 'હું કહી ચૂકી છું કે એ ખીણમાં પડીને મરી ગયો છે!'

'અને હું કહું છું કે હું ખીણમાં પડ્યો જ નથી અનિરુદ્ધ.'

'પડ્યો જ છે!'

'નથી પડ્યો. હું આ ઊભો. અનિરુદ્ધ દેસાઈ.'

'તું અનિરુદ્ધ હોય જ નહીં! હોઈ શકે જ નહીં!.'

'કેમ ન હોઉં? તારી સામે જ તો ઊભો છું!'

'તું અનિરુદ્ધ ન જ હોઇ શકે. એ શક્ય જ નથી. કારણ કે.. કારણ કે મેં જ અનિરુદ્ધનું ખૂન કર્યું છે! મેં જ એને પહાડી પરથી ખાઈમાં ધકેલી દીધો હતો!' અનુરાધાએ હોઠ પીસ્યા. અદાલતમાં ઉપસ્થિત સહુ વિસ્ફારિત નેત્રે એને જોઈ રહ્યા. એ નજરનો તાપ ન જીરવાતાં અનુરાધા નીચી નજરે કહેવા લાગી : 'હું અનિરુદ્ધનું ખૂન ન કરું તો બીજું શું કરું? મેં એના માટે મારું ઘરબાર, માતાપિતા અને પરિવારને છોડ્યા, જે રીતે એણે મને રાખી, હું રહી. ક્યારેક એક ટાંક ખાધું તો ક્યારેક ભૂખી પણ રહી. આછીપાતળી નોકરી કરીને પૈસા પણ કમાઈ આપ્યા. આખરે સુખનો સૂરજ ઊગ્યો. મને એમ કે હવે જિંદગી સારી રીતે પસાર થશે, પણ એને મારી કદર નહોતી. એ તો અંકિતા પાછળ ઘેલો થઇ ગયો. એના માટે મને છોડી દેવા તૈયાર થઇ ગયો. મેં એને બહુ સમજાવ્યો, પણ એ ન સમજ્યો. ઊલટું એ મને સમજાવતો. એટલે મેં એને એની મનમાની કરવા દેવાનો દેખાવ કર્યો અને હિલસ્ટેશને લઇ ગઈ. અને લાગ જોઇને એને પહાડી પરથી ખાઈમાં ધકેલી દીધો...હું એમ ન કરું તો બીજું શું કરું, તમે જ કહો?'

અદાલતમાં સ્તબ્ધતા. ટાંકણી પડે તોય સંભળાય એવી શાંતિ. આનંદ અંજારિયા તો બોલે કે ચાલે! એકાદબે ક્ષણ પછી આ શાંતિનો ભંગ કરતાં મુંજાલ મજમુદારે કહ્યુંઃ 'થેન્ક યુ, શ્રીમતી અનુરાધા દેસાઈ...અંકિતાએ અનિરુદ્ધના ગુમ થયાની ફરિયાદ નોંધાવી ત્યારે અમને તમારા પર પહેલેથી જ શંકા હતી, પણ અમારી પાસે અનિરુદ્ધની હત્યાના કોઈ પુરાવા નહોતા. એટલે તમે જ તમારે મોઢેથી ખૂન કર્યાની કબૂલાત કરો એ માટે અમે સીમા, અવિનાશ, સુધાબહેન અને મહેન્દ્રભાઈના સહકારથી જાળ પાથરી અને અમારી ધારણા મુજબ જ તમે એમાં ફસાઈ ગયાં! આમ કહીને મુંજાલે નકલી અનિરુદ્ધ ભણી જોઇને પ્રશંસા કરતાં કહ્યુંઃ 'વેલ ડન, ઇન્સ્પેક્ટર કરણ બક્ષી! અસરકારક અને ઉમદા અભિનય. ગુડ જોબ!'

ઇન્સ્પેક્ટર કરણ બક્ષી? અનુરાધાને ચક્કર આવી ગયાં. એ ફસડાઈ પડી. એને દુનિયા ગોળ ગોળ ઘૂમતી દેખાઈ.

અને, જજ ત્રિકમલાલ ત્રિવેદીએ ચુકાદો લખવાનું શરૂ કર્યું...!

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# સ્થાપત્યમાં આકારની સુંદરતા

એક પ્રાચીન પશ્ચિમી સિદ્ધાંત પ્રમાણે સ્થાપત્યમાં ત્રણ બાબતો અગત્યની હોય છે; સુંદરતા, ઉપયોગિતા અને મજબૂતાઈ. એમ નથી કે આ ત્રણેય બાબતો સમાનતાથી સ્થાપત્યને પ્રભાવિત કરે. ક્યારેક સુંદરતાનું મહત્ત્વ વધુ હોય તો ક્યારેક ઉપયોગિતાનું તો ક્યારેક મજબૂતાઈનું. સાંપ્રત સમયમાં સ્થાપત્યને નિર્ધારિત કરતી બાબતમાં પર્યાવરણ જેવી બાબતોનો પણ ઉમેરો થાય તે સ્વાભાવિક છે. સ્થાપત્યની સુંદરતા અર્થાત દૃશ્ય અનુભૂતિ તેમાં પ્રયોજાયેલ વિવિધ આકારની રચના તથા તેની પરસ્પરની ગોઠવણ, સમગ્ર રચનામાં વિશેષતા તથા પુનરાવર્તનથી ઊભરતી લય તથા સંતુલનની અનુભૂતિ, પ્રમાણમાપ, દળ અને અવકાશ તેમજ આકર્ષણ અને સૌમ્યતા વચ્ચેનું સમીકરણ, વાપરવામાં આવેલી સામગ્રીનો પ્રભાવ, સમગ્રતા અને વિગતીકરણ વચ્ચેનો સમન્વય, પ્રકાશ અને છાયાની રમત, પરિસ્થિતિ સાથેની સુસંગતતા તથા આખરી ઓપ સમાન કરાયેલ રંગરોગાન જેવી બાબતો પર આધાર રાખે.





સ્થાપત્યની સુંદરતા અર્થાત દેખાવ માટે એમ કહી શકાય કે અહીં આકારનું પ્રભુત્વ વધુ હોય છે. આકારથી જ સૌ પ્રથમ અર્થપૂર્ણ અભિવ્યક્તિ સ્થાપિત થાય છે. આમ પણ 'ગેસ્ટાલ્ટ' સિદ્ધાંત મુજબ એમ કહી શકાય કે કોઈ પણ દૃશ્ય અનુભૂતિમાં આકાર સૌપ્રથમ અનુભવાય છે, અને તેની અસર પણ સચોટ હોય છે. 'ફોર્મ ઇઝ ફંડામેન્ટલ'નાં સિદ્ધાંત પ્રમાણે કોઈ મકાનને જોતાં તેની ઉપયોગિતા, તેની સામગ્રી, તેમાં પ્રયોજાયેલ ટેકનિક, તેનું પ્રમાણમાપ, એ બધી બાબતો કરતાં તેના સંગઠિત આકારની સૌ પ્રથમ નોંધ લેવાતી હોય છે. મનોવિજ્ઞાન પ્રમાણે આકારથી જ અર્થ સમજાય અને પરિસ્થિતિ સાથે જે તે પ્રકારનું સમીકરણ સમજમાં આવે.

આકાર એટલે કોઈપણ વસ્તુનો બાહ્ય દેખાવ, તેનાં ઘટકોનું સંયોજિત સ્વરૂપ. તે ભૌમિતિક હોઈ શકે કે અભૌમિતિક, કુદરતી હોઈ શકે કે માનવ નિર્મિત, રુચિકર હોઈ શકે કે તેનાથી વિપરીત, પ્રતીકાત્મક હોઈ શકે કે વ્યવહારુ, સંયોજિત હોઈ શકે કે એક સ્વયં-વિશેષ, આકસ્મિક હોઈ શકે કે પ્રયોજિત - પ્રત્યેક આકાર ચોક્કસ મનોવૈજ્ઞાનિક અસર છોડે. સ્થાપત્યમાં આ આકારની વિશાળતા અને તેનાથી સ્થાપિત થતાં પ્રભુત્વને કારણે વધુ સંવેદનશીલ રહેવું જરૂરી બને. એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે આકારને કારણે જ કોઈ મકાનને તેની ઓળખ મળે છે, તેનાં પ્રત્યે દૃશ્ય-આકર્ષણ જાગે છે અને સૂક્ષ્મ ભાવે સંભવિત અર્થ સ્થાપિત થાય છે. સ્થાપત્યમાં મૂળભૂત અને પ્રાથમિક દૃશ્ય પ્રભાવ આકારથી જ નિર્ધારિત થાય છે. મજાની વાત એ છે કે સ્થાપત્યમાં આ આકાર દળ(માસ)નો પણ હોઈ શકે અને અવકાશ(સ્પેસ)નો પણ. એ પણ સમજવું જરૂરી છે કે સ્થાપત્યમાં આકારની અનુભૂતિમાં, મકાન સાથે જેમ જેમ સંલગ્નતા વધતી જાય તેમ તેમ તેમાં દ્રઢતા પણ આવી શકે અને બદલાવ પણ આવી શકે.

સ્થાપત્યમાં પરિસ્થિતિ સાથે સુમેળભર્યા અને સંતુલિત હોય તે પ્રકારનાં આકારની સ્વીકૃતિ સહજ બનતી હોય છે. વળી દરેક આકારની એક ભાવનાત્મક અસર પણ હોય છે, આ અસરની જરૂરિયાત મુજબ આકારની પસંદગી થાય. ગોળ કે સૌમ્ય વળાંકવાળા આકારથી શાંતિ અને હળવાશની અનુભૂતિ થઈ શકે, ચોરસ કે લંબચોરસ - ઘનાકાર સ્થિરતાનો ખ્યાલ આપે, ત્રિકોણાકાર દ્રઢતા અને ઊર્જાની વાત કરે તો અનિયમિત આકારથી નવી સંભાવનાઓની વાત થઈ શકે. પ્રાથમિક ભૌમિતિક આકાર પૂર્ણતા, શિસ્ત અને સ્પષ્ટતા દર્શાવે તો પ્રાકૃતિક આકારો જીવંતતાની વાત કરી જાય. સમમિતિય કે સંતુલિત આકાર સહજ સ્વીકાર્ય બને તો તેનાથી વિપરીત બાબત માનવીને ચોક્કસ દિશામાં વિચારતો કરે.

આકાર એ માત્ર દેખાવનો વિષય નથી પરંતુ તેમાં ઘણી વ્યવહારુ, તકનીકી, સાંસ્કૃતિક અને માનસિક બાબતો સંકળાયેલી છે. આકારની પસંદગીમાં કેવાં પ્રકારની ભાવાત્મક રજૂઆત જરૂરી છે તે બાબત સૌથી મહત્ત્વની બની રહે. સ્વાભાવિક છે કે આની સાથે પ્રતીકાત્મક અનુભૂતિ જોડાયેલી હોય. તે ઉપરાંત આકારની પસંદગીમાં સાંસ્કૃતિક પરંપરા, ઉપયોગિતાનો પ્રકાર, પ્રાપ્ય સામગ્રી અને તકનીક, સ્થાનિક આબોહવા, સૌંદર્ય શાસ્ત્રનાં સિદ્ધાંતો, પ્રવર્તમાન સ્થાપત્ય શૈલી, સ્થપતિની પોતાની પસંદગી તથા ભવિષ્ય માટેનાં સૂચનો, જેવી બાબતો પણ ધ્યાનમાં રાખતી હોય છે. આટલી બાબતો પણ સ્થાપત્યમાં આકારની પસંદગી માટે અપાર સંભાવનાઓ ઊભી કરી દે છે. એક મંતવ્ય પ્રમાણે સ્થાપત્યમાં આકાર કરતા રંગનું મહત્ત્વ વધુ હોય છે. અહીં એ સમજવું જરૂરી છે કે આકાર એ મૂળભૂત ઓળખ આપે અને જ્યારે રંગ 'આકર્ષણ' અને 'પકડ'ને અસર કરી શકે. જો આકાર આત્મા હોય તો રંગ પ્રભાવ છે.

મકાનના આકાર નિર્ધારણમાં ઉપયોગિતા, પરંપરાગત તથ્ય, સામગ્રી અને તકનીક, પ્રતિકાત્મક રજૂઆત, ભાવનાત્મક વિધાન ઉપરાંત જમીનનો પ્રકાર, આકાર, કદ તથા દિશા, જમીનનો ઢાળ, આસપાસની કુદરતી તેમજ માનવ નિર્મિત પરિસ્થિતિ, માળખાકીય રચના, આર્થિક પરિબળો તેમજ લાગુ પડતાં નિયમો પોતપોતાની ભૂમિકા ભજવતાં હોય છે. આકારથી યોગ્ય પ્રતીકાત્મક રજૂઆત અને ભાવનાત્મક સમીકરણની પ્રાપ્તિ ઉપરાંત મકાનની કાર્યક્ષમતા ઓછી ન થવી જોઈએ, મકાનમાં પ્રાકૃતિક પ્રકાશ અને હવાના પ્રવેશમાં બાધા ન ઊભી થવી જોઈએ, ભૂકંપ-પૂર જેવી કુદરતી આફત સામે ટકી રહેવા ઉપરાંત સામાન્ય સંજોગોમાં પણ મકાન સુરક્ષિત હોવું જોઈએ, વપરાશ સમયે ઊર્જાનો વ્યય ન થવો જોઈએ અને મકાનમાં એકંદરે વ્યક્તિને માનસિક શાંતિની અનુભૂતિ થવી જોઈએ. જરૂરી નથી કે આ બધી બાબતો સપ્રમાણસર ગોઠવાયેલી હોય. મકાનની ઉપયોગિતા અને મહત્ત્વ અનુસાર આમાંથી કેટલીક બાબતોને વધારે પ્રાધાન્ય આમ પણ અપાતું હોય છે.

સ્થાપત્યમાં એક ચર્ચા સદીઓથી ચાલી રહી છે; મકાનનો આકાર ઉપયોગિતા પ્રમાણેનો હોવો જોઈએ કે આકાર મુજબ મકાનની ઉપયોગિતા નિર્ધારિત થવી જોઈએ. જવાબ સહેલો છે. જે મકાનમાં ઉપયોગિતાનું મહત્ત્વ વધુ હોય તેમાં 'ઉપયોગિતા'ને જ મહત્ત્વ મળવું જોઈએ અને જ્યાં ભાવનાત્મક તેમજ પ્રતિકાત્મક રજૂઆતનું મહત્ત્વ હોય ત્યાં સ્થાપત્ય નિર્ધારણની શરૂઆત 'આકાર'થી થઈ શકે. ઔદ્યોગિક મકાનની રચના પૂર્વ-નિર્ધારિત આકારને આધારે ન થઈ શકે, અહીં તો કાર્યક્ષમતા અને ઉપયોગિતાનું જ અનુસરણ કરવું પડે. તેની અપેક્ષાએ જ્યારે સ્મારકની રચના કરવાની હોય ત્યારે આકારની પસંદગી શરૂઆતના તબક્કામાં જ થાય તે સ્વાભાવિક છે.

આધુનિક સ્થાપત્યમાં આકારની પસંદગી ઘણીવાર ઉગ્ર, તીક્ષ્ણ વિરોધાભાસ ઊભો કરે તેવી, આક્રમક તેમજ 'આગંતુક' સમાન હોય છે. લોકોની નજરે ચડવા માટે આ જરૂરી છે. તેનાં ફાયદા પણ છે અને ગેરફાયદા પણ, પરંતુ એકંદરે એમ કહી શકાય કે જ્યાં સામગ્રી તથા તકનીક નવીન હોય, ઉપયોગિતાનો પ્રકાર પણ નાટકીય રીતે બદલાતો હોય, માનવી તેમજ સમાજની માનસિક સ્થિતિ પણ પ્રખરતાથી બદલાતી જતી હોય ત્યારે સ્થાપત્યમાં પ્રયોજાતા આકારમાં 'ઉગ્ર' નવીનતાની આવશ્યકતા રહે.









# બાંગ્લાદેશનાં ત્રાગાં, ડીઆરસીમાં અપીલ

## જોકે આઈસીસી કહે છે કે આ મામલો ડીઆરસીના અધિકારક્ષેત્રની બહારઃ સ્કૉટલૅન્ડ સ્ટૅન્ડ-બાય પર

નવી દિલ્હીઃ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) એ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની ડિસ્પ્યુટ રિઝોલ્યુશન કમિટી (ડીઆરસી) ને પત્ર લખીને રાષ્ટ્રીય પુરુષ ટીમની ટી-૨૦ વર્લ્ડ કપ મેચ ભારતમાં યોજવાના ગવર્નિંગ કાઉન્સિલના નિર્ણયને ઉલટાવી દેવાની માગ કરી છે. જોકે, આ મામલો પેટા-સમિતિના અધિકારક્ષેત્રની બહાર હોવાથી અપીલની સુનાવણી કરવામાં આવશે નહીં. જોકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) એ સ્કોટલેન્ડને સ્ટેન્ડબાય પર રાખ્યું છે. ડીઆરસી સમિતિની અધ્યક્ષતા ઇંગ્લેન્ડના માઈકલ બેલોફ (કિંગ્સ કાઉન્સિલ) કરે છે.

બીસીબીના એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, હા, બીસીબીએ ડીઆરસીનો સંપર્ક કર્યો છે કારણ કે તે તેના તમામ વિકલ્પોનો ઉપયોગ કરવા માંગે છે. જો ડીઆરસી બીસીબી વિરુદ્ધ ચુકાદો આપે છે, તો બીજો એકમાત્ર વિકલ્પ સ્વિટ્ઝર્લૅન્ડમાં કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (સીએએસ) બાકી છે. અગાઉ, બાંગ્લાદેશની વચગાળાની સરકાર અને રમતગમત મંત્રાલયના સલાહકાર આસિફ નઝરુલે જાહેરાત કરી હતી કે બાંગ્લાદેશની ટીમ સુરક્ષાનાં કારણોસર ભારતનો પ્રવાસ કરશે નહીં.. ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) ના નિર્દેશ પર અનુભવી ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમમાંથી હટાવ્યા બાદ સમગ્ર વિવાદ શરૂ થયો હતો.

ડીઆરસીના કાર્યક્ષેત્ર અને અધિકાર ની સમીક્ષા સ્પષ્ટપણે દર્શાવે છે કે તેને આઈસીસી બોર્ડ ઓફ ડિરેક્ટર્સના કોઈપણ નિર્ણય સામે અપીલ સાંભળવાનો કોઈ અધિકાર નથી. આઈસીસી બોર્ડ ઓફ ડિરેક્ટર્સે સ્વતંત્ર સુરક્ષા મૂલ્યાંકન પછી ભારતમાં બાંગ્લાદેશની મેચોનું આયોજન કરવાના પક્ષમાં ૧૪-૨થી ભારે મત આપ્યો હતો. તે મૂલ્યાંકનમાં સુરક્ષા ખતરાને ઓછાથી મધ્યમ ગણાવ્યો હતો. આમ છતાં નઝરુલે આગ્રહ કર્યો હતો કે આ નિર્ણય સરકારે કરવાનો છે બીસીબીએ નહીં. ડીઆરસીના ''કાર્યક્ષેત્ર અને અધિકાર''ની કલમ ૧.૩ અનુસાર, ''સમિતિ આઈસીસી અથવા તેના અધિકારક્ષેત્ર હેઠળ રચાયેલી કોઈપણ નિર્ણય લેતી સંસ્થાના નિર્ણયો સામે અપીલ સંસ્થા તરીકે કાર્ય કરશે નહીં. આઈસીસી બોર્ડના એક સૂત્રએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશ ડીઆરસીનો સંપર્ક કરી શકે છે પરંતુ નિયમો મુજબ, આ મામલાની સુનાવણી થઈ શકતી નથી કારણ કે સમિતિ પાસે બોર્ડ ઓફ ડિરેક્ટર્સના નિર્ણય સામે અપીલ સાંભળવાનો અધિકાર નથી. બાંગ્લાદેશના સંભવિત રિપ્લેસમેન્ટ અંગેનો ઔપચારિક નિર્ણય શનિવાર સુધીમાં જાહેર કરવામાં આવશે.






# કિશન અને સૂર્યાની જોડીએ કિવીઓની બેન્ડ વગાડી

## ૨૦૯ રનના લક્ષ્યનો પીછો કરી રહેલી ટીમ ઈન્ડિયાએ ફક્ત ૧૫.૨ ઓવરમાં એ સિદ્ધ કર્યો

રાયપુરઃ ભારતીય ટી-૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવે ૩૭ બોલમાં ૮૨ રન ફટકારીને ફોર્મમાં એવો પાછો ફર્યો હતો કે તેણે ઈશાન કિશન (૩૨ બોલમાં ૭૬ રન) સાથે મળીને અહીં શુક્રવારે રમાયેલી બીજી ટી-૨૦માં પ્રવાસી ન્યૂ ઝીલેન્ડ ટીમની સાત વિકેટે કચડી નાખી હતી અને ત્રણ વિકેટે ૨૦૯ રન બનાવી પાંચ મેચની શ્રેણીમાં ૨-૦થી સરસાઈ મેળવી હતી.

પહેલા બેટિંગ કરતા કિવીઓએ છ વિકેટે ૨૦૮ રન બનાવ્યા હતા અને આ ટાર્ગેટ ભારતે ૨૮ બોલ બાકી હતા ત્યારે સિદ્ધ કર્યો હતો. કિશન અને સૂર્યા ઉપરાંત શિવમ દુબેએ ૧૮ બોલમાં ઝડપી ૩૬ રન ફટકાર્યા હતા.

કુલદીપ યાદવે મિડલ ઓવરોમાં બે મહત્ત્વની વિકેટ ઝડપીને ફોર્મમાં વાપસી કરી હતી, તેમ છતાં બેટિંગ માટે અનુકૂળ એવી રાયપુરની પિચ પર ન્યુઝીલેન્ડે બીજી ટી-૨૦ ઇન્ટરનેશનલ મેચમાં ૬ વિકેટે ૨૦૮ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

રચિન રવીન્દ્ર (૨૬ બોલમાં ૪૪) અને કેપ્ટન મિચલ સેન્ટનર (૨૭ બોલમાં અણનમ ૪૭) એ રમતના અલગ-અલગ તબક્કામાં ભારતીય બોલરો પર આક્રમણ કરીને ન્યૂ ઝીલેન્ડને ૨૦૦ રનનો આંકડો પાર કરાવ્યો હતો.

### ટીમમાં ફેરફાર

ઝાકળની શક્યતાને જોતા કેપ્ટન સૂર્યકુમાર યાદવે ટોસ જીતીને અપેક્ષા મુજબ ફીલ્ડિંગ પસંદ કરી હતી. ઈજાગ્રસ્ત અક્ષર પટેલ અને આરામ આપવામાં આવેલા જસપ્રીત બુમરાહના સ્થાને હર્ષિત રાણા અને કુલદીપ યાદવને ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા.

ડેવોન કોનવે (૯ બોલમાં ૧૯) અને ટિમ સેફર્ટ (૧૩ બોલમાં ૨૪) એ ન્યૂ ઝીલેન્ડને તોફાની શરૂઆત અપાવી હતી, જોકે તેઓ લાંબી ઇનિંગ રમી શક્યા નહોતા.

### અર્શદીપની ધુલાઈ

કોનવેએ ઇનિંગની પહેલી જ ઓવરમાં અર્શદીપ સિંહ પર આક્રમણ કરતા ત્રણ ચોગ્ગા અને એક છગ્ગો ફટકારી ૧૮ રન લીધા હતા. સેફર્ટે પણ અર્શદીપની બીજી ઓવરમાં ચાર ચોગ્ગા ફટકારી ફરી ૧૮ રન મેળવ્યા હતા.

હર્ષિત રાણાએ ચોથી ઓવરમાં કોનવેને આઉટ કરીને ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. કુલદીપ યાદવે ખતરનાક ગ્લેન ફિલિપ્સને ગૂગલીમાં ફસાવીને આઉટ કર્યો હતો અને ત્યારબાદ સેટ થયેલા રચિન રવીન્દ્રની પણ વિકેટ ઝડપી હતી.

૧૦ ઓવરમાં ન્યૂ ઝીલેન્ડનો સ્કોર ૧૧૧/૩ હતો, પરંતુ ભારતે વચગાળામાં રન ગતિ પર અંકુશ મેળવ્યો હતો. શિવમ દુબેએ ડેરિલ મિચલને આઉટ કરીને દબાણ વધાર્યું હતું. જોકે, કેપ્ટન સેન્ટનરે અંતિમ પાંચ ઓવરમાં આક્રમક બેટિંગ કરી ૫૭ રન ઉમેર્યા હતા, જેમાં હાર્દિક પંડ્યાની બોલિંગમાં ફટકારેલા સીધા છગ્ગાનો પણ સમાવેશ થાય છે.

### ટૂંકો સ્કોરઃ

ન્યૂ ઝીલેન્ડઃ ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૮ (રચિન રવીન્દ્ર ૪૪, મિચેલ સેન્ટનર ૪૭ અણનમ, કુલદીપ યાદવ ૩૫ રનમાં બે વિકેટ)

ભારતઃ ૧૫.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૨૦૯ (ઈશાન કિશન ૭૬, સૂર્યકુમાર યાદવ ૮૨ અણનમ)

**મહિલા પ્રીમિયર લીગ**

# રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુના વિજય રથને અટકાવવા મેદાનમાં ઊતરશે દિલ્હી કેપિટલ્સ

વડોદરાઃ દિલ્હી કેપિટલ્સે મહિલા પ્રીમિયર લીગમાં પ્લે-ઓફફમાં રેસમાં ટકી રહેવા માટે શનિવારે અહીં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) સામે શાનદાર પ્રદર્શન કરવા માંગશે. દિલ્હી કેપિટલ્સે તેની છેલ્લી મેચમાં મુંબઈ ઇન્ડિયન્સને સાત વિકેટથી હરાવીને વાપસી કરી હતી અને ચાર પોઈન્ટ સાથે ટેબલમાં ચોથા સ્થાને પહોંચી હતી.

જોકે, આ તબક્કામાં અત્યાર સુધી અજેય રહેલી આરસીબીને હરાવવા માટે દિલ્હીએ પ્રદર્શનમાં સુધારો કરવો પડશે. અત્યાર સુધી દિલ્હીના અનુભવી બેટ્સમેન લિઝેલ લી (૨૧૩ રન) લૌરા વોલ્વાર્ડ (૧૨૩ રન) અને શેફાલી વર્મા (૧૪૯ રન)એ સારું પ્રદર્શન કર્યું છે. જોકે, જેમિમાહ રોડ્રિગ્સનું ફોર્મ ચિંતાનો વિષય રહ્યું છે. રોડ્રિગ્સે મુંબઈ સામેની જીતમાં અણનમ અડધી સદી ફટકારી હતી. આરસીબી સામે તેની પાસેથી બીજી મોટી ઇનિંગની અપેક્ષા રાખવામાં આવશે. દિલ્હીએ બોલિંગમાં કેટલીક ખામીઓને પણ દૂર કરવાની જરૂર છે. અનુભવી દક્ષિણ આફ્રિકાની ફાસ્ટ બોલર મેરિઝાન કાપ (ચાર વિકેટ) પણ અત્યાર સુધી ખાસ અસર છોડી શકી નથી.

કેપ્ટન સ્મૃતિ મંધાના અને ગ્રેસ હેરિસ આરસીબી માટે સારી શરૂઆત અપાવી રહ્યા છે. નાદીન ડી ક્લાર્ક અને રિચા ઘોષે મધ્યમ અને નીચલા ક્રમમાં સારી બેટિંગ કરી રહ્યા છે. ગુજરાત જાયન્ટ્સ સામે ૭૩ રનની શાનદાર ઇનિંગ્સ રમનાર ગૌતમી નાઈક પણ આરસીબીની બેટિંગને મજબૂત બનાવી છે. ભૂતપૂર્વ ચેમ્પિયન આરસીબીની બોલરો પણ ફોર્મમાં છે. આરસીબી ૧૦ પોઈન્ટ સાથે પ્લેઓફફ માટે ક્વોલિફાય થઈ ચૂક્યું છે. ટેબલમાં ટોચ પર રહેવા અને ફાઇનલમાં સીધા સ્થાન મેળવવા માટે વધુ એક જીતની જરૂર છે.

# ગંભીર અને સૂર્યાના ઈશારે બૅટિંગમાં રોહિતની કૉપી કરું છુંઃ અભિષેક શર્મા

નવી દિલ્હીઃ ભારતના વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માએ કહ્યું કે કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન સૂર્યકુમાર યાદવના પ્રોત્સાહન બાદ તે ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા દ્વારા ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં પાવરપ્લે દરમિયાન અપનાવવામાં આવેલા આક્રમક વલણને અપનાવી રહ્યો છે. અભિષેકે જુલાઈ ૨૦૨૪માં ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું અને તેની આક્રમક બેટિંગને કારણે બેટિંગ રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચ્યો છે. અત્યાર સુધીમાં તેણે ૩૪ મેચોમાં બે સદી અને સાત અડધી સદી સાથે ૧૧૯૯ રન કર્યા છે અને તેનો સ્ટ્રાઇક રેટ ૧૯૦.૯૨ છે.

રોહિતના પ્રભાવ વિશે બોલતા અભિષેકે કહ્યું કે, ''રોહિત ભાઈએ દેશ માટે ઘણું કર્યું છે. પાવરપ્લેમાં તેઓ જે શરૂઆત અપાવે છે તે હંમેશાં વિરોધી ટીમને દબાણમાં રાખે છે. જ્યારે હું ટીમમાં આવ્યો ત્યારે કોચ અને કેપ્ટન મારી પાસેથી આ ઇચ્છા રાખતા હતા. મને લાગે છે કે તે મારી બેટિંગ શૈલીને પણ અનુકૂળ છે કારણ કે મને હંમેશાં શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરવાનો શોખ રહ્યો છે. હું રોહિત ભાઈના પગલે ચાલી રહ્યો છું અને આ રીતે રમીને અને ભારત માટે સારું પ્રદર્શન કરીને મને ખુશી મળે છે.''

અભિષેકે કહ્યું કે તેની બેટિંગમાં ચોક્કસપણે સુધારાનો અવકાશ છે પરંતુ તે પોતાની ભૂમિકા અંગે સ્પષ્ટ છે. હું એમ નહીં કહું કે હું સંપૂર્ણપણે પરિપક્વ થઈ ગયો છું કારણ કે હંમેશાં સુધારા માટે અવકાશ રહે છે. પરંતુ મને લાગે છે કે મારી ભૂમિકા પ્રથમ છ ઓવરમાં આક્રમક ક્રિકેટ રમવાની છે.

વધુમાં તેણે કહ્યું હતું કે હું તેના માટે ઘણી પ્રેક્ટિસ કરી રહ્યો છું. મને ખબર છે કે જો હું સારી શરૂઆત કરીશ અથવા શરૂઆતથી જ સારો ઇરાદો બતાવીશ તો ટીમ તે ગતિનું અનુકરણ કરી શકે છે. હું હંમેશાં તેના વિશે વિચારું છું.

ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થવામાં થોડા દિવસો બાકી હોવાથી અભિષેકે ખુલાસો કર્યો કે તેણે ટુર્નામેન્ટમાં ચોક્કસ પ્રકારના બોલરો સામે પ્રેક્ટિસ કરી છે જેનો તે સામનો કરશે. જો હું આક્રમક ક્રિકેટ રમવા માગુ છું તો મારે ચોક્કસ રીતે પ્રેક્ટિસ કરવી પડશે. મેચ પહેલા હું આવું જ કરું છું. જ્યારે મને એક અઠવાડિયા કે દસ દિવસની રજા મળે છે ત્યારે હું ધ્યાનમાં રાખું છું કે આગામી મેચોમાં હું કેવા પ્રકારના બોલરોનો સામનો કરીશ.

૨૫ વર્ષીય ખેલાડીએ સમજાવ્યું કે તે શક્ય તેટલું નેટમાં મેચ જેવી પરિસ્થિતિઓ ફરીથી બનાવવાનો પ્રયાસ કરે છે. નેટમાં હું વિરોધી ટીમ તરફથી જે પ્રકારના બોલરોનો સામનો કરવાનો છું તેનો સામનો કરવાનો પ્રયાસ કરું છું. હું તેમને આઉટસ્વિંગર્સ, ઇનસ્વિંગર્સ અને નવા બોલનો ઉપયોગ કરવાનું કહું છું. તેણે કહ્યું હતું કે, મને ખબર છે કે તેઓ મને ખૂબ ઝડપી બોલિંગ કરશે નહીં, ખાસ કરીને વર્લ્ડ કપ અથવા અન્ય કોઈપણ મેચ દરમિયાન. મેં આ અગાઉની મેચોમાં અનુભવ્યું છે તેથી મેં તેના પર કામ કર્યું છે.

**રણજી ટ્રૉફી**

# સરફરાઝ ખાને ફટકારી ડબલ સેન્ચુરી, મુંબઈની મૅચ પર પકડ

હૈદરાબાદઃ સરફરાઝ ખાનની ૨૨૭ રનની શાનદાર ઇનિંગની મદદથી રણજી ટ્રોફી એલીટ ગ્રૂપ ડી મેચમાં મુંબઈ હૈદરાબાદ સામે મજબૂત સ્થિતિમાં પહોંચી ગયું છે. બીજા દિવસની રમતના અંત સુધીમાં હૈદરાબાદે પ્રથમ ઇનિંગમાં બે વિકેટે ૧૩૮ રન કરી લીધા છે. હૈદરાબાદ હજુ પણ મુંબઈથી ૪૨૨ રન પાછળ છે. મુંબઈએ પ્રથમ ઈનિંગમાં ૫૬૦ રન કર્યા હતા.

દિવસની શરૂઆતમાં ૧૪૨ રન પર રમી રહેલા સરફરાઝે વર્તમાન સીઝનની પોતાની પ્રથમ સદીને બેવડી સદીમાં ફેરવી હતી. તેણે અનુભવી ઝડપી બોલર મોહમ્મદ સિરાજ (૧૦૬ રનમાં ૧ વિકેટ) ના નેતૃત્વ હેઠળના બોલિંગ આક્રમણનો સામનો કર્યો હતો. અજિંક્ય રહાણેના સ્થાને ટીમમાં સામેલ કરાયેલા સુવેદ પારકરે પણ તકનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો અને ૭૫ રનની ઉપયોગી ઇનિંગ રમી હતી.

જેના જવાબમાં હૈદરાબાદની શરૂઆત નબળી રહી અને તેણે ઝડપથી બે વિકેટ ગુમાવી દીધી. રાહુલ ગેહલોત (અણનમ ૮૨) અને કોડીમેલા હિમતેજા (અણનમ ૪૦) એ ત્રીજી વિકેટ માટે અણનમ સદીની ભાગીદારી કરીને ટીમને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢી હતી.

અન્ય ગ્રૂપ મેચોમાં પુડુચેરી અને જમ્મુ અને કાશ્મીર વચ્ચેની મેચ ખરાબ પ્રકાશના કારણે વહેલા અટકાવવામાં આવી હતી. પુડુચેરીના ૨૩૩ રનના જવાબમાં જમ્મુ અને કાશ્મીરે ૧૫૦ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. છત્તીસગઢે દિલ્હી પર ૧૩૫ રનની લીડ સાથે મેચ પર પોતાની પકડ મજબૂત કરી લીધી છે. દિલ્હીના ૨૧૬ રનના જવાબમાં છત્તીસગઢે તેની પ્રથમ ઇનિંગમાં બે વિકેટે ૩૫૧ રન કરી લીધા છે.

# મહિલા હોકી વર્લ્ડ કપઃ ભારતની પહેલી મૅચ આઠ માર્ચે, ઉરુગ્વે સામે

નવી દિલ્હીઃ ભારતને હૈદરાબાદમાં યોજાનારા ૨૦૨૬ એફઆઈએચ મહિલા હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં ચાર ટીમોના પૂલ-બીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભારત પોતાના અભિયાનની શરૂઆત ૮ માર્ચે ઉરુગ્વે સામે કરશે. ભારત ત્યારબાદ ૯ માર્ચે સ્કોટલેન્ડ અને ૧૧ માર્ચે વેલ્સ સામે તેની પૂલ મેચ રમશે. ઇંગ્લેન્ડ, કોરિયા, ઇટાલી અને ઓસ્ટ્રિયા પુલ-એમાં છે. સેમિફાઇનલ ૧૩ માર્ચે રમાશે, જ્યારે ત્રીજા સ્થાન માટે પ્લે-ઓફફ અને ફાઇનલ ૧૪ માર્ચે યોજાશે.

બીજી ક્વોલિફાયર ટુર્નામેન્ટ ૨૮ ફેબ્રુઆરીથી ૮ માર્ચ દરમિયાન ચિલીના સેન્ટિયાગોમાં યોજાશે, જેમાં ઓસ્ટ્રેલિયા, જાપાન, આયરલેન્ડ, ચિલી, ફ્રાન્સ, કેનેડા, મલેશિયા અને સ્વિટ્ઝરલેન્ડ ભાગ લેશે. હૈદરાબાદ અને સેન્ટિયાગોમાં ક્વોલિફાયર બંનેમાંથી ટોચની ત્રણ ટીમો ઓગસ્ટમાં બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં યોજાનારા ૨૦૨૬ એફઆઈએચ મહિલા હોકી વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરશે.

વધુમાં હૈદરાબાદ અને સેન્ટિયાગો ક્વોલિફાયરમાં બે ચોથા ક્રમે રહેલી ટીમોમાંથી ટોચની ટીમો સાતમી ટીમ તરીકે વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થશે.

આ સાત ટીમો આ વૈશ્વિક ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થઈ ચૂકેલી નવ ટીમોમાં જોડાશે. ભારત ફાઇનલમાં ચીન સામે હારી ગયા બાદ ૨૦૨૫ એશિયા કપ સુધી ૨૦૨૬ એફઆઈએચ મહિલા હોકી વર્લ્ડ કપ માટે સીધું ક્વોલિફાય કરવામાં નિષ્ફળ ગયું હતું. ચીન એશિયા કપ જીતીને સીધું ક્વોલિફાય થયું હતું જ્યારે ભારતે વર્લ્ડ કપમાં સ્થાન મેળવવા માટે ૮ થી ૧૪ માર્ચ દરમિયાન હૈદરાબાદમાં યોજાનારી ક્વોલિફાયમાં રમવું પડશે. ૨૦૨૬ એફઆઈએચ પુરુષ હોકી વર્લ્ડ કપ માટે ક્વોલિફાય પણ બે સ્થળોએ યોજાશે.

ફ્રાન્સ, આયર્લૅન્ડ, કોરિયા, વેલ્સ, સ્કોટલેન્ડ, કૅનેડા, પોલેન્ડ અને ચિલીની ટીમો ૨૮ ફેબ્રુઆરીથી ૮ માર્ચ સુધી સેન્ટિયાગોમાં ભાગ લેશે, જ્યારે ઇંગ્લેન્ડ, મલેશિયા, પાકિસ્તાન, ઇજિપ્ત, જાપાન, ઑસ્ટ્રિયા, ચીન અને અમેરિકાની ટીમો ૧ થી ૭ માર્ચ સુધી ઇજિપ્તના ઇસ્માઇલિયામાં ઉપલબ્ધ સાત સ્થળો માટે રમશે. ભારતીય પુરુષ હોકી ટીમે ૨૦૨૫ એશિયા કપ (બિહારના રાજગીરમાં) જીતીને ૨૦૨૬ એફઆઈએચ વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન પહેલાથી જ સુરક્ષિત કરી લીધું છે.

# શુભમન ગિલ ફરી નિષ્ફળ, સૌરાષ્ટ્રે પંજાબને ૧૯૪ રનથી કચડ્યું

રાજકોટઃ ભારતના સ્ટાર બેટ્સમેન શુભમન ગિલ સતત બીજી વખત નિષ્ફળ રહ્યો છે. રણજી ટ્રોફીમાં પંજાબ સૌરાષ્ટ્રના સ્પિનરો સામે ટકી શક્યું નહીં અને બીજા દિવસે ૧૯૪ રનથી હારનો સામનો કરવો પડ્યો છે. મુશ્કેલ પીચ પર ૩૨૦ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતી વખતે પંજાબ તરફથી રમતા ગિલ ૩૨ બોલમાં ૧૪ રન કરીને આઉટ થઈ ગયો હતો. જેનાથી પંજાબનો બીજો દાવ ફક્ત ૧૨૫ રનમાં જ સમાપ્ત થઈ ગયો હતો.

પ્રથમ દાવમાં પણ ગિલ શૂન્ય પર આઉટ થયો હતો. બન્ને ઈનિંગમાં તે સ્પિનર પાર્થ ભુતનો શિકાર બન્યો હતો. પાર્થે મેચમાં કુલ ૧૦ વિકેટ લીધી હતી. પ્રથમ દાવમાં ૩૩ રન કરીને પાંચ વિકેટ લેનાર પાર્થે બીજા દિવસે વધુ ઘાતક પ્રદર્શન કર્યું હતું અને ૧૦ ઓવરમાં માત્ર આઠ રન આપીને પાંચ વિકેટ લીધી હતી.

સ્પિનરોના વર્ચસ્વનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે પહેલા દિવસે ૨૩ વિકેટ પડી હતી, જ્યારે બીજા દિવસે ૧૭ બેટ્સમેન પેવેલિયન પરત ફર્યા હતા. ભુતને સાથી સ્પિનર ધર્મેન્દ્ર જાડેજાએ સારો સાથ આપ્યો હતો, જેણે ૫૫ રનમાં પાંચ વિકેટ લીધી હતી.

પંજાબ માટે કોઈ પણ બેટ્સમેન સારું પ્રદર્શન કરી શક્યો નહીં. ઉદય સહારન ૭૧ બોલમાં ૩૧ રન કરી શક્યો હતો. અગાઉ સૌરાષ્ટ્રે પાછલા દિવસથી ત્રણ વિકેટે ૨૪ રનથી શરૂઆત કરી હતી, તેણે બીજા ઇનિંગમાં વધુ સારું પ્રદર્શન કરીને ૨૮૬ રન કર્યા હતા. સૌરાષ્ટ્રે ૭૫ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી અને તેમની લીડ ફક્ત ૧૦૮ રન હતી. ત્યારબાદ નીચલા ક્રમના બેટ્સમેનોએ ટીમને મજબૂત સ્થિતિમાં લાવવા માટે સંઘર્ષ કર્યો હતો. પ્રેરક માંકડે ૪૧ બોલમાં ૫૬ રન કર્યા હતા. ભારતના ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ૪૪ બોલમાં ૪૬ રન કર્યા હતા જ્યારે ભુતે અણનમ ૩૭ અને હેત્વિક કોટકે ૩૯ રનનું યોગદાન આપ્યું હતું. સૌરાષ્ટ્રના હવે છ મેચમાં ૧૮ પોઈન્ટ છે, જ્યારે છ મેચ પછી પંજાબના ૧૧ પોઈન્ટ છે.

# પાકિસ્તાનની ટી-૨૦ ટીમમાં બાબર, શાહીન આફ્રિદીની વાપસી

કરાચીઃ પાકિસ્તાનના પસંદગીકારોએ શુક્રવારે ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝ માટે ટી-૨૦ ટીમમાં ઝડપી બોલર શાહીન શાહ આફ્રિદીને સામેલ કર્યો છે. ઘૂંટણની ઇજામાંથી આફ્રિદી સ્વસ્થ થઈને વાપસી કરી રહ્યો છે જ્યારે બિગ બેશ લીગમાંથી પરત ફરેલો બાબર આઝમ પણ ટીમમાં પરત ફર્યો છે.

ઓસ્ટ્રેલિયામાં બિગ બેશ લીગ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે આફ્રિદીને ઘૂંટણમાં ઇજા થઈ હતી અને તે લાહોરના હાઇ પર્ફોર્મન્સ સેન્ટરમાં સારવાર માટે ઘરે પરત ફર્યો હતો.

ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૮ જાન્યુઆરીએ પાકિસ્તાન પહોંચશે. એપ્રિલ ૨૦૨૨માં ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ બાદ પાકિસ્તાનની ધરતી પર આ ફોર્મેટમાં આ તેમની બીજી શ્રેણી હશે. પાકિસ્તાનના પસંદગીકારોએ હજુ સુધી વર્લ્ડ કપ માટે તેમની અંતિમ ટીમની જાહેરાત કરી નથી. દરમિયાન, અફવાઓ વહેતી થઈ છે કે પાકિસ્તાન બોર્ડ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના સમર્થનમાં ટુર્નામેન્ટમાંથી ખસી શકે છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સુરક્ષાના કારણોસર પોતાની ટીમને ભારત મોકલવાનો ઇનકાર કર્યો છે. ત્રણ મેચની ટી-૨૦ સિરીઝ ૨૯ જાન્યુઆરી, ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના રોજ રમાશે. બધી મેચ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાશે.

### પાકિસ્તાનની ટીમ

સલમાન અલી આગા (કેપ્ટન), અબરાર અહેમદ, બાબર આઝમ, ફહીમ અશરફ, ફખર ઝમાન, ખ્વાજા મોહમ્મદ નફે (વિકેટકીપર), મોહમ્મદ નવાઝ, મોહમ્મદ સલમાન મિર્ઝા, મોહમ્મદ વસીમ જૂનિયર, નસીમ શાહ, સાહિબઝાદા ફરહાન (વિકેટકીપર), સૈમ અયુબ, શાહીન શાહ આફ્રિદી, શાદાબ ખાન, ઉસ્માન ખાન (વિકેટકીપર), અને ઉસ્માન તારિક.

# વર્લ્ડ કપ પહેલા બે આફ્રિકન ક્રિકેટર ઈજાગ્રસ્ત

જહોનિસબર્ગ : ભારત અને શ્રીલંકામાં યોજાનાર આગામી ટી-૨૦ વર્લ્ડ કપની તૈયારી માટે એસએ૨૦ને એક સારા પ્લેટફોર્મ તરીકે જોવામાં આવી રહી છે, પરંતુ ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ક્રિસ મોરિસે ગુરુવારે અહીં જણાવ્યું હતું કે આ પ્રતિષ્ઠિત આઈસીસી ટુર્નામેન્ટ પહેલા ખેલાડીઓ ઘાયલ થઈ રહ્યા છે તે ''દુર્ભાગ્યપૂર્ણ'' છે. દરેક ટીમે એસએ૨૦ લીગમાં ઓછામાં ઓછી ૧૦ મેચ રમી છે જ્યારે તેના તરત જ દક્ષિણ આફ્રિકાની ટીમ વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ મેચની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી પણ રમશે. તેઓ ૯ ફેબ્રુઆરીએ કેનેડા સામે તેમના ટી-૨૦ વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત કરશે.

દક્ષિણ આફ્રિકાને તેની ૧૫ સભ્યોની ટી-૨૦ વર્લ્ડ કપ ટીમમાં બે ફેરફાર કરવાની ફરજ પડી છે. ગુરુવારે ઇજાગ્રસ્ત ટોની ડી જ્યોર્જી અને ડોનોવન ફેરેરાના સ્થાને રેયાન રિકેલ્ટન અને ટ્રિસ્ટન સ્ટબ્સને ટીમમાં સામેલ કરાયા છે. ડી જ્યોર્જીને ડિસેમ્બરમાં ભારત પ્રવાસ દરમિયાન હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી અને તે સંપૂર્ણપણે સ્વસ્થ થયો નથી જ્યારે એસએ૨૦ લીગમાં રમતી વખતે ફેરેરાના ખભામાં ફ્રેક્ચર થયું હતું.

દક્ષિણ આફ્રિકાની ટી-૨૦ વર્લ્ડ કપ ટીમના સભ્યોમાં સામેલ ડેવિડ મિલર, લુંગી એનગિડી અને ડેવાલ્ડ બ્રેવિસ પણ ઘાયલ છે. મિલર પાર્લ રોયલ્સ માટે જોબર્ગ સુપર કિંગ્સ સામે એલિમિનેટર મેચ ચૂકી ગયો હતો, જ્યારે એનગિડીએ સનરાઇઝર્સ ઇસ્ટર્ન કેપ સામે ક્વોલિફાયરમાં પ્રિટોરિયા કેપિટલ્સ માટે ફક્ત બે ઓવર બોલિંગ કરી હતી. કેપિટલ્સ માટે રમનાર બ્રેવિસને તેની મેચ-વિનિંગ ૭૫ રનની ઇનિંગ દરમિયાન આંગળીમાં પર ઇજા થઈ હતી.

# નિવૃત્તિના બે દિવસ પછી વિરાટ, સચિનના સાઇના નેહવાલને અભિનંદન

સાઇના નેહવાલ, તમારી શાનદાર કારકિર્દી બદલ અભિનંદન. તમે ભારતીય બેડમિન્ટનને વિશ્વભરમાં ઓળખ અપાવી. તમને સુખદ, સંતોષકારક અને નિવૃત્તિની શુભેચ્છાઓ. ભારતને તમારા પર ગર્વ છે.

-વિરાટ કોહલી

પ્રિય સાઇના, તમારી કારકિર્દી એ વાતનો પુરાવો છે કે મહાનતા એક દિવસમાં પ્રાપ્ત થતી નથી, પરંતુ ધીરજ, હિંમત અને દ્રઢતાથી હાંસલ થાય છે. તમે ભારતીય બેડમિન્ટનને વિશ્વ મંચ પર લઈ ગયા અને બતાવ્યું કે તૈયારી અને વિશ્વાસ સાથે મળીને કોઈ પણ રમતની દિશા બદલી શકે છે. મેડલ ઉપરાંત, તમારી સૌથી મોટી સિદ્ધિ એ છે કે તમે દેશભરના યુવા ખેલાડીઓને ખાતરી આપી છે કે વિશ્વમાં સફળતા શક્ય છે. દરેક રમતગમતની યાત્રા બદલાય છે અને જ્યારે એક તબક્કો સમાપ્ત થાય છે, ત્યારે બીજો શરૂ થાય છે. તમારો અનુભવ અને રમત પ્રત્યેનો પ્રેમ ભવિષ્યમાં ઘણા લોકોને માર્ગદર્શન આપતો રહેશે. ભારતીય રમતગમતને તમે જે કંઈ આપ્યું છે તે બદલ આભાર. આવનારી પેઢીઓ તમારામાંથી પ્રેરણા મેળવતી રહેશે.

-સચિન તેંડુલકર

સાઈના, તમને નિવૃત્તિની શુભકામનાઓ. ભારતીય બેડમિન્ટનને તમે જે કાંઈ પણ આપ્યું છે તે બદલ આભાર. તારા જીવનના આ આગામી તબક્કા માટે શાંતિ, ખુશી અને ખૂબ શુભકામનાઓ.

-પીવી સિંધુ

# અમરેલીમાં સાયબર ફ્રોડ કેસમાં ચુકાદો, નાઈજિરિયન મહિલાને સાત વર્ષની કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અમરેલીના સાયબર ફ્રોડ કેસમાં કોર્ટે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. જેમાં ઇન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવી 'સરપ્રાઈઝ ગિફ્ટ'ના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી આચરનાર નાઇજિરિયન મહિલા આરોપીને કોર્ટે સાત વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો છે. આ કેસની વિગત મુજબ જૂન ૨૦૨૩ માં ફરિયાદી પિયુષભાઈ થુંમર સાથે ઇન્સ્ટાગ્રામ દ્વારા સંપર્ક કરી નાઇજિરિયન મહિલા આરોપીએ પોતાની ઓળખ વિદેશી મિત્ર તરીકે આપી હતી. લંડનથી કિંમતી ગિફ્ટ મોકલવાની લાલચ આપી, 'સ્કાય એલિટ લોજિસ્ટિક્સ' નામની નકલી કુરિયર સર્વિસના ઈમેઈલ અને વિવિધ મોબાઈલ નંબરો દ્વારા ફરિયાદીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કસ્ટમ ડ્યુટી, ઇન્કમ ટેક્સ અને કરન્સી કન્વર્ઝન જેવા ખોટા બહાના હેઠળ ફરિયાદી પાસેથી કુલ રૂપિયા ૧૪,૦૯,૦૦૦ પડાવી લેવામાં આવ્યા હતા.

અમરેલી સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા આ કેસમાં ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવી હતી. ગુનામાં ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ તપાસીને શંકાસ્પદ મોબાઈલ નંબરોના સીડીઆર/એસડીઆર અને ગૂગલ લોગિન વિગતોના આધારે આરોપીનું લોકેશન ટ્રેસ કરાયું હતું. જેમાં ઇન્ટરનેશનલ કનેક્શન બહાર આવ્યું હતું. તપાસમાં ખુલેલું કે આરોપીએ ગુરુગ્રામ (હરિયાણા) ખાતે નકલી પાસપોર્ટ પર ટાટા પ્લે બ્રોડબેન્ડ કનેક્શન મેળવી આ કૌભાંડ આચર્યું હતું. સાયબર ટીમ દ્વારા ગુરુગ્રામથી આરોપીની ધરપકડ કરીને તેની પાસેથી છ મોબાઈલ ફોન, ૧ લેપટોપ અને ૨ બોગસ પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ ફોરેન્સિક સાયન્સ લેબ ગાંધીનગરના રિપોર્ટ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ તેમજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ જેવી સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કરી સાબિત કરવામાં આવ્યું કે આરોપી દ્વારા અપાયેલા તમામ દસ્તાવેજો નકલી હતા.

અમરેલી કોર્ટે કેસમાં મહત્ત્વનો આદેશ આપ્યો, જેમાં આરોપીને સાત વર્ષની સાદી કેદ અને દંડ ફટકારવામાં આવ્યો છે. જેમાં રજૂ કરાયેલા ૧૧ સાક્ષીઓ અને ૧૪૨ દસ્તાવેજી પુરાવાઓ તેમજ એનસીઆરબીના ડેટા સાથેની ધારદાર રજૂઆતના આધારે અદાલતે આ કડક સજા ફટકારી છે.

# શ્વાનના આંતક સામે અમરેલી નગરપાલિકા એક્શન પ્લાન, ૧૬૦૦ જેટલા શ્વાનોનું રસીકરણ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી શહેરમાં શ્વાનના આંતક બાદ અમરેલી નગરપાલિકા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. ૧૬૦૦ જેટલા શ્વાનોનું ભાવનગરની વેટનરી તબીબોની ટીમ દ્વારા રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું. મળતી જાણકારી પ્રમાણે ખાસ કરીને ૧૦ વિસ્તારોમાં શ્વાનનો વધુ આંતક હતો તે વિસ્તારમાં શ્વાનને હડકવા વિરોધી રસી આપવાની કામગીરી શરૂ કરાઈ હતી.

અમરેલી શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી શ્વાનનો આતંક વધી ગયો હતો. ૫૦થી વધારે લોકોને શ્વાને બચકા ભર્યા હતા જેને પગલે અમરેલી નગરપાલિકા દ્વારા એક્શન પ્લાન કરવામાં આવ્યો હતો. અમરેલી શહેરના અલગ અલગ વિસ્તારમાં ૧૬૦૦ થી વધારે શ્વાનને રસીકરણ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. આ કામગીરી ભાવનગરની વેટનરી તબીબોની ટીમને સોંપવામાં આવી હતી. જે ૧૦ વિસ્તારમાં શ્વાનનો આંતક હતો તે વિસ્તારમાં હડકવા વિરોધી રસી આપવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે અમરેલી શહેરમાં ૧૦ વિસ્તારોની અંદર ૬-૬ લોકોની બે ટીમો બનાવવામાં આવી હતી. આ ટીઓ દ્વારા અમરેલી શહેરમાં વેક્સિનેશનની કામગીરી કરવામાં આવશે, એમ અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર વિનોદ રાઠોડે જણાવ્યું હતું.

# દેવભૂમિ દ્વારકામાં સૂર્ય કાચબાની લે-વેચ, ૧૨ સ્ટાર ટર્ટલ સાથે આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડમાંથી ૧૨ સ્ટાર ટર્ટલ (સૂર્ય કાચબા) સાથે યુવકની ધરપકડ કરવામાં આવી હતી. અર્જુન વિજયભાઇ ભગાણી નામનો યુવક ગેરકાયદે રીતે સ્ટાર ટર્ટલ સૂર્ય કાચબાનું વેંચાણ કરતો હતો. જેથી તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

આરોપી રાતોરાત અમીર બનવાના સપના જોતો હતો, અને આ માટે અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિના નામે વન્ય પ્રાણીઓની ગેરકાયદે હેરાફેરી કરતો હોવાની દ્વારકા એસઓજી પોલીસને બાતમી મળી હતી. જેથી એસઓજીએ કાર્યવાહી કરી અને આરોપીને ઝડપી પાડ્યો હતો. આ સાથે આરોપી સામે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ સંરક્ષિત સ્ટાર ટર્ટલ' (સૂર્ય કાચબા) ગેરકાયદે રીતે રાખવા પર ગુનો પણ નોંધ્યો હતો. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે આરોપી તાંત્રિક વિધિના નામે એક સૂર્ય કાચબો ૫ થી ૭ લાખમાં વેંચાણ કરતો હતો. એસઓજી પોલીસ દ્વારા તમામ કાચબાઓ સાથે યુવકને પણ ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવ્યો હતો.

સ્ટાર ટર્ટલ જેને સૂર્ય કાચબો કહેવામાં આવે છે તેનો ભારત સરકારે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ - ૧૯૭૨ હેઠળ શેડ્યૂલ-આઈમાં સમાવેશ કર્યો છે. જેથી સ્ટાર ટર્ટલ એટલે સૂર્ય કાચબો એ સંરક્ષિત પ્રજાતિ છે. જેથી આ કાચબાને પકડવો, રાખવો, વેચવો કે પછી ખરીદવો એ ગુનો છે, તેના માટે સજા અને દંડની પણ જોગવાઈ છે.

# અમિત ખૂંટ આપઘાત કેસમાં રાજદીપસિંહ જાડેજાના જામીન મંજૂર, ૮૪ દિવસ બાદ જેલમુક્ત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલના ખૂબ ચર્ચિત અમિત ખૂંટ આપઘાત કેસમાં મુખ્ય આરોપી રાજદીપસિંહ જાડેજાને ગોંડલ કોર્ટે જામીન આપી દીધા છે. આ નિર્ણય બાદ રાજદીપસિંહ ૮૪ દિવસના જેલવાસ બાદ મુક્ત થશે. રીબડાના અમિત ખૂંટ આપઘાત કેસમાં રાજદીપસિંહ જાડેજા ઘણા સમયથી જેલમાં હતા. ગુનો નોંધાયા બાદ લગભગ છ મહિના સુધી રાજદીપસિંહ ફરાર રહ્યો હતો. તેણે હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી, પરંતુ રાહત ન મળતા આખરે ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ તેમણે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યું હતું.

આત્મસમર્પણ બાદ પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં તેમને ૧૩ નવેમ્બરના રોજ જૂનાગઢ જેલ હવાલે કરાયો હતો. ગોંડલની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટના જજ એચ.એ. ત્રિવેદી સમક્ષ જામીન અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી.

આ કેસમાં ફરિયાદ પક્ષે સ્પેશ્યલ પીપીની નિમણૂક કરી હતી, જ્યારે બચાવ પક્ષે મજબૂત દલીલો રજૂ કરી હતી. પોલીસ તપાસના કાગળો અને પુરાવાઓની ચકાસણી કર્યા બાદ, કોર્ટે બચાવ પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી રાજદીપસિંહ જાડેજાના જામીન મંજૂર કર્યા છે. કોર્ટે અરજદાર/આરોપીને કડક શરતો સાથે જામીન મુક્ત કરવાનો આદેશ કર્યો હતો.

આરોપી પુરાવા સાથે કોઈ પણ પ્રકારની છેડછાડ કરી શકશે નહીં, સાક્ષીઓને ફોસલાવી કે ડરાવી શકશે નહીં. જામીન મુક્ત થયા બાદ ૦૧/૦૪/૨૦૨૬ સુધી રાજકોટ જિલ્લાની હદમાં જ રહેવું પડશે. કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજ્ય બહાર જવા પર પ્રતિબંધ, જો આરોપી પાસે પાસપોર્ટ હોય તો તે સાત દિવસમાં કોર્ટમાં જમા કરાવવો પડશે. જો ન હોય, તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું પડશે. ટ્રાયલ દરમિયાન નિયમિત હાજર રહેવું પડશે. પોતાના રહેઠાણ અને મોબાઈલ નંબરની વિગતો લેખિત સોગંદનામા દ્વારા કોર્ટ અને પોલીસ તપાસ અધિકારીને આપવાની રહેશે.

# જદુરા ગામમાં શંકાશીલ પત્નીનું કુહાડી વડે ઢીમ ઢાળી દેનારા પતિને આજીવન કેદ, બે લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એકાદ વર્ષ અગાઉ ભુજ તાલુકાના જદુરા ગામની સીમમાં લાકડાં કાપતી વેળાએ પરસ્ત્રી સાથે ફોન પર વાત કરી રહેલા પતિ સિધિક ઉમર થેબા અને તેની પત્ની મુમતાજ વચ્ચે વિવાદ થતાં ઉશ્કેરાટમાં આવી ગયેલા સિધિકે ક્રૂરતાપૂર્વક કુહાડીના ઉપરાઉપરી ઘા મારીને પુત્રી મહેકની નજર સામે જ મુમતાજની કરપીણ હત્યા કરી હતી એ કેસમાં આરોપી સિધિકને અધિક સેશન્સ જજે આજીવન કેદ અને બે લાખનો દંડ ફટકારતો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો. જે-તે સમયે પંથકમાં ચકચાર જગાવનારા આ બનાવમાં આરોપી સિધિકની માનકૂવા પોલીસે ધરપકડ કરી લીધી હતી અને ચાર્જશીટ નામદાર અદાલત સમક્ષ દાખલ કરી હતી. છઠ્ઠા અધિક સેશન્સ જજ વી.એ. બુદ્ધાની અદાલતમાં આ કેસ ચાલી જતાં ફરિયાદ પક્ષે ૨૭ દસ્તાવેજી પુરાવા તથા આઠ સાક્ષી તપાસાયા હતા. હત્યાની ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (૧) મુજબ આરોપી સિધિકને તકસીરવાન ઠેરવી આજીવન સખત કેદની સજા અને રૂ. બે લાખનો દંડ અને જો આરોપી દંડ ન ભારે કરે તો વધુ ત્રણ વર્ષની સખત કેદનો હુકમ આપ્યો હતો. આ કેસમાં ફરિયાદ પક્ષ તરફે અધિક જિલ્લા સરકારી વકીલ સુરેશ એ. મહેશ્વરીએ હાજર રહીને કોર્ટરૂમમાં અસરકારક દલીલો કરી હતી.

# બગદાણા કોળી યુવાન હુમલા પ્રકરણે ભાવનગરમાં કોળી સમાજનું મહા સંમેલન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ બહુ ચર્ચિત બગદાણા આશ્રમના સેવક નવનીત બાલધિયા પર થયેલા હિચકારા હુમલાને પગલે રોષે ભરાયેલો કોળી સમાજ હવે લડી લેવાના મૂડમાં છે. નવનીત બાલધિયાને ન્યાય મળે તે માટે ભાવનગરમાં પહેલી ફેબ્રુઆરીએ મહાસંમેલન બોલાવવામાં આવ્યું છે. જેમાં કોળી સમાજના તમામ આગેવાનો સહિત તમામ લોકોને મોટી સંખ્યામાં જોડાવા માટે હાકલ કરવામાં આવી છે. આ હુમલામાં ભોગ બનનારા નવનીત બાલધિયા દ્વારા વીડિયો સંદેશ મારફતે લોકોને આહવાન કરવામાં આવ્યું છે. જેમાં નવનીત બાલધિયાએ જણાવ્યું હતું કે, આગામી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ભાવનગર શહેરમાં ભાવનગરમાં ન્યાય સભા યોજાવા જઈ રહી છે. જેમાં તમામ કોળી બંધુઓએ હાજર રહેવું જરૂરી છે. નવનીત બધાલિયાએ કોળી સમાજના યુવાનો, મહિલાઓ અને વડીલોને પણ મહાસંમેલનમાં હાજર રહેવા વિનંતી કરી છે. ગત ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ આઠ જેટલા ઈસમોએ નવનીત બાલધિયા પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલા પાછળ માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરની સંડોવણી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ બનાવ અંગે પોલીસે ૧૧ શખ્સોને ઝડપી લીધા છે.

# જયંતી ભાનુશાલી હત્યાકાંડમાં સાત વર્ષે આરોપી બનાવાયેલા મનજી બાપુને ૨૨ના બદલે હવે ૨૭મી જાન્યુઆરીના હાજર થવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાજપના અગ્રણી નેતા અને અબડાસા વિસ્તારના માજી ધારાસભ્ય જયંતીભાઈ ભાનુશાલીના ચકચારી હત્યા કેસના છેક સાત વર્ષ બાદ આરોપી તરીકેની ભૂમિકામાં મૂકવામાં આવેલા રાતા તળાવ પાંજરાપોળ અને ઓધવરામ સત્સંગ મંડળના સ્થાપક એવા મનજી ખેતશી ભાનુશાલી ઊર્ફે મનજી બાપુને, રાજ્યની નામદાર વડી અદાલત દ્વારા સતત બીજી વાર આંશિક રાહત આપી, આગળની કાર્યવાહી ૨૭મી જાન્યુઆરી ઉપર મુકરર કરવામાં આવી હતી.

ચાલતી ટ્રેનમાં ભાજપના પીઢ નેતાની બંદૂકના ભડાકે કરી દેવામાં આવેલી હત્યાના કેસમાં ફરિયાદી એવા સુનીલ ભાનુશાલીની સુનાવણી દરમિયાન જુબાની અને તેમના દ્વારા અપાયેલી અરજી અન્વયે થોડા દિવસો પહેલાં ભચાઉ સ્થિત જિલ્લા અદાલતે મનજીભાઈ ભાનુશાલીને આરોપી તરીકે ઠરાવીને તેમને ટ્રાયલ ફેસ કરવાનો આદેશ કર્યો હતો. આ હુકમને હાઈ કોર્ટ સમક્ષ પડકારાતાં ન્યાયાધીશ પી.એમ. રાવલે આંશિક રાહત આપતો આ હુકમ કર્યો હતો. ભચાઉ જિલ્લા અદાલતે આગામી તારીખ ૧૯મી જાન્યુઆરીના રોજ મનજી ભાનુશાલીને હાજર થવા આદેશ કર્યો હતો, જ્યારે હાઈ કોર્ટે અરજીની સુનાવણીમાં ૧૯ તારીખની હાજરીમાં રાહત આપી અરજીની આગળની સુનાવણી તા. ૨૨મી ઉપર નિર્ધારિત કરી હતી. ત્યારબાદ સુનાવણીમાં વધુ રજૂઆત માટે માગણી કરાતાં હાઈ કોર્ટના ન્યાયાધિશ પી.એમ. રાવલે આગામી તારીખ ૨૭મીના વધુ સુનાવણી નિયત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જયંતીભાઈ ભાનુશાલીની ગત જાન્યુઆરી, ૨૦૧૯માં સયાજી એક્સપ્રેસ ટ્રેનમાં બે શાર્પશૂટરો દ્વારા બંદૂકના ભડાકે હત્યા કરી દેવાના, રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા પ્રકરણમાં જે-તે સમયે અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને ભાનુશાલીના રાજકીય હરીફ છબીલ પટેલ, તેમના પુત્ર સિદ્ધાર્થ પટેલ, જેન્તી ઠક્કર, સુરજીત પરદેશી (ભાઉ) અને મહારાષ્ટ્રના શાર્પશૂટરો સહિત પકડાયેલા ૧૨ આરોપી સાત વર્ષના ગાળામાં જામીન પર મુક્ત થઈ ગયાં છે, અલબત્ત, હત્યાના અન્ય એક બનાવમાં મહારાષ્ટ્રની પુણેની યરવડા જેલમાં સજા કાપી રહેલા બે પૈકીના એક શાર્પ શૂટર એવા વિશાલ નાગનાથ કાંચબલેની અન્ય બંદિવાનોએ હત્યા કરી નાખી હતી, જયારે ભાનુશાલીની હત્યાના એક વર્ષ બાદ ગુનાની તપાસ કરતી રેલવે અને સીઆઈડી ક્રાઈમની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે સમન્સ પાઠવીને અમદાવાદ સ્થિત કચેરીએ મનજી ભાનુશાલીની મેરેથોન પૂછપરછ બાદ જવા દીધા હતા. આ પરિસ્થિતિ વચ્ચે ભાનુશાલી હત્યા કેસના મુખ્ય ફરિયાદી અને મૃતક ધારાસભ્યના ભત્રીજા એવા સુનિલ ભાનુશાલી દ્વારા ભચાઉની સેશન્સ અદાલત સમક્ષ ભાનુશાલી સમાજના અગ્રણી મનજી બાપુને આરોપી બનાવવા માટે અરજી દાખલ કરાઈ હતી. માત્ર શંકા અને કેટલીક ત્રુટિઓના આધારે ટ્રાયલ કોર્ટે અરજદારને આરોપી તરીકે ઉમેર્યા હોવાનું જણાય છે તેવું હાઈ કોર્ટે નોંધ્યું હતું.

# અંજારમાં થયેલી રૂ.૧૦.૫૯ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો : બે કિશોર સહિત ચાર તસ્કરો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અંજારના જૈન કોલોની વિસ્તારમાં આવેલા એક ધારાશાસ્ત્રીના મકાનમાંથી ધોળા દિવસે રૂ. ૧૦,૫૯,૦૦૦ની ચોરી કરવાના પ્રકરણમાં પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોર સહિત ચાર શખ્સને પકડી પાડ્યા હતા. અંજારની જૈન કોલોનીમાં રહેતા પારસ લક્ષ્મણ મૂલચંદાણી નામના ધારાશાત્રીનાં ઘરમાંથી તસ્કરોએ ચોરી કરી હતી. ફરિયાદી ઑફિસે હતા, સંતાન શાળાએ, જ્યારે તેમના પત્ની જીમમાં ગયા હતા તે વેળાએ પાછળના દરવાજાની કડી તોડી અંદર ઘૂસેલા કિશોરોએ અંદરથી રોકડ રૂપિયા તથા દાગીના એમ કુલ રૂ. ૧૦,૫૯,૦૦૦નો હાથ માર્યો હતો. ચોરીના આ બનાવને પગલે સક્રિય થયેલી પોલીસે ૨૫ સ્ટાફની નવ ટુકડી બનાવી હતી. આ ટુકડીએ અંજાર શહેર, અંજારથી ગળપાદર જતા ધોરીમાર્ગ, ચુંગી નાકાથી મોડવદર ત્યાંથી પરત ચુંગી નાકા સહિતના અંદાજે ૩૫૦ જેટલા ખાનગી, સરકારી સી.સી.ટી.વી.ના ફૂટેજની તપાસ કરી આરોપીઓને શોધવામાં સફળતા મેળવી હતી.

આ બનાવને અંજામ આપનાર શખસો સ્કૂટર પર અંજાર-આદિપુર-શિણાય ત્રણ રસ્તાથી પસાર થઇ મુદ્દામાલ સગેવગે કરવા કે વેચવા જઇ રહ્યા હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી, ખોડિયાર નગર ગાંધીધામ મૂળ ડિસા-બનાસકાંઠાના અજય પોપટ દેવીપૂજક, મુકેશ વિનોદ દેવીપૂજક તથા કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોરને ઝડપી પાડયા હતા. આ શખસો વાહનમાંથી બે કિશોરોને રસ્તામાં ઉતારી દેતાં હતા અને જમવાનું માગવા કે ભંગાર વીણવાના બહાને સોસાયટીઓમાં ફરી બંધ મકાનની રેકી કરતા હતા અને મકાન બંધ દેખાય તો ગમે તે રીતે મકાનમાં ઘૂસી, થોડા જ કલાકોમાં જે હાથમાં આવ્યું તે લઇને નીકળી જતા હતા. બાદમાં અજય, મુકેશ સાથે ચોરાઉ યામાહા ફસીનો સ્કૂટર પર નીકળી જતા હોવાનું પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું હતું. ધારાશાસ્ત્રીના બંધ ઘરમાં પણ દિવસ દરમ્યાન આ મોડ્સ ઓપરેન્ડી વડે ચોરી કરવામાં આવી હતી.

પકડાયેલા આ શખ્સો પાસેથી સોનાંની બૂટ્ટી, પેન્ડલ સેટ, સોનાંની ચેઇન, સોનાંનો ડાયમંડવાળો કડો, કલકતી કડો, સોનાંનો હાર, સોનાંની બંગડી, મંગળસૂત્ર, સોનાની પોંચી,ચાંદીની થાળી, વાટકી, ચમચી સેટ, કપ, ગ્લાસ,બિસ્કિટ, સિક્કા, ગણપતિ, ઝાંઝરી, અંબે માની મૂર્તિ, જૂના વાસણ, જૂના દાગીના, રોકડ રકમ ૧,૧૩,૫૦૦, ફસીનો સ્કૂટર કુલ રૂ. ૮,૭૧,૪૯૨નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આ આરોપીઓએ અગાઉ અંતરજાળના ઘનશ્યામ નગરમાં બાબુ હમીર આહિરના મકાન નંબર ૪૭માં ખાતર પાડીને રૂ.૭,૪૦,૦૦૦ની માલમતાની ચોરી કરી હતી. આરોપીઓને રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાશે તેમ અંજાર પી.આઇ. એ.આર. ગોહિલે જણાવ્યું હતું.

# ભાવનગરમાં દારૂની ૧૧૧૫ બોટલ સાથે એક મહિલા સહિત ત્રણ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના મંત્રેશથી અખીલેશ સર્કલ જતા રસ્તેથી સોનગઢના શખ્સે મગાવેલો દારૂ લઈ જવાઈ રહ્યો હતો, પેરોલ ફર્લો સ્ક્વૉર્ડે કુલ રૂ.૧૦.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. માહિતી મુજબ ભાવનગર શહેરના રિંગરોડથી મંત્રેશ કોમ્પ્લેક્સ થઈ અખીલેશ સર્કલ તરફ ઈંગ્લિંશ દારૂનો જથ્થો ભરીને એક કાર જતી હોવાની અને અન્ય એક કાર દ્વારા પાયલોટિંગ કરવામાં આવી રહ્યું હોવાની ગત મોડી રાત્રિના પેરોલ ફર્લો સ્ક્વૉર્ડને બાતમી મળતા પેરોલ ફર્લો સ્ક્વૉર્ડે વોચ ગોઠવી હતી. જે દરમિયાન બે કારની તલાશી લેતા કારની ડિકીમાંથી રૂ. ૨.૭૧,૭૨૦ની કિંમતની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૧૧૧૫ બોટલ કાર અને મોબાઈલ મળી કુલ રૂ.૧૦,૮૮,૭૨૦ના મુદ્દામાલ સાથે નરેશ ઉર્ફે નરીયો હિંમતભાઈ પાટડીયા (રહે. માર્કેટિંગ યાર્ડ પાસે, ભાવનગર) અને જયભગવાન રાજન સોનુ (રહે. રોહતક)ને ઝડપી લીધાં હતા. જ્યારે કનિકા ભૈરવદત્ત જોષી (હાલ રહે. દિલ્હી, મૂળ રહે.હલ્દાની, ઉત્તરાખંડ)ને રાત્રિનો સમય હોવાથી સવારે પેરોલ ફર્લો સ્ક્વૉર્ડની ઓફિસે હાજર રહેવા સમજ કર્યા બાદ પકડાયેલા ઈસમ નરેશને દારૂના જથ્થા અંગે પૂછપરછ કરતા દારૂનો આ જથ્થો મહેશ ઉર્ફે મયલો ધરમશીભાઈ પરમાર (રહે.સોનગઢ)એ મંગાવ્યો હતો અને તેને પાયલોટિંગ કરી જ્યાં કહે ત્યાં પહોંચાડવા જણાવ્યું હતું. આ મામલે પેરોલ ફર્લો સ્ક્વૉર્ડે ઘોઘા રોડ પોલીસ મથકમાં ચારેય શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામમાં દબાણ હટાઓ ઝુંબેશ યથાવત્ઃ રામદેવપીરથી હનુમાન મંદિર સુધીના વિસ્તારમાં ૧૮૨ અતિક્રમણો દૂર કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ સંકુલમાં મહાનગરપાલિકા દ્વારા છેડવામાં આવેલી મેગા ડિમોલિશન ડ્રાઈવ ફરી આગળ વધી છે અને શહેરના અત્યંત વ્યસ્ત રામદેવપીર મંદિરથી હનુમાન મંદિર સુધીના વિસ્તારમાં પેયજળની મુખ્ય એક્સપ્રેસ લાઈન પરના ૧૮૨ જેટલાં અતિક્રમણોને સમય મર્યાદા પૂર્ણ થતાં હેવી મશીનરી વડે દૂર કર્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, નોટિસનો સમય પૂર્ણ થતાં નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય રામાનુજ, દબાણ હટાવ ઇસ્પેક્ટર ગાયત્રી પ્રસાદ જોશી, લક્ષ્મણ બુચિયા, વિનોદ મહેશ્વરી, સહિતના અધિકારીઓ-કર્મચારીઓએ ચુસ્ત પોલીસ બંધોબસ્ત સાથે પાણીની લીકેજ લાઈન પરના દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી અને કાચા પાકા તેમ જ વાણિજ્ય સહિત કુલ ૧૮૨ દબાણોને દૂર કર્યા હતા.

દબાણ હટાવ ઇન્સ્પેક્ટર ગાયત્રી પ્રસાદ જોશીએ જણાવ્યું હતું કે, રામબાગ પાણીના ટાંકાથી સુંદરપુરી પાણીના ટાંકા સુધી આ એક્સપ્રેસ લાઈન લીકેજના કારણે પાણીનો વેડફાટ થતો હતો રસ્તાને પણ વ્યાપક નુકસાન પહોંચી રહ્યું હતું.

લાઈન પર દબાણ હોઈ, રિપેરિંગ કરવામાં મુશ્કેલી નડતી હતી. ત્રણ તબક્કામાં લગભગ ૪૦૦ જેટલાં દબાણો દૂર કર્યા છે અને હવે અંતિમ તબક્કામાં ખોડિયાર નગર સુધીના તમામ દબાણો દૂર કરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા માર્ગની મરામત અને લાઈનોમાં રહેલા લીકેજો દૂર કરવા માટે દબાણ ઉપર કાર્યવાહી કરવામાં આવી હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

## ભાવનગરના વલ્લભીપુર ખાતે કૌશિકભાઇ વેકરીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાશે

ભાવનગરઃ જિલ્લામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને વલ્લભીપુર ખાતે કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વનો જિલ્લા કક્ષાનો મુખ્ય સમારોહ તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ (સોમવાર)ના રોજ સવારે ૯:૦૦ કલાકે વલ્લભીપુરની ગંભીરસિંહજી હાઈસ્કૂલની પાછળના મેદાન ખાતે યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાષ્ટ્રભાવના જગાડતી રજૂઆતો યોજાશે. ઉપરાંત, રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ અને જિલ્લાની વિવિધ ક્ષેત્રે ઉત્તમ સેવા આપનાર વ્યક્તિઓ/સંસ્થાઓને સન્માનિત કરવાની પણ આયોજનબદ્ધ વ્યવસ્થા રાખવામાં આવી છે.

આ રાષ્ટ્રીય પર્વની ગૌરવમય ઉજવણીમાં ઉત્સાહભેર સહભાગી થવા જિલ્લા નાગરિકોને નિવાસી અધિક કલેક્ટર, ભાવનગર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## નાઇટ્રો-બેન્ઝીન નામનું ઝેરી ખાતર પી જનાર યુવકનો ભુજની અદાણી ગેઇમ્સ જી.કે.જનરલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ જીવ બચાવ્યો

ભુજઃ 'નાઇટ્રો-બેન્ઝીન' નામના ખાતરમાં નાખવાના પ્રવાહીને અગમ્ય કારણોસર પી લેવાથી હૃદય, ફેફસાં અને કિડનીને ગંભીર અસર થવાની સાથે બેશુદ્ધ હાલતમાં ભુજની અદાણી સંચાલિત ગેઇમ્સ જી.કે. જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયેલા યુવાનને મેડિસિન, નેફ્રોલોજિસ્ટ વિભાગના સંયુક્ત પ્રયાસ તેમજ વેન્ટિલેટરની સઘન સારવારના અંતે બચાવી લેવાયો હતો. આ અંગે મેડિસિન વિભાગના વડા ડો. દેવિકાબેન ભટ્ટે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ઝેરી દવા પી જનારા ૩૦ વર્ષીય યુવકને ઈમર્જન્સીમાં સારવાર માટે લાવવામાં આવ્યો હતો. ઝેરના દુષ્પ્રભાવથી તેના હાથ, પગ, હોઠ, જીભ બ્લુ રંગના થઇ ગયા હતા. સાથે ઓક્સિજનનું સ્તર માત્ર ૬૦% જ હોવાથી તેને વેન્ટિલેટર ઉપર મૂકવામાં આવ્યો હતો. સિનિયર રેસિડેન્ટ ડો. બ્રિજેશ બ્રહ્મભટ્ટના જણાવ્યા પ્રમાણે, દર્દીને ઝેરની અસર વધુ વ્યાપક બને એ અગાઉ જીવલેણ પોઇઝનને શરીરમાંથી નિકાલ કરવાના કાર્યના ભાગરૂપે ઝેરના પ્રતિકાર માટે સંપૂર્ણ સાવચેતી સાથે યોગ્ય માત્રામાં 'મિથિલિનબ્લ્યુ' આપવામાં આવ્યું હતું. ખાતરની દવાની વધુ ગંભીર અસર યુવકની કિડની ઉપર પણ પહોંચી હોવાથી હોસ્પિટલના નેફ્રોલોજિસ્ટ ડો.હર્ષલ વોરાના માર્ગદર્શન હેઠળ ડાયાલિસીસ પણ કરાયું હતું.